વર્ષ : ૪૦ ◆ અંક : ૭
જુલાઈ - ૨૦૧૬


Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર

સદ્ગુરુ ચરણં અશરણ શરણં,
ભ્રમ આતપહર રવિશશી કિરણં,
જયવંત યુગલપદ જય કરણં,
મમ સદ્ગુરુ ચરણ સદા શરણં.




અપ્રમત્ત યોગીશ્વર

## શ્રી કુંદકુંદાચાર્ય

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# શ્રી સદ્ગુરુ માહાત્મ્ય



- સૂની સિતારને આપે રાગ આપ્યો છે,
  વેરાન રણને આપે બાગ આપ્યો છે;
  ઉપકાર આપનો શે ભૂલીએ ગુરુવર !
  આપે અમને સન્માર્ગ આપ્યો છે.
- સદ્ગુરુ મિલા તો સબ મિલા, નહિતર મિલા ન કોઈ,
  માત, તાત, અરુ સ્નેહીજન, સો તો ભવોભવ હોય.
- એક વચન સદ્ગુરુ કેરું, જો બસેં દિલમાંય,
  નરક નિગોદમાં તે નવિ જાય, એમ કહે જિનરાય.
- ગુરુભક્તિ મારું જ્ઞાન છે, ગુરુભક્તિ મારું ધ્યાન,
  દર્શન મારું ગુરુભક્તિ છે, ભક્તિ બનાવે ભગવાન.
- હરિસેવા સોલહ વરસ, ગુરુસેવા પલ ચાર,
  તો ભી ન હોત બરાબરી, વેદન કિયો વિચાર.
- ગુરુ વહ વિદ્યાલય હૈ, જહાં આનેવાલે કુછ ન કુછ પાતે હૈ,
  ઇનકે દર્શન-વંદન-પ્રવચન સે વ્યક્તિ કા આલોક ઔર પરલોક સુધર જાતા હૈ.
- ગુરુતત્વ જગ મેં અણમોલ, બંધનમુક્તિ કા દેતા હૈ કોલ,
  માનવ અપના અંતર ખોલ, તેરી સમસ્યા હો જાયેગી સોલ.
- ગુરુદેવ તમારી ગરવી છે ગરિમા, કહ્યો ન જાય ગુરુતત્વનો મહિમા,
  શબ્દોને હોય છે સદાય સીમા, મારા અંતરના ભાવ છે અસીમા.
- તુલસી આ સંસારમાં પંચરત્ન હૈ સાર; સંતસમાગમ, હરિભજન, દયા, દાન, ઉપકાર.
- સંતમિલન કો જાઈએ, તજ માન મોહ અભિમાન; જ્યું જ્યું પાંવ આગે ચલે, કોટિ અજ્ઞ સમાય.
- સંત બડે પરમારથી, શીતલ વાકો અંગ; તપત બૂઝાવત ઔર કી, દે દે અપનો રંગ.
- સાત સમુંદર કી મસિ કરું, લેખની કરું વનરાઈ;
  સબ ધરતી કાગજ કરું, ગુરુ ગુણ લિખા ન જાય.
- विषयाशावशातीतो निरारंभोऽपरिग्रहः
  ज्ञान ध्यान तपो रक्तः तपस्वी सः प्रशस्यते ॥
- ગુરુના વચનો ભયંકર મોહરૂપ અંધકારને દૂર કરવા સૂર્યના કિરણો સમાન છે. તે કૃપાના સાગર, નરરૂપે હરિ સ્વરૂપ ગુરુના ચરણકમળમાં હું વંદન કરું છું.
- શ્રી ગુરુના ચરણકમળની રજ મનરૂપી સુંદર દર્પણનો મેલ દૂર કરનાર છે.
- જો ગુરુવાણી સુને, ગુરુ સ્પર્શ જો થાય; જો ગુરુની અમી મળે, તો પારે બેડો થાય.
- કર ગુરુ કા સંગ અભી સે પ્યારે, નહિ તો ફિર પછતાના હૈ,
  ખિલા ખિલાકર દેહ બઢાયી, વહ ભી અગ્નિ મેં જલાના હૈ.
- મોટામાં મોટો ગણાયો, ગુરુ તણો મહિમાય; સદ્ગુરુને ઉરથી સેવતાં, ખરો ઇશ ઓળખાય.
- ગુરુજી ઐસા ચાહિયે, જૈસો પૂનમચંદ; તેજ દિયે તપે નહિ, ઉપજાવે આનંદ.

-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭ ૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂ. ૪૦૦

આજીવન રૂ. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220


# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) સત્પુરુષની શોધ .......... પૂ.શ્રી આત્માનંદજી ..... ૬

(૩) જેટલી બહાર ગતિ, એટલી ઝડપી દુર્ગતિ .... ...................... ડૉ. કુમારપાળ દેસાઈ .... ૧૦

(૪) સમાધિતંત્ર-અમૃતરસપાન . પ્રા.ચંદાબહેન પંચાલી .... ૧૨

(૫) શ્રી દર્શનસ્તુતિ-એક અનુચિંતન..પૂજ્ય બહેનશ્રી ... ૧૬

(૬) પુસ્તક સમાલોચના ...... શ્રી મિતેશભાઈ શાહ .... ૧૭

(૭) શ્રી આનંદઘન ચોવીશી ...શ્રી અશોકભાઈ શાહ .... ૧૮

(૮) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૩

(૯) સમ્યક્જ્ઞાન ..............બા.બ્ર.શ્રી સુરેશજી .... ૨૭

(૧૦) સદ્ગુરુનો પરમ ઉપકાર . શ્રી સુધાબેન લાખાણી .... ૨૯

(૧૧) ગુરુપૂર્ણિમા ............. શ્રી પૂર્ણિમાબેન શાહ .... ૩૨

(૧૨) वर्तमान परिप्रेक्ष्यमें गुरुपूर्णिमा.................................. ....................... पू.श्री विरागसागरजी महाराज ..... ૩૫

(૧૩) જીવનકળા : દિવાળી પુસ્તિકા .................... ૩૭

(૧૪) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૯



**વર્ષ : ૪૦ જુલાઈ, ૨૦૧૬ અંક - ૭**



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

mail@shrimadkoba.org

www.shrimadkoba.org

## લેખકો / ગ્રાહકો / વાચકોને

☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.

☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.

☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.

☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.

☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.

☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.

☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.

☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.

☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

આપે કહ્યું છે કે,"જીવ અત્યાર સુધીમાં પૂર્વાનુપૂર્વને પામ્યો છે, અપૂર્વને પામ્યો નથી."

અમને તો પૂર્વભવોનું જ્ઞાન નથી, પરંતુ આપને તો કેટલાયે ભવોનું જ્ઞાન હતું. તેથી આપનો અનુભવ પણ અપૂર્વ જ હોય. જોકે અમને પૂર્વભવોનું જ્ઞાન નથી, છતાં આ ભવમાં આપનું શરણ મળ્યા પછી જે અપૂર્વ વચનો, અપૂર્વ મુદ્રા, અપૂર્વ અનુભૂતિઓ પ્રાપ્ત થયા છે, તે તો અદ્વિતીય જ છે. આપ મળ્યા તે પહેલાનું અમારું જીવન અને આપ મળ્યા પછી અમારા જીવનમાં આવેલા પરિવર્તનનો વિચાર કરતાં એમ થાય છે કે એક જ ભવમાં આવું આમૂલ પરિવર્તન લાવનારા આપણા ઉપકારી - પરમોત્કૃષ્ટ ઉપકારીના ઉપકારનો બદલો આપણે કઈ રીતે વાળી શકીએ ? વળી, આપ તો નિષ્કારણ કરુણાશીલ છો. તેથી આપના પ્રત્યે અમે અમારો અહોભાવ વ્યક્ત કરવા સિવાય બીજું કરી પણ શું શકીએ એમ છીએ ? અમે માત્ર અમારા આત્મિક સુખની આપની પાસે યાચના કરીએ છીએ અને આપના પરમ ઉપશમરૂપ ચરણારવિંદમાં નમસ્કાર કરી તે જ માર્ગમાં પ્રવૃત્તિની ઇચ્છા કરીએ છીએ.


મુમુક્ષુજન તો મુક્તિ ન માગે, માગે જન્મોજન્મ અવતાર રે,
નિત્ય સ્તુતિ, નિત્ય ભક્તિ, નિત્ય વચનામૃત ધાર રે.
સદ્‌ગુરુદેવની કૃપાદૃષ્ટિથી, નિત્ય સત્સંગ સુખકાર રે,
અવગાહન શ્રી આત્મસિદ્ધિનું, ષટ્‌દર્શનનો સાર રે.
રાજપ્રભુનું દર્શન કરતાં, ઉમટે આનંદ અપાર રે,
ચરણકમળની સેવા કરતાં ઉતરીએ ભવપાર રે.

**॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક - ૧૯૪



**મુંબઈ, પોષ, ૧૯૪૭**

જીવને માર્ગ મળ્યો નથી એનું શું કારણ ?

એ વારંવાર વિચારી યોગ્ય લાગે ત્યારે સાથેનું પત્ર વાંચજો.

હાલ વિશેષ લખી શકવાની કે જણાવવાની દશા નથી, તોપણ એકમાત્ર તમારી મનોવૃત્તિ કિંચિત્ દુભાતી અટકે એ માટે જે કંઇ અવસરે યોગ્ય લાગ્યું તે લખ્યું છે.

અમને લાગે છે કે માર્ગ સરળ છે, પણ પ્રાપ્તિનો યોગ મળવો દુર્લભ છે.

**સત્સ્વરૂપને અભેદભાવે અને અનન્ય ભક્તિએ નમોનમઃ**

ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાનીપુરુષનાં ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્‌પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે, અને સેવશે. જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી, વર્તમાને એ જ માર્ગથી થાય છે અને અનાગત કાળે પણ જ્ઞાનપ્રાપ્તિનો એ જ માર્ગ છે. સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ જોવા જતાં એ જ છે. અને જે કોઈ પણ પ્રાણી છૂટવા ઇચ્છે છે તેણે અખંડ વૃત્તિથી એ જ માર્ગને આરાધવો. એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યું છે. જ્યાં સુધી જીવને સ્વચ્છંદરૂપી અંધત્વ છે, ત્યાં સુધી એ માર્ગનું દર્શન થતું નથી. (અંધત્વ ટળવા માટે) જીવે એ માર્ગનો વિચાર કરવો; દૃઢ મોક્ષેચ્છા કરવી; એ વિચારમાં અપ્રમત્ત રહેવું, તો માર્ગની પ્રાપ્તિ થઇ અંધત્વ ટળે છે, એ નિઃશંક માનજો. અનાદિ કાળથી જીવ અવળે માર્ગે ચાલ્યો છે. જોકે તેણે જપ, તપ, શાસ્ત્રાધ્યયન વગેરે અનંત વાર કર્યું છે; તથાપિ જે કંઇ પણ અવશ્ય કરવા યોગ્ય હતું તે તેણે કર્યું નથી; જે કે અમે પ્રથમ જ જણાવ્યું છે.

[1]સૂયગડાંગસૂત્રમાં ઋષભદેવજી ભગવાને જ્યાં અઠ્ઠાણું પુત્રોને ઉપદેશ્યા છે, મોક્ષમાર્ગે ચઢાવ્યા છે ત્યાં એ જ ઉપદેશ કર્યો છે :

હે આયુષ્યમનો ! આ જીવે સર્વે કર્યું છે. એક આ વિના, તે શું ? તો કે નિશ્ચય કહીએ છીએ કે સત્પુરુષનું કહેલું વચન, તેનો ઉપદેશ તે સાંભળ્યાં નથી, અથવા રૂડે પ્રકારે કરી તે ઉઠાવ્યાં નથી. અને એને જ અમે મુનિઓનું સામાયિક (આત્મસ્વરૂપની પ્રાપ્તિ) કહ્યું છે.

સુધર્માસ્વામી જંબુસ્વામીને ઉપદેશે છે કે જગત આખાનું જેણે દર્શન કર્યું છે, એવા મહાવીર ભગવાન, તેણે આમ અમને કહ્યું છે : ગુરુને આધીન થઈ વર્તતા એવા અનંત પુરુષો માર્ગ પામીને મોક્ષપ્રાપ્ત થયા.

એક આ સ્થળે નહીં પણ સર્વ સ્થળે અને સર્વ શાસ્ત્રમાં એ જ વાત કહેવાનો લક્ષ છે.

**आणाए धम्मो आणाए तवो ।**

આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને આજ્ઞાનું

**(અનુસંધાન પાના નં. ૯ પર...)**

૧. પ્રથમ શ્રુતસ્કંધ દ્વિતીય અધ્યયન ગાથા ૩૧-૩૨

# સત્પુરુષની શોધ

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



ગુરુપૂર્ણિમાનું પાવન પર્વ છે તે સત્પુરુષના મહિમાનું પર્વ છે, પરંતુ સત્પુરુષનો મહિમા આપણને ત્યારે આવે કે જયારે આપણા અંતરમાં તેમની ઓળખાણ થાય, પ્રતીતિ થાય અને તેમનો આશ્રય થાય; જેના ફળસ્વરૂપ આપણા પરિણામ (ભાવ) બદલાઈ જાય. શ્રીમદ્ રાજચંદ્રજીએ વચનામૃત પત્રાંક - ૮૩૯માં કહ્યું છે કે,

''અનંત કાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યાંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર.''

અહીં નિશ્ચય નમસ્કાર કર્યા, પરંતુ તે સમ્યગ્દર્શનાદિભાવો કાંઈ સહેલાઈથી પ્રગટતાં નથી. શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું છે, ''बहुनाम जन्मनामन्ते ज्ञानवान माम् प्रपद्यते ।''

ભક્ત કવયિત્રી મીરાંબાઈએ પણ કહ્યું છે કે, ''જનમ જનમ કી પૂંજી પાઈ, જગમેં સબહી ખોવાયો.''

અહીં ભગવાન મહાવીરે કહેલા ભવિતવ્યતા આદિ પંચ સમવાય કારણોની વાત કહી છે. નિમિત્ત - ઉપાદાનનો એવો સુસંબંધ છે કે તેનું વર્ણન વાણી દ્વારા થઈ શકતું નથી અને તે વિષયને મુખ્ય કરી પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ સત્પુરુષની ઓળખાણ કરાવતો પત્ર શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક - ૭૬ રૂપે લખ્યો છે, જેની મુખ્યતાથી આપણે વિચારણા કરીશું.

''બીજું કોઈ શોધ મા, માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.''

વર્તમાન ભારતીય સાહિત્યમાં આવું Sweeping & Dogmetic Statement આપણને કદાચ ભાગ્યે જ જોવા મળે તેમ છે. બીજું કાંઈ શોધ મા એટલે મનુષ્યજીવનનું ધ્યેય તે મુખ્યપણે મોક્ષની પ્રાપ્તિ છે. અને મોક્ષ એટલે શ્રીમદ્જીએ 'અપૂર્વ અવસર'માં તેની વ્યાખ્યા કરતાં કહ્યું છે,

''સાદિ અનંત અનંત સમાધિસુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો.''

અધ્યાત્મશાસ્ત્રની અપેક્ષાએ પોતાના સ્વરૂપમાં રહેલા અનંતજ્ઞાન, દર્શન અને આનંદનો આવિર્ભાવ પૂર્ણપણે થાય તે મોક્ષ અને તે સુખનો પ્રારંભ થાય તે નિશ્ચય સમ્યગ્દર્શન (આત્મદર્શન). મોક્ષ ધર્મની સાથે સંકળાયેલો છે કારણ કે ધર્મ તે મોક્ષપ્રાપ્તિનું સાધન છે. તે ધર્મની સમ્યક્આરાધના કરવાથી મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય અને તે મોક્ષમાર્ગની રૂડે પ્રકારે આરાધનાની પૂર્ણતાથી મોક્ષ થાય છે. જીવનનું મોક્ષ સિવાય બીજું કાંઈ ધ્યેય રાખવું નહીં. પૂર્વકર્મો છે અને આપણે આગળનું એટલું ભાથું લઈને આવ્યા નથી. તેથી અન્ય કાર્યો કરવા પડે, પણ તેને ધ્યેયરૂપ ગણવા નહીં.

ચર્મચક્ષુથી સત્પુરુષની ઓળખાણ થાય નહિ કારણ કે ચર્મચક્ષુ તે જડ પદાર્થોને જુએ છે, શરીરને જુએ છે; જ્યારે સત્પુરુષ તે શરીર નથી. ભલે સત્પુરુષ શરીરમાં રહેલા છે પણ શરીર અને સત્પુરુષ એક નથી. એકક્ષેત્રાવગાહ સંબંધ જેટલો તેમનો એકબીજા પર પ્રભાવ છે.

સત્પુરુષને શોધીને એટલે Research કરવી અને Research કોણ કરી શકે ? જેની પાસે દિવ્યદૃષ્ટિ હોય તે અને જો તે ન હોય તો તેને કેળવવી જોઈએ.

ઝવેરી દૂરથી હીરાની કિંમત કહી દે છે અને આપણે ગમે તેટલો પુરુષાર્થ કરીએ તો પણ તેની કિંમત કરી શકતા નથી કારણ કે આપણે તેનાથી ટેવાયેલા નથી. એટલે દરેક માણસ સત્પુરુષને ન ઓળખી શકે. તો શું કરશું ?

"દીર્ઘકાળ સુધી યથાર્થ બોધનો પરિચય થવાથી બોધબીજની પ્રાપ્તિ હોય છે."

આપણે માત્ર સત્પુરુષને મળવા જવાનું નથી, તેમના માત્ર બહારથી દર્શન કરવા જવાનું નથી પરંતુ જેટલી પોતાની શક્તિ હોય તે પ્રમાણે તેમની સાથે રહીને, તેમની આંખોમાં આંખ મિલાવીને તેમની આંખ શું જુએ છે તે જોવાનો, સમજવાનો પ્રયત્ન કરવો. ભગવાનના દર્શન કરે તો શું થાય છે ?

"દીઠો સુવિધિ જિણંદ, સમાધિરસે ભર્યો,
ભાખ્યું આત્મસ્વરૂપ, અનાદિનું વિસર્યો."
"दर्शनं देव देवस्य, दर्शनं पापनाशनं
दर्शनं स्वर्ग-सोपानं, दर्शनं मोक्षसाधनं ।"

દૃષ્ટિ કેળવવા માટે આપણે સત્પાત્રતા, માર્ગાનુસારીપણું, મુમુક્ષુતા, આત્માર્થીપણું લાવવાં પડશે. ભગવાન અનેકાંતદૃષ્ટિથી આપણને સમજાવે છે. ભગવાનનો માર્ગ તે પારમેશ્વરી અનેકાન્ત સ્યાદ્વાદવિદ્યા છે. કોઈક જ મનુષ્ય તેનો પાર પામી શકે છે. પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત કરનાર મુમુક્ષુના ગુણો બતાવતા કહ્યું છે,

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."
"દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય."

"વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા અને જિતેન્દ્રિયપણું આટલા ગુણો જે આત્મામાં હોય, તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે."

આવા પાયારૂપ ગુણો જેનામાં હોય તે સત્પુરુષને ઓળખવા માટેની દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત કરી શકે. જેવી રીતે બંગલો બનાવતા પહેલા તમે ઊંડો પાયો ચણાવો છો, તેવી જ રીતે આ ગુણો અનિવાર્યરૂપથી મુમુક્ષુમાં હોવાં જોઈએ. જો તે ન હોય તો આત્મા પ્રાપ્ત થાય નહીં. આત્મા એટલે શાશ્વત આનંદની પ્રાપ્તિ. તીર્થંકર ભગવાન ક્ષત્રિય હતા. જે દુઃખથી ડરે, લોકો મારા વિષે શું કહેશે એમ વિચારી ભયભીત થાય તે કાંઈ કરી શકે નહીં. ધર્મ કરવા માટે તો ક્ષત્રિયવૃત્તિની જરૂર છે. 'લોક મૂકે પોક.' લોક કોઈ દિવસ ભલો થવાનો નથી માટે આપણે મરીને પણ પોતાના સ્વરૂપને જાણવા માટે સત્પાત્રતા પ્રાપ્ત કરવી જોઈએ. અહીં સુધી તો પોતાનો પુરુષાર્થ મુખ્ય છે પણ તેની મુખ્યતા છતાં પૂર્ણતા નથી. સત્પાત્રતા પ્રાપ્ત કરવી હોય તો સત્પુરુષના ચરણકમળ સેવવાં, સત્પુરુષની સાથે ને સાથે રહેવું. તેમના અંતેવાસી બનો તો જલદી સત્પાત્રતા પ્રગટે. કારણ કે શુદ્ધાત્મતત્ત્વ પ્રત્યક્ષ પ્રગટ થયું છે. તે જોવા માટે દિવ્ય નયન જોઈએ. તે દિવ્ય નયનની પ્રાપ્તિ માટે આપણે આપણી નોટબુકમાં આગળ કહેલા ૧૫ ગુણો પહેલા પાને લખવા જોઈએ તથા એવો સંકલ્પ કરવો જોઈએ કે આ ગુણો મારે મારા જીવનમાં પ્રગટ કરવાં જ છે અને તો જ ભગવાનની - ગુરુની વાણીનો સાર છે તે સમજાશે. તેને સ્વીકારીશ અને તેને જીવનમાં ઉતારીને અભ્યાસ કરીશ તો તેનો અનુભવ થશે.

"તનસેં, મનસેં, ધનસેં, સબસેં
ગુરુદેવ કી આન સ્વઆત્મ બસેં."

'સબસેં' શબ્દ અતિ માર્મિક મૂક્યો છે, જે બધાને ફાવે તેમ નથી. સત્પુરુષના ધાકડેધાકડ માન્ય

હોય તો જ આપણો મોક્ષ થાય. સૈદ્ધાંતિક કથનમાં કોઈવાર અપવાદ હોતો નથી.

"એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત."
— શ્રી આત્મસિદ્ધિ

ભગવાન એમ કહેતા નથી કે તું મારી ભક્તિ કર તો તારું કલ્યાણ થશે, પણ આપણે શાસ્ત્રો દ્વારા સમજવાનું છે કે પરમાત્મા અને સદ્‌ગુરુની ભક્તિ કર્યા વિના આપણું કલ્યાણ થઈ શકે તેમ નથી. સાચાદેવ, સાચા ગુરુ અને સાચા ધર્મનું જે સમજણપૂર્વક શ્રદ્ધાન કરે તેને ભગવાને વ્યવહાર સમ્યક્ત્વ કહ્યું છે.

ભગવાન અને ગુરુ ઘણા કરુણાવાન છે. કરોડો માતા બરાબર એક છે. તેઓ આપણને શ્રેષ્ઠ વસ્તુ આપવા બેઠા છે, પણ તેને પ્રાપ્ત કરવાની આપણામાં તત્પરતા હોવી જોઈએ. આવા તથારૂપ સત્પુરુષ પાંચસો પાંચસો ગાઉ જશું તો પણ મળવા મુશ્કેલ છે. અહીં જેમની વાત કરી છે તેમને સામાન્ય સત્પુરુષ ન સમજવા. તેમના લક્ષણો બતાવતાં શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે,

"આત્મજ્ઞાન, સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વવાણી પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય."
— શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર, ગાથા-૧૦

શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક - ૮૦માં પણ સત્પુરુષનું વર્ણન કર્યું છે.

"નિરાબાધપણે જેની મનોવૃત્તિ વહ્યા કરે છે; સંકલ્પ-વિકલ્પની મંદતા જેને થઈ છે; પંચ વિષયથી વિરક્ત બુદ્ધિના અંકુરો જેને ફૂટ્યા છે; ક્લેશનાં કારણ જેણે નિર્મૂળ કર્યા છે; અનેકાંત દૃષ્ટિયુક્ત એકાંતદૃષ્ટિને જે સેવ્યા કરે છે; જેની માત્ર એક શુદ્ધ વૃત્તિ જ છે; તે પ્રતાપી પુરુષ જયવાન વર્તો. આપણે તેવા થવાનો પ્રયત્ન કરવો જોઈએ."

આ પત્રાંકનો એક - એક મુદ્દો વિચારવો. મહાન આધ્યાત્મિક શાસ્ત્રો તથા સિદ્ધાંત શાસ્ત્રોમાં ગુરુનું વર્ણન છે ત્યાંથી જાણવું. જે સદ્‌ગુરુને ઓળખી શકે તે પોતાના આત્માને પણ ઓળખી શકે. કારણ કે સદ્‌ગુરુ સાચા છે. તેઓ પણ શુદ્ધાત્મા અને પોતે પણ નિશ્ચયનયથી શુદ્ધાત્મા છે. અમુક વસ્તુઓ તો એવી છે કે જ્યાં સુધી આપણે મુમુક્ષુ ન થઈએ ત્યાં સુધી તે આપણને સમજાય નહીં. સત્પુરુષ એટલે શરીર નહીં. દુનિયાના લોકો જેવો આત્મા તેમના શરીરમાં રહેતો નથી, આ થોડુંક વિચિત્ર તથા અગમ અગોચર છે. એ અગમ અગોચર શ્રી 'સમયસાર'માં ચાર ગાથાઓથી પ્રગટ કર્યું છે.

૧. સત્પુરુષ આહાર લે છે છતાં તેઓ આહાર લેતા નથી !
૨. સત્પુરુષ પાણી આદિ પીએ છે છતાં પીતા નથી !
૩. સત્પુરુષ પુણ્ય કરતાં દેખાય છે છતાં પુણ્ય કરતાં નથી!
૪. સત્પુરુષ અપવાદરૂપ ક્યારેક પાપ કરતાં દેખાય છે પણ પાપ કરતાં નથી !

જો કે આ વાત બધાને સમજાય તેવી નથી પરંતુ પ્રાસંગિક હોવાથી કહી છે. સત્પુરુષ પાપ કરે તે એક અપેક્ષિત કથન છે કારણ કે સમ્યગ્દર્શન પ્રગટ થતાં પાપનો નાશ થઈ જાય છે. પણ તે નાશ પૂર્ણરૂપે નથી માટે આગળ આગળની દશામાં ગુણસ્થાન અનુસાર સમજવું. વર્તમાનમાં આપણને જે જ્ઞાની મળે છે તે મુખ્યરૂપથી ૪, ૫, ૬ ગુણસ્થાનવર્તી મળે છે.

હવે, આગળ વિશેષરૂપથી તે સત્પુરુષની વ્યાખ્યા કરતાં કહે છે,

"સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે;"

અહીં 'ઉપયોગ' કહ્યો છે તેને લબ્ધ્યાત્મક

અનુભૂતિ સમજવી. કારણ કે ૨૪ કલાક કોઈપણ જીવને આત્માનુભવ થઈ શકે નહીં. જો તે આત્માનુભૂતિ ૪૮ મિનિટથી વધારે રહે તો તેમને નિયમથી કેવળજ્ઞાન થઈ જાય આવો સિદ્ધાંત છે.

"શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી, છતાં અનુભવમાં આવે તેવું જેવું કથન છે."

અત્યારે બધા શાસ્ત્રો મળતા નથી. તો કોઈને શંકા થાય કે જો પૂરતા શાસ્ત્રો જ નથી તો અમારું આત્મકલ્યાણ કેવી રીતે થશે ? થશે ભાઈ, જરૂર થશે. કારણ કે આ કાળમાં પણ આત્મકલ્યાણ માટે જોઈએ તેટલું જરૂરી પ્રયોજનભૂત તત્ત્વજ્ઞાન છે. તેને જાણીને તેનો અભ્યાસ કરવો કારણ કે અત્યારે લોકો શાસ્ત્રોમાં જ અટવાઈ જાય છે. જે વાંચ્યું તેનું અનુસંધાન, અનુપ્રેક્ષા કરવી. પોતાના આત્માની શુદ્ધિ અને તથારૂપ જ્ઞાની ધર્માત્માનો યોગ બંને આવશ્યક છે.

"આવે જ્યાં એવી દશા, સદ્‌ગુરુ બોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય.
જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજ જ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ."

**— શ્રી આત્મસિદ્ધિ**

"અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે."

સાચા મુમુક્ષુની આંખો સત્પુરુષની ઓળખાણ ક્રમે કરીને કરી શકે.

"બાકી તો કંઈ કહ્યું જાય તેમ નથી અને આમ કર્યા વિના તારો કોઈ કાળે છૂટકો થનાર નથી; આ અનુભવવચન પ્રમાણિક ગણ."

હું ભગવાનની આજ્ઞા પ્રમાણે આ કહું છું કારણ કે બધા આચાર્ય ભગવંતો, ઉપાધ્યાય, સાધુભગવંતો આદિ પણ ભગવાનના દાસ હોય છે.

"દાસ ભગવંત કે ઉદાસ રહે જગત સો;
સુખીયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈ."

"એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઈચ્છાને પ્રશંસવામાં, તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઈશ."

આપણી સત્પાત્રતા વધે, ભગવાનની વાણી વિનયપૂર્વક આરાધીએ, કોઈ એવા સત્પુરુષનો યોગ કરીને તેમની આજ્ઞામાં રહીએ અને નિરંતર શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરવા માટે કમર કસીએ. આવો સંકલ્પ આપણે ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે કરીએ. અલ્પકાળમાં આપણો આત્મા સિદ્ધાલયમાં સુસ્થિત થઈ જાય એવી પ્રભુચરણે પ્રાર્થના.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

● ● ●

## શ્રી સદ્‌ગુરુપ્રસાદ

**(પાના નં. ૫ પરથી ચાલુ...)**

આરાધન એ જ તપ. (આચારાંગ સૂત્ર)

સર્વ સ્થળે એ જ મોટા પુરુષોનો કહેવાનો લક્ષ છે, એ લક્ષ જીવને સમજાયો નથી. તેના કારણમાં સર્વથી પ્રધાન એવું કારણ સ્વચ્છંદ છે અને જેણે સ્વચ્છંદને મંદ કર્યો છે, એવા પુરુષને પ્રતિબદ્ધતા (લોકસંબંધી બંધન, સ્વજનકુટુંબ બંધન, દેહાભિમાનરૂપ બંધન, સંકલ્પવિકલ્પરૂપ બંધન) એ બંધન ટળવાનો સર્વોત્તમ ઉપાય જે કંઇ છે તે આ ઉપરથી તમે વિચારો. અને એ વિચારતાં અમને જે કંઇ યોગ્ય લાગે તે પૂછજો. અને એ માર્ગે જો કંઇ યોગ્યતા લાવશો તો ઉપશમ ગમે ત્યાંથી પણ મળશે. ઉપશમ મળે અને જેની આજ્ઞાનું આરાધન કરીએ એવા પુરુષનો ખોજ રાખજો.

બાકી બીજાં બધાં સાધન પછી કરવાં યોગ્ય છે. આ સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ વિચારતાં લાગશે નહીં. (વિકલ્પથી) લાગે તો જણાવશો કે જે કંઇ યોગ્ય હોય તે જણાવાય. ■ ■ ■

પરમનો સ્પર્શ - ૭૯

# જેટલી બહાર ગતિ, એટલી ઝડપી દુર્ગતિ !

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

જીવનના સ્વાધ્યાયનો અર્થાત્ સ્વઅધ્યયનનો પ્રારંભ થશે "હું કોણ છું ?" એ પ્રશ્નનો ઉત્તર મેળવીને.

સ્વયંની ખોજ કરવા નીકળેલા સાધકે સૌ પ્રથમ તપાસ પોતાની ભૂલો, દોષો, ક્ષતિઓ અને વિકારોની કરવાની હોય છે. પોતાનું આંગણું સ્વચ્છ કરવા માટે પહેલાં એમાં પડેલા કચરાને વીણી-વીણીને દૂર કરવો પડે છે. 'સ્વ'ના અભ્યાસનો પ્રારંભ સ્વ-ભાવને પારખીને કરવાનો છે. પોતાની વૃત્તિઓને સમજવાની છે, પોતાના વિકારોને જાણવાનું છે અને પોતાનામાં રહેલાં દોષોનો એકરાર કરવાનો છે.

સામાન્ય રીતે વ્યક્તિ પોતાના દોષની પાઘડી બીજાને પહેરાવતો હોય છે. હકીકતમાં ભૂલ એ પોતાના ભીતરને જોવાની ચાવી છે; પરંતુ પોતાની ભૂલો જોવાને બદલે બીજાની ભૂલ શોધીએ છીએ. તાળાનો વાંક કાઢીએ છીએ, પણ ચાવી જોતા નથી. સામાન્ય માનવી અને વિભૂતિમાં એ જ ભેદ છે કે સામાન્ય માનવી પોતાના દોષને માટે બીજાને દોષિત કે નિમિત્ત ઠેરવે છે અને મહાન વિભૂતિ બીજાએ કરેલા દોષનો ટોપલો પોતાના મસ્તક પર હસતે મુખે ધારણ કરે છે.

ઈશુ ખ્રિસ્તને ક્રોસ પર ચઢાવીને એમના માથા પર કાંટાળો તાજ પહેરાવવામાં આવ્યો, તેમનાં વસ્ત્રો ઉતરાવી નાખ્યાં, કોરડા ફટકારવામાં આવ્યા અને તેમની પાસે વધસ્તંભનો બોજો ઊંચકાવીને તેમને નગર બહાર લઈ જવામાં આવ્યા. ઈશુ ખ્રિસ્તે ક્રૂર સતામણી સહન કરી લીધી. એમના શરીરમાંથી લોહી વહેતું હતું. એમનો કંઠ રૂંધાતો હતો. એ જ સ્થિતિમાં એમના પગે, છાતીમાં, કપાળે, નાભિ પર વગેરે જગ્યાએ ખીલા ઠોકી એમના શરીરને વધસ્તંભે જડી દેવામાં આવ્યું. આ સમયે પણ ઈશુએ પોતાને આવી યાતના આપનારને ક્ષમા આપી હતી અને કહ્યું હતું કે, તેઓ શું કરે છે તેની એમને ખબર નથી.

એ જ રીતે શ્રીકૃષ્ણ વનના મધ્યભાગમાં એક વિશાળ, ઘટાદાર વૃક્ષ નીચે બેઠા હતા અને ડાબો પગ જમણા પગ ચડાવીને વિશ્રામ કરતા હતા. આવે સમયે જરા નામનો એક પારધી શિકારની શોધમાં આવી ચઢ્યો અને એણે શ્રીકૃષ્ણના રક્તવર્ણના પદામ્બુજ જોયા. એણે માન્યું કે એ મૃગ છે. અને તેથી સરસંધાન કરીને જરા પારધીએ કૃષ્ણના પગને વીંધી નાખ્યો. પોતાનો શિકાર લેવા દોડીને આવેલા પારધીએ જોયું તો મોરમુકુટધારી શ્રીકૃષ્ણ સ્વયં હતા. એ ગભરાઈને ધ્રૂજવા લાગ્યો, ચોધાર આંસુએ આક્રંદ કરતાં કહ્યું, "હું આપનો અપરાધી છું. મેં આપના ચરણારવિંદને વીંધવાનું જઘન્ય પાપ કર્યું છે."

આ સમયે શ્રીકૃષ્ણ એને સમજાવે છે કે આમાં એનો લેશમાત્ર દોષ નથી. કાળની ગતિને કોઈ અટકાવી શકતું નથી. આથી પશ્ચાત્તાપથી વ્યથિત થવાની જરૂર નથી. આનો અર્થ એ થયો કે બાણ વાગ્યા પછી પારધીને ક્ષમા આપવા માટે શ્રીકૃષ્ણે પોતાનો શ્વાસ રુંધી રાખ્યો હતો અને એ રીતે એ પારધીને ક્ષમા આપે છે.

આમ, સાચો ક્ષમાવાન બીજાના અવગુણને જોવાને બદલે એના પ્રત્યે સ્નેહભાવ દાખવે છે. આથી જ પોતાના સાધનાકાળમાં છ-છ વર્ષ સુધી ભગવાન મહાવીરને જેને કારણે ભિક્ષા વગર રહેવું પડ્યું, એ સંગમદેવ જ્યારે એમની ક્ષમા માગે છે, ત્યારે ભગવાન મહાવીર એને ક્ષમા આપે છે, કિંતુ

એની સાથોસાથ વિચારે છે કે આ સંગમદેવે મને હેરાન-પરેશાન કરવા માટે કેટલાં બધાં કર્મો બાંધ્યાં. આમ, વૈરી, વિરોધી કે હત્યારાને ક્ષમા આપનાર વિભૂતિ એના દોષને તો માફ કરે છે, પરંતુ સાથોસાથ આવું કરનારે પોતાની જાતને કરેલા નુકસાનનો સ્વયં વિચાર કરે છે. ક્ષમા આપવાની સાથોસાથ એમની સંવેદના એથીયે વધુ વિસ્તરેલી હોય છે. આના કારણે જ દુર્ભાવનું સદ્ભાવમાં પરિવર્તન થાય છે અને વૈરી કે દુશ્મન મિત્ર બની જાય છે. આથી "હું કોણ છું ?" જોનારે સૌથી પહેલાં પોતાના જીવનની નિષ્ફળતા, ક્ષતિઓ અને દોષો માટે પોતાની જાતને જવાબદાર ગણવી જોઈએ.

"હું કોણ છું ?"ની શોધ કરનારને માટે બીજું સોપાન છે એના જીવનની ગતિનું માપ મેળવવાનું. જીવનની ગતિ એ પ્રગતિ તરફ લઈ જાય છે કે અધોગતિ તરફ એ પછીની વાત છે, પરંતુ પોતાના જીવનની ગતિ કેવી છે એ એણે જોવું જોઈએ. મુંબઈ જેવાં મહાનગરોમાં ટ્રાફિકમાં અટવાયેલા લોકોને ઊંચા શ્વાસે ઑફિસ તરફ દોડતાં તમે જોયા હશે. સાંજે નોકરીનો સમય પૂરો થાય પછી ઝડપથી ઘર ભણી જવા માટે દોડતા લોકોને પણ તમે જોયા હશે. એના પરથી તમે જિંદગીની દોડની કલ્પના કરો.

કેટલીક વ્યક્તિઓ સતત એક પછી એક કામની દોડમાં દોડતી હોય છે. એમને ઊભા રહેવા માટે મિનિટનો પણ સમય હોતો નથી. સ્હેજવાર થોભવાની પણ નવરાશ હોતી નથી. કોઈ એનો સમય લે, તો એ તરત જ કહેશે કે 'મારી પાસે તો મરવાનો સમય નથી.' જો કે હકીકત એ છે કે તમે તેને એનું મૃત્યુ દેખાડશો, તો એ જરૂર પોતાના જીવનની ગતિ વિશે વિચારતો થશે. માણસની આ આંધળી દોડ એને એક જ લક્ષ ભણી લઈ જાય છે અને તે છે મૃત્યુ. આવી દોડતી વ્યક્તિનું મન સતત દોડ્યા જ કરતું હોય છે. એને ચેનભરી ઊંઘ નસીબ હોતી નથી અને એનું ચિત્ત પ્રશ્નોથી સતત ઘેરાયા કરે છે અને અહર્નિશ ઊભરાયા કરે છે.

વ્યક્તિનું મન જેટલું બહાર દોડતું હોય છે, એટલું એનું ભીતર ખાલી હોય છે, પરંતુ ભીતરનો ખાલીપો પ્રગટ થાય નહીં તે માટે એ સત્તા, સંપત્તિ, પદ કે પદવીનાં આવરણો ઓઢી લે છે. એ પોતાના ભીતરની આસપાસ એવા કિલ્લાઓ રચે છે કે જેથી એના ભીતરનો અવાજ એના કાન સુધી પહોંચે નહીં. એ એક પછી એક આવરણ ચઢાવ્યે જાય છે અને એને માટે વધુ ને વધુ બહાર દોડ લગાવતો રહે છે.

આજના સમયમાં આવી બહાર દોડ લગાવતાં પાર વિનાના લોકો તમને મળશે. એમને બહારની ચીજ-વસ્તુઓ પ્રત્યે પ્રેમ છે અને પછી પ્રેમને અભિવ્યક્ત કરવા માટે પણ બાહ્ય ચીજ-વસ્તુઓનો ઉપયોગ કરશે. કોઈ પોતાની પત્નીને કરોડોની કિંમતનો ફ્લૅટ આપશે, તો કોઈ જન્મદિનની ભેટરૂપે અત્યંત મોંઘી કાર આપશે. માત્ર આપવાથી જ વાતનું પૂર્ણવિરામ આવતું નથી, પરંતુ એ આ બાબતને ગાઈ, વગાડીને બીજાને કહેશે અને એની પ્રસિદ્ધિ જેટલી વધારે થાય તેટલો તેને આનંદ આવે છે. જો એના તરફ કોઈનું લક્ષ ન જાય તો એને નિરાશા પણ થાય છે. જેટલી બહાર ગતિ એટલી જ દુર્ગતિ છે. ભીતરના એકાંતને દબાવી દેવા માટે બહાર કોલાહલ કરતા હોય છે.

કવિ રમેશ પારેખે યોગ્ય જ કહ્યું છે,

"એ નથી કશે બહાર શોધી કાઢ,

અંતરે વસ્યો ઉદાર શોધી કાઢ."

બહાર દોડનારી વ્યક્તિ પાસે ખુદનો અંદરનો અવાજ હોતો નથી. એટલે એવું પણ બનશે કે આવી વ્યક્તિને એના આત્માના અવાજની વાત કરશો, તો એ તમારી હાંસી ઉડાવશે. એ એવો તર્ક પણ

**(અનુસંધાન પાના નં. ૧૫ પર...)**

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૩૮)

**પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)**

અપ્રમત્ત યોગીશ્વર, વિષમ કર્મોદયે ધૈર્ય ધરનાર વીરેશ્વર અને જગતના જ્ઞાતા રહેનાર જગદીશ્વર પરમકૃપાળુદેવની વ્યાખ્યાનસાર નં-રમાં આર્ષવાણી પ્રગટ થાય છે, "જ્ઞાનીઓએ માનેલું છે કે આ દેહ પોતાનો નથી; તે રહેવાનો પણ નથી; જ્યારે ત્યારે પણ તેનો વિયોગ થવાનો છે. એ ભેદવિજ્ઞાનને લઈને હંમેશા નગારા વાગતાં હોય તેવી રીતે તેના કાને પડે છે, અને અજ્ઞાનીના કાન બહેરા હોય છે એટલે તે જાણતો નથી. (૧૭) જ્ઞાની દેહ જવાનો છે એમ સમજી તેનો વિયોગ થાય તેમાં ખેદ કરતાં નથી. પણ જેવી રીતે કોઈની વસ્તુ લીધી હોય ને તેને પાછી આપવી પડે તેમ દેહને ઉલ્લાસથી પાછો સોંપે છે; અર્થાત્ દેહમાં પરિણમતા નથી. (૧૮) દેહ અને આત્માનો ભેદ પાડવો તે ભેદજ્ઞાન; જ્ઞાનીનો તે જાપ છે. તે જાપથી દેહ અને આત્મા જુદા પાડી શકે છે. તે ભેદવિજ્ઞાન થવા માટે મહાત્માઓએ સકળ શાસ્ત્રો રચ્યાં છે. જેમ તેજાબથી સોનું તથા કથીર જુદા પડે છે, તેમ જ્ઞાનીના ભેદવિજ્ઞાનના જાપરૂપ તેજાબથી સ્વાભાવિક આત્મદ્રવ્ય અગુરુલઘુ સ્વભાવવાળું હોઈને પ્રયોગી દ્રવ્યથી જુદું પડી સ્વધર્મમાં આવે છે." અહીં પરમ પ્રતાપી, સત્પ્રભાવી, સત્ પ્રવાસી પરમ કૃપાળુદેવ બહિરાત્મા અને અંતરાત્માની આંતરિક પરિણતિને દર્શાવે છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત 'સમાધિતંત્ર'નું આપણે અમૃતરસપાન કરી રહ્યા છીએ. શ્લોક ત્રેવીસમાં આચાર્યદેવે અતિ ગહનતાને દર્શાવી છે કે હું ચૈતન્ય સ્વરૂપ છું. હું મને મારામાં, મારાથી શુદ્ધ આત્માને અનુભવું છું. હું કોઈ લિંગ કે વચનભેદમાં નથી. મારે પુલ્લિગ, સ્ત્રીલિંગ કે નપુંસકલિંગ કાંઈ નથી તથા એક-બે કે બહુ એવી સંખ્યામાં હું નથી. હું છકારકથી ભિન્ન જ્ઞાયક સ્વરૂપ છું. સમાધિપ્રેરક આપ્તવાણી હૃદયસ્થ થતાં નિજાત્મા નિજાશ્રિત થાય છે.

હવે શ્લોક ચોવીસમાં કહે છે કે,

यद्भावे सुषुप्तोऽहं यद्भावे व्युत्थितः पुनः ।
अतीन्द्रियमनिर्देश्यम् तत्स्वसंवेद्यम् स्म्यहम् ॥२४॥

**अन्वय :** यद् अभावे अहं सुषुप्तः पुनः यद् भावे व्युत्थितः तत् अतीन्द्रियम् अनिर्देश्यम् अहं अस्मि स्वसंवेद्यम् (इति)

**શબ્દાર્થ :** यद् अभावे - શુદ્ધાત્માના અભાવમાં, सुषुप्तः - સૂતો હતો, पुनः यद् भावे - શુદ્ધાત્મ સ્વરૂપનાં સદ્ભાવમાં, व्युत्थितः - જાગી ગયો, तत् - તે, अतीन्द्रियम् - ઈન્દ્રિયો દ્વારા અગ્રાહ્ય, अनिर्देष्यम् - વચનોથી અગોચર, स्वसंवेद्यम् - સ્વાનુભવગમ્ય, अहं अस्मि - હું છું.

**ભાષાંતર :** શુદ્ધાત્માના અભાવે હું સૂતો હતો. વળી, તેના સદ્ભાવમાં હું જાગી ગયો. તે શુદ્ધાત્મ સ્વરૂપ અતીન્દ્રિય, વચનોથી અગોચર સ્વાનુભવગમ્ય છે. તે હું છું.

**ભાવાર્થ :** શ્રી પૂજ્યપાદ આચાર્ય અંતરાત્મા સ્વપુરુષાર્થ અને સત્પુરુષના બોધવચનમાં જીવતા હોવાથી પોતાના ભૂતકાળને શબ્દોમાં વ્યક્ત કરે છે. શુદ્ધાત્માના અભાવે હું સૂતો હતો. અજ્ઞાનભાવમાં હતો. આત્માનું ભાન વર્તતું ન હોય તેવી નિદ્રામાં હતો. દ્રવ્યનિદ્રાની અહીં વાત નથી. ભાવનિદ્રાની આચાર્યદેવે વાત કરી છે. તે ભાવનિદ્રામાંથી મુક્ત થયો. બહિરાત્મભાવે જીવતો હતો. પરમ પુરુષાર્થીની

પરમ કારણ્યભાવથી આત્મ-પરિજ્ઞાન થતાં હું જાગૃત થયો. મારું સત્ સ્વરૂપ અનુભવાયું. અજ્ઞાનદશામાંથી મુક્ત થયો. સ્વચ્છંદ-મત-આગ્રહના ત્રિદોષમાં ફસાયો હતો. સ્વઅવલોકનથી ત્રિદોષને જાણીને દૂર કર્યા ત્યારે આત્માના નિર્દોષ દર્શન થયા. અંતરાત્મા કહે છે ત્યારે નિજાત્મા દત્તાત્રય સ્વરૂપે અનુભવ્યો કે આત્મા અતીન્દ્રિય છે. અગોચર છે અને સ્વસંવેદ્ય સ્વરૂપ છે. અકારત્રયીનો અનુભવ રહ્યો કે અતીન્દ્રિય, અગોચર, અનુભવગમ્ય હું છું.

પૂ. પૂજ્યપાદ આચાર્યની અસીમ ગહનતાને સમજવા માટે વિશેષ અભ્યાસ કરીએ

**વિશેષાર્થ :**

**૧. યદ્ અભાવે સુષુપ્તોઽહમ્** – બાહ્યભાવે હું નિદ્રામાં હતો. આ નિદ્રા તે સામાન્ય વ્યક્તિ નિદ્રાધીન થાય તે નિદ્રા નથી. પરમકૃપાળુદેવનો ભાવ વિચારીએ. ''રાત્રિ વ્યક્તિક્રમી ગઈ, પ્રભાત થયું. નિદ્રાથી મુક્ત થયા.'' અજ્ઞાન રૂપી રાત્રિ પૂર્ણ થઈ અને આત્મજ્ઞાન રૂપી સૂર્ય ઉદિત થયો. અજ્ઞાનથી મુક્ત થયા. જ્ઞાનવાન પરમ શુદ્ધ ચૈતન્યનો અનુભવ થયો. અનંત અનુબંધ થતો હતો તે અનંતાનુબંધીમાંથી મુક્ત થઈ આત્મા શુદ્ધ ચૈતન્યગગનમાં વિહાર કરવા લાગ્યો. દર્શનમોહ વ્યતીત થઈ ઉપજેલો બોધ તે હું શુદ્ધ ચૈતન્ય પરમાત્મા છું. ચારિત્રમોહ તે ભાવનિદ્રા છે તેથી હવે ભાવનિદ્રા ટાળવાનો પ્રયત્ન કરજો એવું પરમકૃપાળુદેવનું ચૈતન્ય ચિન્મયતામાંથી પ્રગટ થયેલું પરમ ઔદાર્ય ગહન ગંભીર વચન ભીતરમાંથી જાગૃતિનો બોધ આપે છે. અંતરમાં શુદ્ધતા વર્તે છે અને ચારિત્રમોહના નાશનો પ્રયોગ સાથે વર્તે છે, જે વીતરાગતામાં પૂર્ણતા પામે છે.

નિદ્રાની અવસ્થા કેવી છે ! સત્ય કાંઈ અસ્તિત્વ રૂપે નથી રહેતું. ભ્રાન્તિમાં જીવાય છે. માયાત્રયતામાં કાળ પસાર થાય છે. દ્વાદશઅનુપ્રેક્ષા સ્વરૂપ દર્શન સાથે લખાયેલ 'ભાવનાબોધ'માં ભાવનાનો વૈરાગ્યબોધ જ્ઞાનદિવાકર શ્રી પરમકૃપાળુદેવે માત્ર સોળવર્ષની વયે આલેખ્યો છે. તેમાં અનિત્યભાવના પ્રથમ છે -

વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ,
આયુષ્ય તે તો જળના તરંગ;
પુરંદરી ચાપ અનંગ રંગ,
શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ.

તેમાં ભિખારીનો ખેદ અંતર્ગત કથા છે. એક ભિખારી ભટકતો ભટકતો શહેરમાં આવ્યો ભીખ માગતાં એક ગૃહપતિની સ્ત્રી જમતાં વધેલું અન્ન આપ્યું. રાજી થતો એક વૃક્ષની નીચે ફાટલી ગોદડી, ભાંગ્યો તૂટ્યો પાણી પીવાનો ઘડો મૂક્યો. કોઈ દિવસ નહીં ખાધેલું એવું ભોજન ભીખમાં મળતાં આનંદમાં આવી ગયો હતો. ભોજન કર્યા પછી વૃક્ષની નીચે સૂતો નિદ્રાવશ થતાં તેને સ્વપ્ન આવ્યું કે તે રાજસિદ્ધિ પામ્યો છે. ઉત્તમ આભૂષણો ધારણ કર્યા છે. અપ્સરા જેવી સ્ત્રીઓ પગચંપી કરી રહી છે. છડીદારો ખમા ખમા કરી રહ્યા છે. એવું ઉત્તમ સુખ સ્વપ્નમાં અનુભવી રહ્યો છે. ત્યાં અચાનક સૂર્યદેવ વાદળાઓથી ઢંકાઈ ગયા. મેઘરાજા ચડી આવ્યા. વીજળીના ઝબકારા થવા લાગ્યા. ગાજવીજ સાથે સઘન કડાકો થયો. પ્રબળ અવાજથી તે ભિખારી જાગી ગયો. જાગીને જુએ છે તો જોયેલું બધું તેમાંથી કાંઈ નથી. જાગીને જોતાં તે જ ફાટીતૂટી ગોદડી અને પાણીનો ઘડો ત્યાં જ પડ્યા છે. પોતે ભિખારીના મલિન વસ્ત્રો સાથે સ્વપ્નાવસ્થાનો ખેદ કરી રહ્યો છે.

તેવી રીતે અજ્ઞાન અવસ્થામાં પ્રાપ્ત થયેલા સર્વ પદાર્થો સ્વપ્ન સમાન છે. બહિરાત્મા 'હું અને મારું' એવી મિથ્યા માન્યતામાં બધી સામગ્રી ભેગી કરે છે. બહિરાત્મા સમજે છે કે આ બધી સંપત્તિ, પરિવાર મેં ભેગો કર્યો છે અને તે મારો છે. અજ્ઞાનદશામાં જીવની કેવી સ્થિતિ છે અને જાગૃતિમાં શું હોય છે તેની ગહનદૃષ્ટિ આ શ્લોકમાં આચાર્યદેવે વ્યક્ત કરી છે. પરમકૃપાળુદેવની દિવ્ય ધારાના શબ્દો જ આલેખીએ ''જેમ તે સુખ સમુદાય જાગૃતિમાં

ભિખારીને મિથ્યા જણાયા તેમ તત્ત્વજ્ઞાન રૂપી જાગૃતિ વડે સંસારના સુખ તેવા જણાય છે. સ્વપ્નના ભોગ ન ભોગવ્યા છતાં જેમ તે ભિખારીને શોકની પ્રાપ્તિ થઈ તેમ પામર ભવ્યો સંસારમાં સુખ માની બેસે છે અને ભોગવ્યા તુલ્ય ગણે છે. પણ તે ભિખારીની પેઠે પરિણામે ખેદ, પશ્ચાત્તાપ અને અધોગતિને પામે છે. સ્વપ્નાની એકેય વસ્તુનું સત્યત્વ નથી, તેમ સંસારની એકે વસ્તુનું સત્યત્વ નથી. બંને ચપલ અને શોકમય છે. આવું વિચારી બુદ્ધિમાન પુરુષો આત્મશ્રેયને શોધે છે.'' ખરેખર આત્મજ્ઞાનના અભાવમાં ભ્રાન્તિમાં આ અવસ્થા સર્જાય છે.

અંતરાત્મા કહે છે કે જ્યારે ભ્રાન્તિમાં હતો ત્યારે 'હું' અને 'મારું'ની માયામાં બંધાયેલો હતો, અજ્ઞાનરૂપી અંધકારમાં વ્યાપ્ત હતો.

**૨. यद् भावे व्युत्थितः —** આત્મજ્ઞાન થતાં હું જાગૃત થયો. ટીકાકાર લખે છે, पुनः व्युत्थितः विशेषेण उत्थितः जागरितः अहं। વિશેષ જાગૃતિ સાથે આત્મ-પરિજ્ઞાનમાં પરિણમ્યો.

જેને શુદ્ધ આત્માની ઉપલબ્ધિ છે તે જાગે છે. જેને આત્માની ઉપલબ્ધિ નથી તે સૂતા છે. જાગ્યા પછી અંતરાત્મા કહે છે કે મારો જ્ઞાનભંડાર મારી પાસે જ છે. પુદ્‌ગલ આદિ પરદ્રવ્યોથી ભિન્ન છું. રાગદ્વેષ આદિ વિકારોથી રહિત ચૈતન્ય આત્મા છું. દ્રવ્યકર્મથી મારો આત્મા સદા ભિન્ન છે. નોકર્મનો સ્પર્શ મને નથી. આવી વિશેષતાથી અંતરાત્મા કહે છે. હવે હું જાગૃત થયો છું. શ્રીમદ્ ભગવદ્‌ગીતાના બીજા અધ્યાયમાં ભગવાન્ શ્રીકૃષ્ણ પરંતપ અર્જુનને કહે છે,

''या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥''

અર્થાત્ સમસ્ત પ્રાણીઓ માટે જે રાત્રિ છે તે નિત્ય જ્ઞાનસ્વરૂપ પરમાનંદની પ્રાપ્તિમાં સ્થિતપ્રજ્ઞ યોગી જાગે છે. અને જે નાશવંત સાંસારિક સુખની પ્રાપ્તિમાં સઘળા પ્રાણીઓ જાગે છે તે પરમાત્માના તત્ત્વને જાણનાર મુનિ માટે તે રાત્રિ છે.

અંતરાત્મા અજ્ઞાનના અભાવમાં જ્ઞાનદશામાં જીવે છે. જ્ઞાનીનો નિશદિન ઉપયોગ જ્ઞાયક શુદ્ધ સ્વરૂપમાં રહે છે. જ્ઞાનધારાની આત્મપ્રતીતિ સદા વર્તે છે. એક વાર આત્મ-પરિજ્ઞાનની ઉચ્ચદશાએ પહોંચ્યા પછી પ્રતીતિમાં દ્રવ્ય ઝળક્યા કરે છે. આત્મા નજરાતો હોય છે.

અંતરાત્મા ભાવનાનું તાદૃશ્ય ચિત્રણ શ્રી પદ્મનંદિ આચાર્યે 'પદ્મનંદિ પંચવિંશતિ' ગ્રંથના 'યતિભાવનાષ્ટક'ના શ્લોક ચારમાં આલેખ્યું છે - 'જો કોઈ નિર્જન સ્થાનમાં મારો નિવાસ હોય, સદા દિશાસમૂહ જ મારું વસ્ત્ર બની જાય અર્થાત્ મારી પાસે કાંઈ પણ પરિગ્રહ ન રહે, સંતોષ જ મારું ધન બની જાય, ક્ષમા જ મારી પ્યારી સ્ત્રી બની જાય, એક માત્ર તપ જ મારો વ્યાપાર બની જાય, બધા જ પ્રાણીઓ સાથે મૈત્રીભાવ થઈ જાય તથા જો હું સદાય એક માત્ર તત્ત્વવિચારથી ઉત્પન્ન થનાર સુખનો અનુભવ કરવા લાગું, તો પછી અતિશય શાંતિને પ્રાપ્ત થયેલ મારી પાસે શું નથી ? બધું જ છે, એવી અવસ્થામાં મને બીજાઓનું કાંઈપણ પ્રયોજન નથી.'

અજ્ઞાન અવસ્થાનો નાશ કરી અંતરાત્મા જાગૃત થાય છે ત્યારે વિશેષ ભાવોમાં જીવે છે. મુનિદશાની ભાવના ભાવે છે. આવી વિશિષ્ટ ભાવના જીવને પરમાત્મદશા સુધી પહોંચાડે છે. વિશેષપણે જાગૃત થયેલો અંતરાત્મા અપૂર્વ અવસરની ભાવના ભાવે છે. આત્માનો અનુભવી થયેલો આત્માને સ્વાનુભવગમ્ય, વચનઅગોચર અને અતીન્દ્રિયની આરાધના ત્રયી સમજે છે. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે કે જે ક્ષણે આ પદાર્થોનો ત્યાગ થઈ જાય અને સાદિ અનંતકાળ આત્મદશામાં રહેવાય એવી ભાવનાથી ભાવિત થાય છે.

પૂજ્ય બેનશ્રીની આર્ષવાણી કહે છે, ''મુનિરાજનો નિવાસ ચૈતન્યદેશમાં છે. ઉપયોગ તીખો થઈને ઊંડે ઊંડે ચૈતન્યની ગુફામાં ચાલ્યો જાય

છે. બહાર આવતાં મડદા જેવી દશા હોય છે. શરીર પ્રત્યેનો રાગ છૂટી ગયો છે. શાંતિનો સાગર પ્રગટ્યો છે. ચૈતન્યની પર્યાયના વિવિધ તરંગો ઉછળે છે. જ્ઞાનમાં કુશળ છે. દર્શનમાં પ્રબળ છે. સમાધિના વેદનાર છે. અંતરમાં તૃપ્ત તૃપ્ત છે. મુનિરાજ જાણે વીતરાગતાની મૂર્તિ હોય એ રીતે પરિણમી ગયા છે. દેહમાં વીતરાગદશા છવાઈ ગઈ છે. જિન નહિ પણ જિન સરખા છે."

હવે અંતરાત્મા 'पुनः उत्थितः' વિશેષતાથી જાગૃત થાય છે. પરિણામે આગળની ઉચ્ચદશાની ભાવના ભાવતાં રહે છે. વસ્તુ સ્વરૂપને સાધીને નિરંતર આત્મધારામાં રહ્યા કરાય એ ભાવના અંતરાત્માની છે. શ્રી પૂજયપાદ આચાર્ય બહિરાત્મામાંથી અંતરાત્મા પ્રતિ દોરે છે. અને અંતરાત્માને પરમાત્મા પ્રતિ દોરે છે. ધન્ય છે આવા વિશિષ્ટ આચાર્યોને - નમન હો.

પરમકૃપાળુદેવની સમાધિગિરાને સ્મરીએ,

"કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા, નિર્ગ્રંથનો પંથ ભવ અંતનો ઉપાય છે." **(ક્રમશઃ)**

## श्री गुरु माहात्म्य

**रचयिता : बा.ब्र. अलकाबहन**

गुरुनाम की चलती नाव, जगत उद्धार करे,
तेरे भव से बेडा पार, बड़ा उपकार करे,
गुरुकृपा की है बलिहारी... (२)
गुरुवचन सुधारस खान, करावे अमृतरस का पान,
मिटावे भव भव का अज्ञान, बड़ा उपकार करे,
गुरुकृपा की है बलिहारी... (२)
गुरु सत्संग तीर्थ प्रमाण, करे मन निर्मल नीर समान,
घटावे अवगुण विषय विकार, बड़ा उपकार करे,
गुरुकृपा की है बलिहारी... (२)
गुरु आश्रय शाश्वतधाम, करावे निजपद में विश्राम,
तिरावे भवजल खार अपार, बड़ा उपकार करे,
गुरुकृपा की है बलिहारी... (२)

## જેટલી બહાર ગતિ, એટલી ઝડપી દુર્ગતિ...

**(પાના નં. ૧૧ પરથી ચાલુ...)**

રજૂ કરે કે જ્યાં આત્મા જ નથી, ત્યાં વળી એનો અવાજ ક્યાંથી હોય ? સ્વયંને એ જ જાણી શકે છે જે પોતાના જીવનની ગતિનો જરા થોભીને વિચાર કરે છે. ટ્રેનની ગતિ વધતી-ઓછી થયા કરે છે, જ્યારે બહારની દુનિયામાં દોડતો માણસ સતત એકધારી ગતિએ કોઈ એની પાછળ પડ્યું હોય એમ, દોડ્યા કરે છે. હા, એની પાછળ પડ્યા હોય છે પારાવાર ભૌતિક આકર્ષણો. એને દોડાવે છે પ્રાપ્તિની ઝંખના અને થાકી જાય તો પણ એ દોડતો રહે છે રાતોરાત ખૂબ ઝડપથી સંપત્તિ કે સત્તા મેળવવાની ખેવનાને કારણે. આ આકર્ષણો, ઝંખના અને ખેવના એના જીવનમાં જાત-જાતની, ભાત-ભાતની અને ચિત્રવિચિત્ર આશાઓનાં સ્વપ્નો રચે છે.

આવી રીતે દોડતી વ્યક્તિ સમય જતાં અટકવાનું કે થોભવાનું ભૂલી જાય છે. પહેલાં દોડવું એ એની આદત બને છે અને પછી એ એનો સ્વભાવ થઈ જાય છે. દોડધામભરી જિંદગીની આસપાસ એનું જીવન ચપોચપ ગોઠવાઈ જાય છે અને ધીરે ધીરે એ પોતાની જીવનની દોડમાં ગતિનો વધારો કરે છે, કારણ કે એની સફર એકમાર્ગી રસ્તા પર છે. બહારના રસ્તા પર જ એની દોડ છે, ત્યારે ભીતરનો વિચાર કરવાની નિરાંત કે ફુરસદ એને ક્યાંથી હોય ? અરે ! ભીતરના અસ્તિત્વનો અંદેશો કે અહેસાસ પણ એને હોતો નથી. કોઈ અંતર્મુખ થવાની વાત કરે તો એ હાંસી ઉડાવે છે કારણ કે એને ખુદને અંદરનો કોઈ સ્પર્શ નથી અને એ પછી એના જીવનમાં એવાં આયોજનો, ઉપક્રમો અને પ્લાન કરશે કે જેથી પોતાના ભીતર ભણી એની નજર પણ ન જાય. આથી "હું કોણ છું ?" જાણવા માટે જીવનની ગતિનો તાગ મેળવવો પડશે અને એ તાગ મેળવ્યા પછી આત્મચિંતનની યાત્રા શરૂ થશે. **(ક્રમશઃ)** ■

# શ્રી દર્શનસ્તુતિ - એક અનુચિંતન

**(રચયિતા : પંડિતવર્ય દૌલતરામજી) (ક્રમાંક - ૨)**

**આધાર : પૂજ્યશ્રી આત્માનંદજીના સ્વાધ્યાય તથા અન્ય વિવેચન**

**પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી**

**(ગાથા - ૨)**

**जय वीतराग विज्ञानपूर,**

**जय मोह तिमिर को हरन सूर;**

**जय ज्ञान अनंतानंत धार,**

**दृग सुख वीरज मंडित अपार ॥२॥**

વીતરાગદર્શનમાં આત્મા અને પરમાત્માનું સ્વરૂપ વૈજ્ઞાનિક રીતે રજૂ કરવામાં આવ્યું છે. તેને પરાવિદ્યા પણ કહે છે. 'सा विद्या या विमुक्त्ये ।'

"મંગલમય મંગલ કરન વીતરાગ વિજ્ઞાન,
નમો તાહિ જાતે ભયે અરિહંત આદિ મહાન."

વીતરાગ દર્શન વિજ્ઞાન સાથે એક કળા પણ છે.

"ग्यानकला जिनके घट जागी
ते जगमांहि सहज वैरागी,
ज्ञानी मगन विषयसुख मांही
यह विपरीति संभवे नांही ।"

**શબ્દાર્થ :** ભગવાન વીતરાગતાના પ્રતીક છે. હે પ્રભુ ! તમે મોહ-રાગ-દ્વેષરૂપ અંધકારનો નાશ કરવાવાળા વીતરાગી સૂર્ય છો. અનંત જ્ઞાનને ધારણ કરવાવાળા છો એટલે સર્વજ્ઞ છો તથા અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્યથી પણ શોભાયમાન છો. તમારો જય થાઓ ! જય થાઓ !

**ભાવાર્થ :** પંડિત દૌલતરામજી ભગવાનની મૂર્તિના દર્શનથી અત્યંત પ્રભાવિત થઈ ગયા છે તેથી વૈજ્ઞાનિક રીતે પરમાત્માના ગુણો રજૂ કરે છે. ભગવાન અનંત આનંદમાં કેમ છે ? તેઓએ મોહનીય કર્મને હણી નાખ્યું છે તેથી વેદનીય કર્મ (જે અઘાતીકર્મ છે) તેનું કાર્ય કરી શકતું નથી. અને તે કારણથી પરમાત્મા સહજ સુખમાં - આનંદમાં નિમગ્ન રહે છે. હે પ્રભુ ! તમે કેવળજ્ઞાનાવરણીય કર્મનો નાશ કરી નાખ્યો છે તેથી સર્વજ્ઞ-કેવળજ્ઞાની-અનંતજ્ઞાનના ધારક બની ગયા છો. દર્શનાવરણીય કર્મ તથા અંતરાયકર્મને પણ હણી નાખ્યા છે. તેથી અનંત દર્શન અને અનંત વીર્ય પણ પ્રગટી ગયાં છે. હે પરમાત્મા ! તમારા ગુણોનું વર્ણન કરવા હું સમર્થ નથી. તમારા અનંત ચતુષ્ટયનું વર્ણન વાણીથી અગોચર છે.

"જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શકયા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?

**— શ્રીમદ્ રાજચંદ્ર**

**આત્માર્થ :** ભગવાનની મૂર્તિના ભાવપૂર્વક દર્શન કરવાથી, આવા ગુણો શક્તિ અપેક્ષાએ મારા આત્મામાં પણ રહેલા છે એવો ઉત્તમ મુમુક્ષુને પ્રતિભાસ થાય છે. શ્રી આનંદઘનજી મહારાજ શાંતિનાથ ભગવાનને પ્રશ્ન કરે છે —

"શાંતિ જિન, એક મુજ વિનતિ,
સુણો ત્રિભુવનરાય રે;
શાંતિસ્વરૂપ કિમ જાણીએ;
કહો મન કિમ પરખાય રે." શાંતિ...

ભગવાન સાચા ભક્તને જવાબ આપે છે,

"આપણો આતમભાવ જે, એક ચેતન આધાર રે;
અવર સવિ સાથ સંયોગથી,
એહ નિજ પરિકર સાર રે."
શાંતિ જિન...

આવો ઉત્તર સાંભળી આનંદઘનજી મહારાજના ભાવ અત્યંત ઉલ્લસિત થઈ જાય છે — મહાશાંત મૂર્તિના ભાવ જોઈ તત્ત્વબોધ પામી જાય છે.

"અહો ! અહો ! હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે;
અમિત ફલ દાન દાતારની, જેહની ભેટ થઈ તુજ રે,
શાંતિ જિન, એક મુજ વિનતિ."

આ રીતે સાચો ભક્ત સ્થાપના નિક્ષેપ દ્વારા ભગવાનની મૂર્તિમાં સાક્ષાત્ ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા કરે છે અને હૃદયથી ભાવપૂર્વક તેમના દર્શન કરી, તેમના ગુણોનું સ્મરણ કરતાં કરતાં પોતાની વૃત્તિને અંતર્મુખ કરે છે તથા આત્માના ચિંતનમાં સ્થિર થવાનો પુરુષાર્થ કરે છે અને ભગવાનને કહે છે,

"જો પદ તાકો, વો પદ માકો,
પદપ્રાપ્તિ કો આયા હૂઁ,
અજર અમર અવિનાશી આનંદઘન
શુદ્ધ સ્વરૂપી મૈં આત્મા હૂઁ."

આ પ્રમાણે બીજી ગાથામાં અરિહંત પરમાત્માના અનંતચતુષ્ટયરૂપ ગુણોનું અલૌકિક માહાત્મ્ય સમજાવી તેમનો જયજયકાર કરે છે.

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

## પુસ્તક સમાલોચના

**– મિતેશભાઈ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી.)

**[૧] પુસ્તકનું નામ : જૈન આચાર મીમાંસા**

**લેખક :** શ્રી ચંદ્રહાસ ત્રિવેદી ● **પૃષ્ઠ :** ૧૨૮ ● **આવૃત્તિ** - ચોથી, ૨૦૧૬ ● **મૂલ્ય :** રૂ. ૧૦૦

**પ્રકાશક :** શ્રી ચંદ્રહાસ ત્રિવેદી 'સુહાસ'
૬૪, જૈનનગર, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : (૦૭૯) ૨૬૬૨૦૬૧૦

**વિક્રેતા :** ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ ● શ્રી નવભારત સાહિત્યમંદિર, અમદાવાદ - મુંબઈ

આકર્ષક મુખપૃષ્ઠ, સારા કાગળ વાપરેલ છે. આ પુસ્તકમાં જૈન ધર્મના આચારોનું વિશદ્ વર્ણન છે. આ પુસ્તક જૈન આચારો વિશેનું વિશિષ્ટ પુસ્તક બની રહ્યું છે. આ પુસ્તકમાં પંચાચાર (દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર), જૈન આચારના પ્રાણસમા છ આવશ્યક, મહાવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રત, સાધનામાર્ગના યાત્રી માટે ઉપકારક કાયોત્સર્ગ, દુષ્કૃતગર્હા, સુકૃત અનુમોદના વગેરે વિષયોનું રસપ્રદ વર્ણન છે. લેખકની લેખનશૈલી એવી છે કે પુસ્તક એકવાર હાથમાં લીધા પછી મૂકવાનું મન ન થાય. જૈન આચારો વિશે જાણવા ઇચ્છુક જિજ્ઞાસુઓએ આ પુસ્તક અવશ્ય વાંચવા જેવું છે.

**[૨] પુસ્તકનું નામ : અનુસ્વારની આંખે, જોડણીની પાંખે, વિરામચિહ્નની સાખે**

**લેખિકા :** ડૉ. ધનવંતી મોદી ● **પૃષ્ઠ :** ૪૮ ● **આવૃત્તિ :** પ્રથમ, ૨૦૧૬ ● **મૂલ્ય :** રૂ. ૪૦/-

**પ્રકાશક :** SKPG જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર
મેવાડ પાટનવાલા એસ્ટેટ, ઘાટકોપર (વે), મુંબઈ

**પ્રાપ્તિસ્થાનો :** (૧) શ્રી ભાવેશભાઈ મોદી - મો. ૦૯૮૨૧૦૫૧૧૮૫
(૨) શ્રી મિતેશભાઈ શાહ - ફોન ૦૭૯-૨૫૦૩૬૫૬

આ પુસ્તકમાં અનુસ્વારના નિયમો, જોડણીના નિયમો, પ્રત્યયોનો પ્રયોગ, અર્થભેદ, જોડાક્ષરો, તત્સમ શબ્દો, વિરામચિહ્નોના પ્રયોગ વગેરે અંગે સુંદર સમજૂતી આપવામાં આવી છે. દરેક શાળાએ આ પુસ્તક વસાવવા જેવું છે. ગુજરાતી વ્યાકરણની ઘનિષ્ઠ સમજણ માટે સૌએ આ પુસ્તક વાંચવું જરૂરી છે.

# શ્રી આનંદઘન ચોવીશી

**અશોકભાઈ પી. શાહ**

(ગતાંકથી ચાલુ...)

## શ્રી મહાવીર સ્વામી સ્તવન

યોગીશ્વર આનંદઘનજી સ્વયં (સ્તવનની ગાથા - ૨માં જણાવ્યું હતું તેવા) "સૂક્ષ્મ-સ્થૂલ ક્રિયાને રંગે" ઉમંગપૂર્વક થયેલા એક મહાન યોગી હતા. 'છદ્મસ્થ' વીર્યને અત્યંત ફોરવીને, શુભ 'લેશ્યા'માં રહીને મોક્ષમાર્ગનો યોગ સાધનાર યોગી હતા. પરંતુ મહાવીર જેવા પરમયોગી થયા સિવાય આનંદઘનજીને કઈ રીતે ચેન પડે ? તેથી એક-બે ભવમાં જ મહાવીર જેવા બનવા તેઓ પ્રભુ પાસે તેમના જેવું વીરપણું માગે છે તે આપણે જોયું.

આત્માનો આ વીર્ય ગુણ સ્વાભાવિકપણે અથવા વૈભાવિકપણે, એમ બંને રીતે પ્રવર્તે છે. તે બંને પરિસ્થિતિમાં શું બને છે તેનું વીતરાગ-વિજ્ઞાન હવે આગળની ગાથાઓમાં સમજાવે છે :

**અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખે, યોગ અસંખિત કંખે રે;**
**પુદ્ગલ ગણ તેણે લે સુવિશેષે, યથાશક્તિ મતિ લેખે રે.**
**- વીરજી૦ ૩**

**શબ્દાર્થ :** આત્માના અસંખ્ય પ્રદેશમાં અસંખ્ય વીર્ય છે. વળી, દરેક પ્રદેશે યોગનું કંપન છે. તેથી અસંખ્ય પ્રદેશે યોગ પણ અસંખ્ય સામર્થ્ય સાથે સ્ફૂરે (કંખે) છે. જેવી યોગની શક્તિ અને જેવી (કષાય કરવાની) મતિ તે પ્રમાણે વિશેષપણે કર્મપુદ્ગલના સમૂહ આત્મા ગ્રહણ કરે છે. (અસંખ્ય = ગણતરીમાં ન આવી શકે તેવું; પ્રદેશે = પ્રદેશમાં, અસંખે = અસંખ્ય; યોગ = મન, વચન, કાયાનું આત્મા સાથે જોડાણ; કંખે = સ્ફૂરે, સ્ફુરાયમાન થાય; પુદ્ગલ ગણ = કર્મપરમાણુઓનો જથ્થો, કાર્મણવર્ગણા; સુવિશેષે = સારા પ્રમાણમાં, વિશેષપણે; યથાશક્તિ = જેવી યોગની શક્તિ; યથામતિ = જેવી કષાય કરવાની મતિ; લેખે = તે પ્રમાણે)

**ભાવાર્થ :** આત્મા અસંખ્ય પ્રદેશી તત્ત્વ છે. પ્રદેશ એટલે આકાશનો નાનામાં નાનો અવિભાજ્ય અંશ. જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં શ્રી ગોપાલદાસજી બરૈયા પ્રદેશની વ્યાખ્યા (પ્ર.૫૭) આપતાં કહે છે કે *"આકાશના જેટલા ભાગને એક પુદ્ગલ પરમાણુ રોકે, તેટલા ભાગને પ્રદેશ કહે છે."* દરેક આત્માના પ્રદેશ આકાશના અસંખ્યાત પ્રદેશને રોકે છે, તેથી તેને અસંખ્યાત પ્રદેશી કહ્યો. આત્મામાં સંકોચ-વિસ્તારની શક્તિ હોવાથી કીડીના ભવમાં કે હાથીના ભવમાં પણ તે અસંખ્ય પ્રદેશી જ રહે છે.

આત્માના અનંત ગુણો પ્રદેશે પ્રદેશે વ્યાપેલા છે. તે રીતે વીર્ય ગુણ પણ અસંખ્યાત પ્રદેશોમાં રહેલો હોવાથી **'વીર્ય અસંખે'** એમ કહ્યું. વળી, મન, વચન અને કાયાના નિમિત્તે તે સર્વ અસંખ્ય પ્રદેશોમાં યોગનું કંપન થાય છે. તેથી અસંખ્ય પ્રદેશોમાં યોગ પણ 'અસંખિત.' **"યોગ અસંખિત કંખે રે"** અર્થાત્ અસંખ્ય યોગ સ્ફૂરે છે. યોગની વ્યાખ્યા શ્રી ગોપાલદાસજી (પ્રશ્ન - ૩૯૮માં) આ રીતે આપે છે : "મન, વચન, કાયાના અવલંબનથી કર્મ-નોકર્મને ગ્રહણ કરવાની જીવની શક્તિવિશેષને ભાવયોગ કહે છે. તે જ ભાવયોગના નિમિત્તથી થતા આત્મપ્રદેશોના કંપનને દ્રવ્યયોગ કહે છે." આત્માના અસંખ્ય પ્રદેશોમાં આમ યોગની સ્ફૂરણા (કંખે) અને કર્મગ્રહણનું યોગસામર્થ્ય હોવાથી "યોગ અસંખિત કંખે" એમ કહ્યું :

હવે ગાથાના બીજા ચરણમાં તે યોગ-સામર્થ્યનો જીવ જો દુરુપયોગ કરે તો શું થાય તે સમજાવે છે. **"પુદ્ગલ ગણ તેણે લે સુવિશેષે."**

મન, વચન, કાયાના યોગનું સામર્થ્ય જ્યારે શુભાશુભ પરપ્રવૃત્તિમાં વપરાય છે ત્યારે તે યોગની તીવ્રતા-મંદતા તેમજ તેની સાથે થતા કષાયની તીવ્રતા-મંદતા અનુસાર કર્મપુદ્‌ગલનો સમૂહ આત્મા ગ્રહણ કરે છે. — "પુદ્‌ગલ ગણને લે છે" અને તે પણ સુવિશેષે, જેના બે અર્થ થાય છે. એક તો સુવિશેષે એટલે આત્મા અને કર્મ વચ્ચે આવો સપ્રમાણ વિશિષ્ટ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે અને બીજું, સુવિશેષે અર્થાત્ સારા પ્રમાણમાં, કારણ કે યોગ સામર્થ્ય અસંખ્ય પરંતુ કર્મના પરમાણુ તો અનંત સંખ્યામાં પણ આવે છે, જેને કર્મનો 'પ્રદેશ બંધ' કહેવાય છે.

આવું કર્મબંધન **"યથાશક્તિ મતિ લેખે રે"** અર્થાત્ યથાશક્તિ અને યથામતિ થાય છે. 'યથાશક્તિ' એટલે યોગની જેવી શક્તિ તે મુજબ સપ્રમાણ કર્મનો પ્રદેશબંધ (કર્મનો જથ્થો) અને પ્રકૃતિબંધ (જ્ઞાનાવરણીય આદિ) થાય છે. 'યથામતિ' અર્થાત્ જેવો તીવ્ર કે મંદ કષાય તેને અનુસાર સ્થિતિબંધ(તે કર્મ **કેટલો સમય** ફળ આપશે) અને રસબંધ (તે કર્મ **કેવું ફળ** આપશે) થાય છે. સ્થિતિ અને રસબંધ અથવા અનુભાગબંધ જીવને સુખી-દુઃખી કરવામાં મુખ્ય ભાગ ભજવે છે. તેથી સાધક જીવે યોગ-નિયંત્રણ કરતાં પણ વધુ ધ્યાન કષાય-નિયંત્રણ ઉપર આપવું જોઈએ. છદ્મસ્થ જીવનો ઉપયોગ મુખ્યપણે બહિર્મુખ હોવાથી જે કંઈ વીર્ય સ્ફૂરે છે 'પુદ્‌ગલ ગણને વિશેષપણે ગ્રહણ કરવામાં' અર્થાત્ કર્મબંધનમાં વપરાઈ જાય છે. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર-ગાથા-૮૨ ઉપરોક્ત ગાથા સાથે કેટલું સામ્ય ધરાવે છે તે જોઈએ :

*"ભાવકર્મ નિજ કલ્પના, માટે ચેતનરૂપ;*
*જીવવીર્યની સ્ફૂરણા, ગ્રહણ કરે જડધૂપ."*

ભાવકર્મ નિજ કલ્પના = જીવના યથાશક્તિ, યથામતિ થતાં વિભાવ.

જીવવીર્યની સ્ફૂરણા = વીર્ય અસંખે, યોગ અસંખિત કંખે

ગ્રહણ કરે જડધૂપ = પુદ્‌ગલ ગણ તેણે લે સુવિશેષે.

આમ, આ ગાથામાં મુખ્યપણે સંસારી જીવો કઈ રીતે યોગ અને કષાયના પ્રભાવમાં આવી કર્મનો આસ્રવ - બંધ કરે છે તે કહ્યું. હવે, પ્રભુ કઈ રીતે સંવર-નિર્જરા કરી વર્ધમાનમાંથી મહાવીર બન્યા અને સિદ્ધપદ પામ્યા તેની વાત કરે છે :

**ઉત્કૃષ્ટે વીર્ય નિવેસે, યોગ ક્રિયા નવિ પેસે રે;**
**યોગ તણી ધ્રુવતાને લેશે, આતમશક્તિ ન ખેસે રે.**
**— વીરજી૦ ૪**

**શબ્દાર્થ :** ઉત્કૃષ્ટ વીર્ય સ્ફુરાયમાન થતાં યોગક્રિયાઓ (આત્મામાં) પ્રવેશતી નથી. યોગનું કંપન અટકી જતાં આત્મપ્રદેશો હવે ધ્રુવતાને પામે છે અને આત્મશક્તિ હવે ખસતી નથી, ચલાયમાન થતી નથી. (નિવેસે = સ્ફૂરે; નવિ પેસે = પ્રવેશતી નથી; ધ્રુવતા = સ્થિરતા; ન ખસે =ખસતી નથી, ચલાયમાન થતી નથી)

**ભાવાર્થ :** પ્રભુએ "રાજપાટનો ત્યાગ કરીને વાટ લીધી જંગલની" અર્થાત્ સર્વસંગપરિત્યાગ કરી મુનિદીક્ષા લીધી, તેમાં ઉત્કૃષ્ટ વીર્ય ફોરવીને નિર્બીજ સમાધિના ફળસ્વરૂપે કેવળજ્ઞાન પ્રગટાવ્યું. પ્રભુ સયોગી કેવળી થયા. સયોગી એટલે મન, વચન, કાયાના યોગ છે પણ તેની પ્રવર્તના તો ઈચ્છારહિતપણે માત્ર જગતના કલ્યાણ માટે છે. તે યોગની ક્રિયાથી હવે કર્મબંધન નથી. કારણ કે કષાયનો સંપૂર્ણ અભાવ છે. વળી, તે યોગથી પ્રભુની આત્મસ્થિરતામાં કોઈ સ્ખલના થતી નથી કે આત્મશક્તિ ચલાયમાન થતી નથી. તે યોગથી માત્ર શાતાવેદનીયનો ઈર્યાપથિકી આસ્રવ છે, જેથી તે શાતાવેદનીયના પરમાણુ માત્ર એક સમય માટે બંધાય, બીજે સમયે વેદાય અને ત્રીજે સમયે નિર્જરી

જાય. તેથી તે કર્મબંધન કહેવાતું જ નથી. આમ, કર્મબંધનમાં યોગ કાર્યકારી ન હોવાથી એ દૃષ્ટિએ સયોગી કેવળીને પણ "યોગ ક્રિયા નવિ પેસે રે" એમ કહી શકાય. વિકારનો અનંતાંશ પણ ન રહ્યો હોવાથી "આત્મશક્તિ ન ખેસે રે" - પ્રભુ આત્મસ્વરૂપમાંથી અલ્પ પણ ખસતા નથી, ચ્યુત થતા નથી. શ્રી અમિતગતિ સામાયિક પાઠમાં કહ્યું છે તેમ –

*"સ્પર્શ તલભાર તિમિર કેરો, થાય નહિ જ્યમ સૂર્યને;*
*ત્યમ દુષ્કલંકો કર્મનાં, અડકી શકે નહિ આપને."*

આ ગાથા સિદ્ધાંતથી તો સિદ્ધપદ માટે છે, કારણકે ત્યાં દ્રવ્ય-ભાવ બન્નેથી યોગની ધ્રુવતા અર્થાત્ અયોગીપણું છે. આયુષ્ય પૂર્ણ થતાં મહાવીર પ્રભુએ ૧૪મા ગુણસ્થાને પાંચ હ્રસ્વાક્ષર પ્રમાણ કાળમાં શુકલધ્યાનના અંતિમ ચરણમાં પ્રવેશી શૈલેષીકરણ કરતાં યોગનિરોધ કર્યો અને પ્રભુ અયોગી, નિકલ પરમાત્મા બને છે અને સમયમાત્રમાં ઊર્ધ્વગમન કરી સિદ્ધાલયમાં અડોલ, અકંપ, ધ્રુવ એવા સિદ્ધપદે બિરાજમાન થયા. તે શૈલેષી અવસ્થામાં આત્મપ્રદેશો અંતિમ શરીરના ૨/૩ ભાગે સંકોચાઈ અત્યંત સ્થિર થઈ ગયા, પ્રદેશોના કંપનરૂપ યોગનો અભાવ થઈ મેરુસમાન નિષ્કંપ થયા તેથી કહ્યું કે "યોગ તણી ધ્રુવતાને લેશે." - એમ દ્રવ્ય-સ્થિરતા થઈ. ભાવથી હવે વિકારનો અંનતાશ પણ ન રહ્યો હોવાથી પ્રભુ હવે અનંતકાળ સુધી સ્વભાવથી ચલાયમાન નહિ થાય, કારણ કે તેમ થવાનું કોઈ કારણ જ હવે રહ્યું નથી. આવી ભાવ-સ્થિરતા હોવાથી કહ્યું, "આતમશક્તિ ન ખેસે રે." ૧૪મા ગુણસ્થાને જ અપૂર્વ અવસરની ગાથા - ૧૭માં કહ્યું છે તેમ :

*"મન, વચન, કાયા ને કર્મની વર્ગણા;*
*છૂટે જહાં સકલ પુદ્ગલ સંબંધ જો,*
*એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું;*
*મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો."*

આમ, મન - વચન - કાયાનો સંબંધ કાયમ માટે છૂટી ગયો હોવાથી, યોગક્રિયા પ્રવેશવાનો સંભવ જ નથી, માટે કહ્યું, "યોગ ક્રિયા નવી પેસે રે."

આમ આ ગાથાનો સંદર્ભ સયોગી અને અયોગી બંને દશામાં આપણે જોયો.

અહીં ધ્રુવતાને 'લેશે' કહેતાં ભવિષ્યકાળનું ક્રિયાપદ વાપર્યું છે, તે એમ સૂચવે છે કે જે કોઈ છદ્મસ્થ સાધક જીવ આ પ્રમાણે ઉત્કૃષ્ટ વીર્ય ફોરવશે તે યોગ તણી ધ્રુવતારૂપ સિદ્ધપદને લેશે, પામશે. 'વીરપણાની માંગ' એ તો આ સ્તવનનું હાર્દ છે. તો તેનો Process, તેની પ્રક્રિયા, તેનો ક્રમ મહાવીરની જેમ આદરે તો જ લક્ષ્યસિદ્ધિ થાય ને ?

અહીં એક અત્યંત અગત્યની વાત એ છે કે પ્રભુ મહાવીરે પરમાત્મા બની જે અનંત વીર્ય પ્રગટાવ્યું તેનો પુરુષાર્થ તો છદ્મસ્થ દશામાં ક્ષાયોપશમિક વીર્યના આધારે જ કર્યો હતો ને ? જો કે અનેક ભવોની સાધનાના ફળસ્વરૂપે વીર્ય ઘણું હતું, પણ તે ક્ષાયોપશમિક હતું, અનંત નહીં. આપણા માટે પ્રેરણારૂપ એ છે કે તેમણે ઉત્કૃષ્ટે વીર્ય નિવેસે - જેટલું વીર્ય હતું તે બધું માત્ર અને માત્ર આત્મસાધનામાં જ વાપર્યું. સાડા બાર વર્ષની મુનિ પર્યાયમાં માત્ર ૩૪૯ આહાર લીધા, તે પણ કઠિન અભિગ્રહો સહિત. અખંડિત મૌનપણે વિચર્યા, સાડાબાર વર્ષમાં કુલ મળીને માત્ર ૪૮ મિનિટની નિદ્રા અને તે પણ ગાઢ નિદ્રા નહીં, અને જ્યારે પણ વિચરતા નહીં ત્યારે માત્ર પદ્માસન અને ખડ્ગાસનમાં ધ્યાનસ્થ રહેતા. સંગમદેવ, ગોશાળા, ભરવાડ આદિ વડે થયેલ ઉપસર્ગોને આત્મધ્યાનમાં સ્થિર રહી સમભાવપૂર્વક પસાર કર્યા. આમ, ક્ષાયોપશમિક વીર્ય પણ ઉત્કૃષ્ટપણે ફોરવીને જ્ઞાન-ધ્યાનમાં જ લીન રહી અંતે ગૌદોહાસનમાં સ્થિત થઇ કેવળજ્ઞાન પ્રગટાવ્યું.

આપણે સમજવાનું એ છે કે આપણામાં આટલું વીર્ય નથી એમ વિચારી નિરાશ નથી થવાનું.

પણ આપણી પાસે પણ, અમુક માત્રામાં ક્ષાયોપશમિક વીર્ય તો છે જ. તેને જો 'ઉત્કૃષ્ટે નિવેસે', પોતાની ૧૦૦% શક્તિ આત્મકલ્યાણની સાધનામાં લગાડીએ તો સમ્યગ્દર્શન તો આ જ ભવે થઈ શકે. પછી ઉત્કૃષ્ટ વીર્ય ફોરવી અણુવ્રત આદિ ગ્રહણ કરી શ્રાવકના પંચમ ગુણસ્થાને, પછી ઉત્કૃષ્ટ વીર્ય ફોરવી મુનિદશાનું ૬-૭મું ગુણસ્થાન અને અંતે ઉત્કૃષ્ટે વીર્ય નિવેસે મહાવીરની જેમ કેવળજ્ઞાન ! "મિથ્યા મોહ તિમિર" ને તો અત્યારે જ ભગાવી શકાય એટલું છદ્મસ્થ વીર્ય તો આપણામાં છે જ. તે થતાં જેમ જેમ આગળના ગુણસ્થાન ચઢતાં જઈએ તેમ તેમ અંતર-બાહ્ય પરિબળો જ આપોઆપ એવા સહયોગ આપે કે આપણું વીર્ય વધારતાં વધારતાં મોક્ષની યાત્રા પૂર્ણ કરાવે. માટે આ જ ભવમાં એવું વીરપણું પ્રભુ પાસે માગવાનું છે.

પ્રભુ મહાવીરે આવું અયોગીપણું કઈ રીતે પ્રાપ્ત કર્યું તે હવે એક દૃષ્ટાંત દ્વારા વિશેષપણે સમજાવે છે :

**કામ વીર્ય વશે જેમ ભોગી, તેમ આતમ થયો ભોગી રે;**
**શૂરપણે આતમ ઉપયોગી, થાય તેહણે અયોગી રે.**
**— વીરજી૦ ૫**

**શબ્દાર્થ :** જેમ ભોગીનું વીર્ય કામવાસનાને જ વશ થઈ જાય છે, તેમ યોગીપુરુષ આત્મસ્વરૂપનો ભોગી થયો છે. શૂરવીરતાપૂર્વક નિરંતર આત્મામાં જ ઉપયોગની રમણતા દ્વારા તે અયોગી થાય છે. (કામ = વાસના, ઇચ્છાઓ; વશે = વશ થઈ જવું; ભોગી = ભોગવનાર, શૂરપણે =શૂરવીરતાથી, આતમ ઉપયોગી = ઉપયોગને આત્મામાં લગાવનાર; તેહણે = તે સાધક; અયોગી = મન, વચન, કાયાના યોગથી રહિત નિષ્કંપ સિદ્ધદશા)

**ભાવાર્થ :** આ એક આશ્ચર્યકારક વિરોધાભાસ છે કે આત્મામાં રહેલો વીર્ય ગુણ અવળી દિશા પકડે તો ભોગી પુરુષ કામવાસનાને વશ થઈ જાય છે અને એ જ વીર્ય ગુણને સવળી દિશામાં વાળીને યોગી પુરુષ સ્વરૂપાનંદનો ભોગી થાય છે.

કામ વીર્યનું દૃષ્ટાંત આપી અહીં વીર્યની પ્રબળતા સૂચવે છે કે જેવું ખેંચાણ કામી જીવને કામવાસનાનું હોય છે તેવું જ બલ્કે તેથી પણ વધુ ખેંચાણ યોગીને પોતાના આત્મસ્વરૂપના નિજાનંદને ભોગવવાનું હોય છે. એ દૃષ્ટિએ યોગી પણ ભોગી છે, પરંતુ સ્વરૂપાનંદનો ભોગી છે !

ક્રોધાદિ કષાયોને તો બુદ્ધિપૂર્વક વશ કરી શકાય છે, પરંતુ કામવાસનાને તો ભલભલા વીર પુરુષો પણ વશ થઈ જાય છે. તે છે તો નોકષાય, પરંતુ બીજા સર્વ કષાયો તેમાંથી ઊપજે છે. તેથી પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ 'બ્રહ્મચર્ય વિશે સુભાષિત' કાવ્યમાં કહ્યું, "એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર." અત્યંત વિષયાસક્ત ભોગી જીવને કામેચ્છા એટલી પ્રબળ વર્તે છે કે રાત - દિવસ તેના સિવાય બીજું કંઈ સૂઝતું નથી અને કામેચ્છા પૂરી ન થાય ત્યાં સુધી અત્યંત વિહ્વળ અને આકુળવ્યાકુળ રહે છે.

બીજી બાજુ મોક્ષાભિલાષીને આવું જ પ્રબળ ખેંચાણ છે, પણ જુદી દિશામાં ! તેને તો મહાવીર જેવા વીર બનવાની ધૂન લાગી છે. તેથી તેને હવે રાત-દિવસ આત્મધ્યાન અને આત્મસમાધિમાં રહેવા સિવાય બીજું કંઈ સૂઝતું નથી કે ગમતું નથી. તેનું મૂળ કારણ છે કે તેના મિથ્યાત્વનો નાશ થઈ ગયો છે. પૂર્વકર્મવશ કદાચ તેને ભોગ મળે તો પણ તેને તે નીરસ અને અર્થહીન લાગે છે. ભોગી જીવને જેમ પ્રબળ કામભોગનો એક નશો વર્તે છે તેમ આ 'આતમ-ભોગી'ને અપ્રમત દશામાં નિર્વિકલ્પ જ્ઞાનાનંદનો નશો છે, તો પ્રમત્તદશામાં સત્દેવ-ગુરુ-ધર્મની ભક્તિ, સ્વાધ્યાય અને ધ્યાનમાં લીન રહેવાનો નશો છે. તેથી ભોગી જીવને વિષયોમાં ઉન્મત દશા તો આ યોગીને સ્વરૂપમસ્ત ઉન્મત્ત દશા વર્તે છે.

શ્રીમદ્જી પોતાની આવી સ્વરૂપમસ્તીની વાત કરતાં કહે છે, *"રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે, આહાર પણ એ જ છે, નિદ્રા પણ એ જ છે, .. ભોગ પણ એ જ છે, પરિગ્રહ પણ એ જ છે.... અધિક શું કહેવું ?"* (જુઓ પત્રાંક - ૧૩૩). મીરાંબાઈને પણ કંઈક આવી જ ધૂન લાગી હતી, તેથી કહે છે :

*"મુને લહેરે લાગી હરિના નામની રે;*
*હું તો ટળી રે સંસારીઆના કામની રે. મુને.*
*હું તો બાવરી ફરું છું મારા મદમાં રે;*
*મારી સુરતી શામળિયાના પદમાં રે. મુને."*

આનંદઘનજી જેવા સમર્થ યોગી તો હવે શૂરપણે આતમ ઉપયોગી — શૂરવીરતાથી પરિષહ - ઉપસર્ગ આદિ અશુભ કર્મોદયમાં ગભરાતા નથી કે શુભ કર્મોદયના પ્રલોભનોમાં ફસાતા નથી. સર્વ પરિસ્થિતિમાં શૂરવીરતાપૂર્વક ઉપયોગને ધ્રુવપદ એવા આત્મસ્વરૂપમાં જ વાળતા જાય છે. તેમનું શૂરવીરપણું દુનિયાના પદાર્થોને જીતવામાં નથી પણ સ્વ-આત્માને જીતવામાં છે.

આવા મહાપુરુષ અપ્રમત્ત યોગીશ્વર બની જ્યારે શુભાશુભ ઉપયોગથી ઉપર ઉઠી શુદ્ધ ઉપયોગમાં લીન થવા અપ્રમત્તપણે ઉદ્યમવંત થાય છે — "શૂરપણે આતમ ઉપયોગી" થાય છે ત્યારે વધતી વધતી આત્મસ્થિરતા અને ઘટતી જાતી યોગ પ્રવર્તનાના ફળસ્વરૂપે એક દિવસ ક્ષપકશ્રેણી માંડી સયોગી કેવળજ્ઞાની પરમાત્મા બને છે. પરમ કૃતકૃત્યતા થવાથી હવે કંઈ કરવાનું બાકી રહેતું નથી. મન, વચન, કાયાના યોગ આયુષ્ય પૂર્ણ થતાં સ્વયં તેમનાથી છૂટા પડતાં "થાય તેહણે અયોગી રે" — તેઓ અયોગી સિદ્ધદશામાં સાદિ અનંતકાળ માટે અનંત સહજ-સુખનો ભોગવટો કરે છે. ભગવાન મહાવીર આવી રીતે શૂરવીરપણું પ્રગટાવી અયોગી સિદ્ધપદે બિરાજી રહ્યાં છે અને આનંદઘનજી એવું જ વીરપણું વીરજી પાસે માંગે છે.

તે વીરપણું કોને કહેવાય અને તેની પ્રાપ્તિનો સમ્યક્ ઉપાય હવે અંતિમ બે ગાથાઓમાં આવશે, તે યથા અવસરે વિચારીશું. **(ક્રમશઃ)**

---

## શ્રી ભક્તામર સ્તોત્ર

**(પાના નં. ૨૬ પરથી ચાલુ...)**

તેનો અંદરનો અહંકાર તૂટતો જાય છે અને પરમાત્મા (વ્યવહારથી) તથા પોતાના ત્રિકાળી શુદ્ધ આત્માની (નિશ્ચયથી) નજીક જતો જાય છે. "લઘુતા સે પ્રભુતા મિલે, પ્રભુતા સે પ્રભુ દૂર." સાચા ભાવથી વંદન-નમસ્કાર કરતા જીવે બાંધેલા નીચ ગોત્રનો ક્ષય થાય છે. યશ-સૌભાગ્ય, ઉચ્ચ ગોત્ર તથા દાક્ષિણ્યભાવને પામે છે.

હવેના ૧૧ શ્લોકમાં (૨૭ થી ૩૭), પ્રભુના દેશના પહેલા - તે સમયે કે તે પછી પ્રભુને પ્રગટતા અતિશયોનો પરિચય આચાર્યશ્રી આપે છે. તે પરથી પ્રભુનો પ્રભાવ અને તેમના ઉપદેશની સાર્થકતા સમજાય છે. પછીના ૯ શ્લોકમાં (૩૮ થી ૪૬) માનતુંગાચાર્ય કહે છે કે પ્રભુની સ્તુતિ ભાવપૂર્વક કરવાથી ભય અને સંતાપ (બાહ્ય અને અભ્યંતર, વ્યવહાર અને નિશ્ચય) દૂર થાય છે (નિમિત્ત અપેક્ષાએ). શ્લોક-૪૭માં તે ૯ શ્લોકનો સાર (૮ ભય નિવારણ) તથા શ્લોક-૪૮માં ઉપસંહાર અને અંતમંગલ છે.

અંતમાં સર્વ જીવ પરમાત્માના ગુણોને ઓળખીને, ભજીને તેમના જેવા બને તેવી મંગલ ભાવના સાથે, જિનવાણીથી વિપરીત કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૨૦)

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

## પ્રભુના ગુણવાચક વિશેષણો (૪) - ભાગ ૪ તથા પ્રભુને ચાર નમસ્કાર

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ !**
**तुभ्यं नमः क्षितितलामलभूषणाय ।**
**तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय,**
**तुभ्यं नमो जिन ! भवोदधिशोषणाय ॥२६॥**

● **શબ્દાર્થ :** तुभ्यं - તમને (આપને), नमः - નમસ્કાર (હો), त्रिभुवन - ત્રણ ભુવન (ઊર્ધ્વલોક - દેવો, મધ્યલોક - મનુષ્યો તિર્યંચો, અધોલોક - નારકી), अर्ति (आर्ति) - પીડા, દુઃખ, हराय - હરનાર, દૂર કરનાર, नाथ ! - (હે) નાથ (તીર્થંકર, આદિનાથ) !, क्षिति - પૃથ્વી, तल - (તેનો) પટ (ને વિષે), अमल - નિર્મળ, ઉજ્જવલ, भूषणाय - અલંકારરૂપ, त्रिजगतः - ત્રણ જગતના (ત્રણ ભુવનના, ત્રણ લોકના), परमेश्वराय - પરમેશ્વર (તીર્થંકર, જિનેશ્વર, આદિનાથ) जिन ! - (હે) જિનેશ્વર (દેવ) !, भव - ભવ (રૂપી), उदधि - સમુદ્ર, शोषणाय - શોષણ કરનાર.

● **સમશ્લોકી અનુવાદ :** (મંદાક્રાંતા)

**થાઓ મારા નમન તમને દુઃખને કાપનારા,**
**થાઓ મારા નમન તમને ભૂમિ શોભાવનારા;**
**થાઓ મારા નમન તમને આપ દેવાધિદેવા,**
**થાઓ મારા નમન તમને સંસૃતિ કાળ જેવા.(૨૬)**

● **ભાવાર્થ :** હે નાથ ! ત્રણ લોકની પીડા (દુઃખ) હરનાર એવા તમને (આપને) નમસ્કાર હો. હે પૃથ્વીના ઉજ્જવલ અલંકારરૂપ ! તમને (આપને) નમસ્કાર હો. હે ત્રણ જગતના પરમેશ્વર ! તમને (આપને) નમસ્કાર હો. હે જિનેશ્વર ! ભવરૂપી સમુદ્રનું શોષણ કરનાર એવા તમને (આપને) નમસ્કાર હો.

● **વિશેષાર્થ / પરમાર્થ :** માનતુંગાચાર્ય, ભગવાન આદિનાથ (જિનેશ્વર દેવ)ના આગળના ત્રણ શ્લોક (૨૩, ૨૪, ૨૫)માં ૨૫ ગુણો (અનુક્રમે ૬, ૧૫, ૪) વર્ણવ્યા પછી, બાકીના ૪ (બધા મળીને ૨૯) ગુણો-વિશેષણો આ શ્લોક ૨૬માં વર્ણવે છે. તેઓ ભાવવિભોર થઈને પ્રભુને અત્યંત ભક્તિભાવે ચાર વખત નમસ્કાર કરે છે. સ્તોત્રકાર સૂરિજી હવે **तुभ्यं** શબ્દના પ્રયોગ વડે અન્ય સર્વ દેવોનો પરિહાર કરીને શ્રી જિનેશ્વર દેવને નમસ્કાર કરે છે. સ્તુતિનું છેલ્લું અંગ નમસ્કાર છે. નમસ્કાર એ સમર્પણરૂપી ધર્મ આરાધના છે. નમસ્કારમાં કર્તવ્ય, કરવો પડે અથવા કરવો જોઈએ એવો ભાવ નથી. એ તો સહજ ભાવ પરિણતિ છે. નમસ્કારમાં અહમ્, પરિણતિ અને માથું નમે છે એટલે કે મન, વચન, કાયાથી થાય છે. 'ત્રણે યોગ એકત્વથી વર્તે આજ્ઞાધાર.'

બસ નમો - નમો - નમો - નમો ! નમે તે પ્રાપ્ત કરે. અધ્યાત્મ દૃષ્ટિએ નમસ્કાર એ આત્મશક્તિને નિમંત્રણ છે. નમસ્કાર કરનાર નમનીય બને છે. પોતાનાથી વિશેષ હોય તેના ગુણોનું પોતામાં આહ્વાન કરે છે. અહો ! મારામાં પણ આવા ગુણો પ્રગટ થાઓ. પરમાત્મા કેવા વિશિષ્ટ ગુણોથી સંપન્ન છે તે આ શ્લોકમાં સ્તુતિકાર બતાવે છે.

અહીં જ્ઞાન-દર્શન-ચારિત્રના સમન્વયથી મોક્ષમાર્ગની આરાધના છે. પહેલા પ્રભુના ગુણાનુવાદથી ઓળખાણ કરાવીને બોધ આપ્યો તે

જ્ઞાન આરાધના. પછી પ્રભુની સ્તુતિ, ભક્તિથી પ્રતીતિ અને અનુસંધાન કરાવ્યું તે દર્શન આરાધના. છેલ્લે સમ્યક્ વ્યવહાર અને આચાર રૂપ ભાવથી નમસ્કાર કર્યા તે ચારિત્ર આરાધના. આપણા દૈનિક ભક્તિક્રમની આજ્ઞાભક્તિમાં 'અહો શ્રી સત્‌પુરુષના વચનામૃત, મુદ્રા અને સત્‌સમાગમ' પણ અનુક્રમે જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના છે.

આ ગાથાના ચારે ચરણમાં 'હે જિન-પ્રભુ ! આપને મારા નમસ્કાર હો' એમ કહેવામાં આચાર્યશ્રીનો પુનરાવર્તનનો દોષ નથી પણ ભક્તહૃદયના અત્યંત ઉલ્લાસ પામેલા ભાવ ફરી ફરીને કહીને જિનેશ્વર પ્રભુ પ્રત્યે પોતાનો પ્રબળ અહોભાવ વ્યક્ત કર્યો છે. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર રચિત 'આત્મસિદ્ધિશાસ્ત્ર'માં પણ સર્વ (૬) શંકાનાં યથાર્થ સમાધાન પછી વિનીત શિષ્ય ખૂબ જ ઉલ્લાસ અને ગુરુના ઉપકારના વેદનથી ચાર વખત 'અહો' કહે છે, યથા :

**અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;**
**આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.**

(આત્મસિદ્ધિ - ૧૨૪)

પવિત્ર થયેલા ચિત્તમાં પ્રભુજીના અનેક ગાથાઓમાં વર્ણન કરવામાં આવેલા ભુવનમોહક કાંતિમાન સ્વરૂપનું અવલોકન સૂરિજીના હૃદયમાં અત્યંત વિસ્મયનો ભાવ તથા વિપુલ આનંદનો અનુભવ કરાવે છે. ગુણચિંતન તથા રૂપદર્શનની પ્રક્રિયા દ્વારા પોતાને ધ્યેય સ્વરૂપ ચિંતવીને પરમાત્મા સાથે તેઓ ભાવથી એકરૂપ થઈ જાય છે. સ્ફટિકના મણિરત્નને જે પદાર્થ સમક્ષ મુકવામાં આવે તેવું તે થઈ જાય છે, તેમ નિર્મળ ચિત્ત જે ઉત્તમ ભાવોનું ધ્યાન કરે ત્યારે તે ભાવસ્વરૂપ થઈ તેમાં સમરસ થઈ જાય છે.

તેથી આ ભક્તામર સ્તોત્ર માત્ર ભક્તિ- કાવ્ય નથી. માનતુંગાચાર્ય વિશિષ્ટ આધ્યાત્મિક પુરુષ હતા. તેમણે ગુણો-વિશેષણોનો પ્રભુજીના અનેક સ્વરૂપમાં સ્તુતિ માટે ઉપયોગ કર્યો છે. ભક્તામર સ્તોત્રનું પદલાલિત્ય મુગ્ધ કરે તેવું અને ભાવવાહી ઉચ્ચારણ સાત્ત્વિક ભાવાવેશ ઉત્પન્ન કરનારું છે. તેઓએ જે સ્તુતિ કરી તેના શબ્દો મંત્રાત્મક પ્રભાવવાળા થઈ ગયા. ભક્તામર સ્તોત્રની રચના- સ્તુતિ કરતા કરતા તેઓ ગાઢ આધ્યાત્મિક અનુભવમાં લીન થઈ ગયા. શ્લોક ૨૨માં જગત ઉપર અવર્ણનીય ઉપકાર કરનાર તીર્થંકરની માતાનું આદરપૂર્વક તેઓ ઋણ સ્વીકાર કરે છે. પરંતુ તાત્ત્વિક રીતે જોઈએ તો સૂરિજી પરમાત્માની અનુગ્રહ કરનારી શક્તિને વંદન કરીને તેની સાથે ભાવાનુસંધાન કરે છે. આવું તાદાત્મ્ય સધાય ત્યારે આ પરમ શક્તિ વ્યક્તિમાં અનેક ગુણોનો પ્રકાશ કરે છે, અને શુદ્ધ આત્મામાં લીન થવાનો - આત્મોન્નતિનો માર્ગ સરળ બને છે. આત્માની મૂળ સત્તા અથવા સર્વ જીવમાં રહેલી મહાસત્તા (ત્રિકાળી શુદ્ધ આત્મા) તરફ દૃષ્ટિ થાય તો સમભાવ પેદા થાય છે અને આવા સમભાવવાળો જીવ મોક્ષનો અધિકારી થાય છે. સૂરિજીની વાણીમાં અનુભવનો રણકાર છે. આ સ્તુતિ કરતી વખતે આચાર્યશ્રી ઉચ્ચ ભાવાવસ્થા-સમભાવમાં છે.

જુઓ, ભક્તને ભગવાન પ્રત્યેનું બહુમાન ! પરમાત્માને વારંવાર નમસ્કાર કરીને તે પરમાત્મ-પદ તરફ પોતાની પરિણતિને ઝુકાવે છે. જેઓ પોતે સાધુ પરમેષ્ઠી પદમાં વર્તે છે એવા માનતુંગ મુનિ આ સર્વજ્ઞ પરમાત્માનું સ્તવન કરી રહ્યા છે. આવી ભક્તિ કરતાં કરતાં ભક્તજનો ભવના બંધનને તોડી નાખે છે. માનતુંગાચાર્યને તો પ્રભુ જેવા પરમાત્મપદને પામવાની જ ભાવના છે. એવી ભાવનાથી તેઓ વારંવાર પ્રભુને નમસ્કાર કરે છે.

આ શ્લોકમાં પ્રભુના ૪ વિશેષણો (ગુણો) : દુ:ખ હરનારા, અલંકાર (શોભા) રૂપ, પરમેશ્વર અને ભવકટ્ટી કરનારા કહ્યા છે. આવો ક્રમ શ્રીમદ્

રાજચંદ્રજીએ પત્રાંક - ૬૯૨માં (દુર્લભ એવો મનુષ્ય દેહ) ચાર આશ્રયરૂપ દર્શાવ્યો છે. પહેલા જ્ઞાની પુરુષને ઓળખીને આશ્રય કરે છે, તેના આશ્રયથી મિથ્યા આગ્રહાદિની મંદતા થાય છે, પછી જન્મ-મરણનો નાશ કરનાર (આત્મજ્ઞાની)નો આશ્રય યથાસંભવ ઉપાય કહે છે તથા તેના આશ્રયપૂર્વક દેહવિલયથી ભવકટ્ટી દર્શાવી છે. પત્રાંક-૪૩૬માં પરમકૃપાળુદેવ કાંઈક આવા જ ભાવથી ચાર નમસ્કાર કરે છે. યથાઃ તીર્થંકરને, તેમના વચનને (જિનવાણી), માર્ગબોધને (ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધ) અને ઉદ્દેશવચન (તત્ત્વરૂપ પ્રયોજન)ને નમસ્કાર કરે છે.

હવે, આપણે માનતુંગાચાર્યે આ શ્લોકમાં સંબોધેલ પ્રભુના ગુણવાચક ચાર વિશેષણો (નામો, ગુણો) વિચારીએ :

**(૧) દુઃખ હરનારા :** ત્રણે લોકમાં જીવોને અજ્ઞાન (દર્શનમોહ) અને કષાય (ચારિત્રમોહ)થી જે અશાંતિ થાય છે તે જ પીડા - દુઃખ છે અને તે જન્મ-મરણ રૂપે ભવભ્રમણ કરાવે છે. પ્રભુ ધર્મદેશના દરમ્યાન સદ્‌વચનો કહે છે અને ધર્મના અનુષ્ઠાનો બતાવે છે. તેના લીધે બાહ્ય પીડા એટલે રોગ વગેરે અને અભ્યંતર પીડા એટલે શોક, સંતાપ, ચિંતા વગેરે દૂર થાય છે. તાત્પર્ય કે આવા પરોપકારીપણાને લીધે તેઓ વંદ્ય છે. અહીં પ્રભુના પરોપકારને નમસ્કાર છે. પ્રભુના શરણમાં જે જાય તેના દુઃખ નાશ પામે છે કારણકે પ્રભુ તેને આત્માના શાંત સ્વરૂપની ઓળખાણ કરાવી તેને ધર્મધ્યાનના માર્ગે વાળે છે, આર્ત્તધ્યાનથી છોડાવે છે અને ક્રમશઃ કર્મમુક્ત તથા દુઃખમુક્ત થાય છે. જિનેશ્વર પ્રભુ વીતરાગતાના ઉપદેશ વડે દુઃખને દૂર કરનારા અને સુખની પ્રાપ્તિ કરાવનારા (નિમિત્ત) છે. તેઓ સમ્યક્ત્વના રક્ષક અને ચારિત્રના પોષક છે.

**(૨) જગતના આભૂષણ (અલંકાર, શોભારૂપ :** જિનેશ્વર પ્રભુ અલૌકિક ગુણો વડે પૃથ્વીના ઉજ્જવલ અલંકારરૂપ છે. અહીં પ્રભુની દશાને નમસ્કાર છે. અલૌકિક ગુણો એટલે અનંત જ્ઞાન, અનંત દર્શન, ક્ષાયિક સમ્યક્ત્વ, અનંત વીર્ય, અનંત સુખ (આનંદ) વગેરે. આ બધા ગુણો ચાર ઘાતીકર્મના ક્ષયને લીધે તેમને પ્રગટેલા છે અને તેથી તેઓ પરમ દિવ્યતા સંપન્ન હોય છે. પ્રભુ સર્વ જીવને સાચો રાહ બતાવી નિર્મળ બનવાનો માર્ગ પ્રકાશિત કરે છે અને તેમના ભાવ તો એવા ઉત્કૃષ્ટ હોય છે કે સારીયે પૃથ્વી-ક્ષિતિતલ મલરહિત બની જાય. પોતે અત્યંત પવિત્ર છે અને અન્યને પવિત્ર કરવાના ભાવ છે. આથી સ્વ-પર કલ્યાણના ભાવુક એવા પ્રભુજી આ ધરતીને શોભાવનારા છે, આવા ઉત્તમ પુરુષનું અવતરવું એ તે ક્ષેત્રને શોભારૂપ છે.

માનતુંગાચાર્ય કહે છે કે હે દેવ ! સર્વજ્ઞતા અને વીતરાગતા વડે શોભી રહેલા આપ જ આ પૃથ્વીના નિર્મળ આભૂષણ છો. રાગ-દ્વેષ વડે દુનિયા નથી શોભતી, વીતરાગતા વડે દુનિયા શોભે છે. તીર્થંકરનું સુંદર રૂપ (બાહ્ય અને અભ્યંતર) ત્રણે લોકમાં શ્રેષ્ઠ છે (જુઓ ભક્તામર શ્લોક ૧૧, ૧૨, ૨૩).

**(૩) પરમેશ્વર :** તીર્થંકર ત્રણ જગતના પ્રકૃષ્ટ નાથ હોવાથી પરમેશ્વરનું બિરુદ સાર્થક છે. અહીં પ્રભુની દશાને નમસ્કાર છે. પ્રકૃષ્ટ એટલે ઉત્તમ અને નાથ એટલે યોગ-ક્ષેમનું વહન કરનાર. ન મળેલી વસ્તુ મળે તે યોગ અને મળેલી વસ્તુનું રક્ષણ થાય તે ક્ષેમ. શ્રી જિનેશ્વર દેવ આવા અર્થમાં નાથ છે, કારણકે જેઓ હજી ધર્મ-માર્ગમાં જોડાયેલ નથી તેમને ધર્મમાર્ગમાં જોડે છે અને ઉપદેશ દ્વારા તેમનું રક્ષણ કરે છે. પરમેશ્વર પદનો આ ભવ્ય આદર્શ છે. આદિનાથ પ્રભુએ સર્વજ્ઞપણું અને અનંત ચતુષ્ટય રૂપ પરમ ઐશ્વર્ય પ્રગટાવ્યું છે તેથી તે પરમેશ્વર છે. આવા પરમ પુરુષને વંદન કરતા અહોભાવ પ્રગટે

છે. જેનું પડખું સેવાય તેની ઋદ્ધિ પ્રાપ્ત થાય એ સામાન્ય નિયમાનુસાર★ પરમેશ્વરપણું પામવાની શ્રદ્ધા-ઝુરણા બળવાન બને છે.

★(૧) **भूतैर्गुणैर्भुवि भवन्तमभिष्टुवन्तः**
**तुल्या भवन्ति भवतो...** (ભક્તામર-૧૦)

(૨) **मोक्षमार्गस्य नेत्तारं...**
**................ वंदे तदगुण लब्धये ।**
(સમંતભદ્રાચાર્ય, દેવાગમ સ્તોત્ર-૧)

(૩) એક વાર જો નજરે નીરખો,
તો કરો મુજને તુમ સરીખો...
(ઉદયરત્ન મ.સા., શાંતિજિન સ્તવન-૯)

(૪) પ્રભુજીને અવલંબતા,
નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ...
(દેવચંદ્રજી સ્વામી, ઋષભજિન સ્તવન-૬)

(૫) સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે;
દરિશણ શુદ્ધતા તેહ પામે...
(દેવચંદ્રજી સ્વામી, મહાવીરજિન સ્તવન-૫)

**(૪) ભવકટ્ટી કરનારા :** આ જગતના સર્વ પ્રાણીઓ પોત-પોતાના કર્મોને લીધે ભવસમુદ્રમાં ભ્રમણ કરી રહ્યા છે, એટલે કે જુદી જુદી (૮૪ લાખ) યોનિઓમાં ઉત્પન્ન થઈને જન્મ-જરા-મરણના દુઃખો ભોગવે છે. પરંતુ શ્રી જિનેશ્વર દેવના ઉપદેશ અને પરિણમનથી ભવભ્રમણનો નાશ થાય છે. આ ચરણમાં પ્રભુના પરોપકારને નમસ્કાર છે.

અહીં પ્રભુને ''જેમણે ઇન્દ્રિયો પર સંપૂર્ણ જય મેળવ્યો છે એવા જિન'' તરીકે ઓળખાવે છે (જુઓ સમયસાર ગાથા ૩૧-૩૨-૩૩). પ્રભુને પોતાના અનંત જ્ઞાન - દર્શન - વીર્ય - સુખ પ્રગટ કરવા કોઈ પણ ઈન્દ્રિયનો ઉપયોગ કે તેની પરાધીનતા રહ્યા નથી એ સૂચવવા 'જિન' સંબોધેલ છે. જો કોઈ જીવ પ્રભુના (કે ગુરુના) શરણમાં રહીને આત્માર્થ સાધે તો તે જીવ પ્રાયે ૧૫ ભવે મુક્તિ પામે છે (વચનામૃત પત્રાંક - ૭૬ અને પત્રાંક - ૬૯૨). આમ, પ્રભુ અનાદિકાળથી ચાલ્યું આવતું અને અનંતકાળ સુધી ચાલે એવું ભવભ્રમણ અલ્પ સમયમાં (૩ થી ૧૫ ભવમાં) પૂરું કરાવે એના સમર્થ છે (નિમિત્ત). આ ચોથા ચરણમાં તો પ્રભુને ''જિન ! ભવોદધિ શોષણાય'' કહીને પ્રભુ-ભક્તિના ફળની પરાકાષ્ઠા બતાવેલ છે. અહીં આચાર્યશ્રી પોતાના ભવરૂપી બંધનનો અંત આવશે એમ સૂચવી રહ્યા છે, અને જે કોઈ પ્રભુના માર્ગને શ્રદ્ધાપૂર્વક અનુસરશે તેના ભવો પણ શોષાઈ જશે એમ દર્શાવે છે.

માનતુંગાચાર્ય કહે છે કે હે ભવસમુદ્રના શોષણહાર જિન ! અનાદિનો જે ભવસમુદ્ર તેને આપે સૂકવી નાંખ્યો, આપ પોતે ભવથી રહિત થયા, ને મોક્ષનો માર્ગ બતાવીને અમને પણ ભવથી રહિત કર્યા (શ્રદ્ધા અને ભાવ અપેક્ષાએ). તેથી જ નમોત્થુણં (શક્રસ્તવ)માં આપણે કહીએ છીએ કે 'તિન્નાણં તારયાણં'.

આ શ્લોકમાં પ્રભુની દશાને બે (બીજા અને ત્રીજા - શોભારૂપ અને પરમેશ્વર) તથા પ્રભુના ઉપકારને બે (પહેલા અને ચોથા - પીડા હરનાર અને ભવ શોષનાર) એમ ચાર નમસ્કાર છે. આગળ શરૂઆતમાં જણાવ્યું તેમ આત્મસિદ્ધિ ગાથા - ૧૨૪માં પહેલા બે અહો અહો (નમસ્કાર) સદ્‌ગુરુની દશા માટે (કરુણાસિંધુ) તથા પછીના બે અહો અહો (નમસ્કાર) સદ્‌ગુરુના ઉપકાર માટે (સમજાવ્યું તે પદ સ્વપદ, મોક્ષપદ) છે.

આમ, નમસ્કારથી સ્વત્વ પ્રગટ થાય છે અને પાપ નાશ પામે છે. અરે ! આચાર્યના ભાવપૂર્વક કરવામાં આવતા નમસ્કારથી તડોતડ બેડીઓ તૂટવા લાગે છે. ભક્તામર સ્તોત્રમાં એકેક શ્લોકમાં આગળ વધતા ભક્તનો ભાવોલ્લાસ વધતો જાય છે, તે ભક્તિમાં તન્મય થતો જાય છે, નમસ્કાર કરતા કરતા

**(અનુસંધાન પાના નં. ૨૨ પર...)**

# સમ્યક્જ્ઞાન

**બા.બ્ર.શ્રી સુરેશજી**

(ગતાંકથી ચાલુ...)

**[૪] સ્યાત્-આત્મા અસ્તિ-નાસ્તિ :** આત્મા એક સાથે કથંચિત્ છે અને કથંચિત્ નથી. પદાર્થમાં પરસ્પર વિરોધી ધર્મ પણ એક સાથે રહે છે એવો વસ્તુનો સ્વભાવ છે. જેવી રીતે નિત્યત્વ તથા અનિત્યત્વ ધર્મ બંને સદૈવ આત્મામાં રહે છે. દ્રવ્યની અપેક્ષાએ નિત્યપણું સદૈવ રહે છે અને પર્યાયની અપેક્ષાએ અનિત્યપણું સદૈવ રહે છે. તેથી પદાર્થ કે આત્મા 'સ્વ' ની અપેક્ષા 'અસ્તિરૂપ' તથા 'પર' ની અપેક્ષાએ 'નાસ્તિરૂપ' સદૈવ રહે છે. પરંતુ અહીં 'સ્યાત્' શબ્દ ન લગાવીએ તો અપેક્ષા વિવક્ષા વિના અસ્તિ અને નાસ્તિ બંને ધર્મો એક સાથે રહેવામાં વિરોધ આવવાથી વિરોધાભાસ ઉત્પન્ન થશે. જેમ કે કોઇ પુરુષને અપેક્ષાકૃત શબ્દ વિના કહે કે આ પુરુષ અને સ્ત્રી બંને છે, તો તે સ્વયં પોતાનામાં વિરોધ ઉત્પન્ન કરનાર અસત્ય કથન થશે અને આ વાતને કથંચિત્ શબ્દથી કહેવામાં આવે તો સત્ય કથન મનાશે. આ ચોથો ભંગ એ વાતની પુષ્ટિ કરે છે કે પ્રત્યેક પદાર્થમાં વિરોધી ધર્મ જોવા મળે છે પણ બધા અપેક્ષાકૃત છે, નિરપેક્ષ નથી. ભાવાર્થ એ છે કે વસ્તુ સત્રૂપ અને અસત્રૂપ બન્ને છે, પરંતુ જે રૂપમાં સત્ છે તે રૂપમાં અસત્ નથી. કોઇ અન્ય અપેક્ષાથી અસત્ છે.

**[૫] સ્યાત્ આત્મા અસ્તિ અવક્તવ્ય :**

કથંચિત્ આત્મા નામે પદાર્થ છે, પરંતુ વક્તવ્ય નથી. અહીં આત્મા નામે પદાર્થ પોતાના સત્તાદિ ગુણોથી છે તો ખરો પરંતુ તે અનંતધર્માત્મક હોવાથી કોઇ અપેક્ષાએ વચન દ્વારા વક્તવ્ય નથી એવું કહ્યું છે. પરંતુ અવક્તવ્ય હોવા છતાં પણ સંપૂર્ણ અવક્તવ્ય છે એવું નથી. શ્રુત દ્વારા પરોક્ષ રૂપથી તથા સ્વસંવેદન પ્રત્યક્ષથી આત્મા અંશરૂપે વક્તવ્ય પણ છે. અર્થાત્ પદાર્થ છે પણ સંપૂર્ણ રીતે વ્યક્ત થઇ શકતો નથી એવો આ પાંચમાં ભંગનો અભિપ્રાય છે.

**[૬] સ્યાત્ આત્મા નાસ્તિ અવક્તવ્ય :** કોઇ અપેક્ષાએ આત્મા નાસ્તિરૂપ છે પરંતુ તે નાસ્તિરૂપ વક્તવ્ય નથી. અહીં કહે છે કે અસ્તિત્વના વિરોધી નાસ્તિત્વ ધર્મોની અપેક્ષાએ આત્મા નથી અર્થાત્ આત્મા પર દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવની અપેક્ષાએ નાસ્તિરૂપ છે. પરંતુ આ નાસ્તિ ધર્મ પણ અનંત હોવાથી પૂર્ણ રીતે વક્તવ્ય નથી. અર્થાત્ આત્માના અસ્તિ સ્વરૂપની જેમ નાસ્તિ સ્વરૂપ પણ પૂર્ણ રીતે વચન દ્વારા કહી શકતું નથી તેથી ષષ્ઠમ ભંગ સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય એવો બન્યો.

**[૭] સ્યાત્ આત્મા અસ્તિ - નાસ્તિ અવક્તવ્ય :**

પદાર્થ કોઇ અપેક્ષાએ છે પણ ખરો અને કોઇ અપેક્ષાએ નથી પણ તથા બંને રૂપે અવક્તવ્ય છે. પદાર્થના પરસ્પર વિરોધી ધર્મ પણ તે પદાર્થમાં પોતાના અલગ-અલગ સ્વરૂપને લઇને યુગપત તે પદાર્થમાં એક જ સમયમાં જોવા મળે છે. જેમ કે આત્મામાં નિત્ય - અનિત્ય, મૂર્ત્ત - અમૂર્ત્ત આદિ ધર્મ પોત-પોતાના સ્વરૂપોમાં એક સાથે, એક સમયમાં જ જોવા મળે છે. તેથી આત્મા એક સાથે એક જ સમયમાં અસ્તિ-નાસ્તિ બંને રૂપે છે, પરંતુ તે બંને રૂપોને વાણી દ્વારા એક સાથે વ્યક્ત કરવામાં અસમર્થતા છે. માટે અવક્તવ્ય કહ્યો છે. કારણ કે વચનની પ્રવૃત્તિ ક્રમથી થાય છે. જ્ઞાનની પ્રવૃત્તિ યુગપત્ થઇ શકે છે. પરંતુ વચન તો એક સમયે વસ્તુના એક ધર્મને વ્યક્ત કરવામાં સમર્થ છે તેથી પદાર્થ અસ્તિ-નાસ્તિ બંને રૂપે છે તથા અવક્તવ્ય છે એવો સપ્તમ ભંગ બન્યો.

સંક્ષેપમાં **સ્યાદ્‌વાદ વસ્તુને જાણવાનું ઉત્તમ સાધન કે જેને અનેકાન્ત દૃષ્ટિ કહેવાય છે. એ દૃષ્ટિને ભાષારૂપે વ્યક્ત કરવાની એક વિશિષ્ટ શૈલી છે, જે વચન સંબંધી મર્યાદાઓ તથા પરસ્પરના વાદ-વિવાદોને સમાપ્ત કરવાનું ઉત્કૃષ્ટ માધ્યમ છે. વાસ્તવમાં તે જ**

**વચન સત્ય છે, જે 'સ્યાત્' પદ થી મુદ્રિત (ચિહ્નિત) છે.**

આ રીતે આપણે જ્ઞાનના દ્વિતીય સાધન 'નય' ની સંક્ષિપ્ત જાણકારી કરી. હવે જ્ઞાનનું તૃતીય સાધન જેને 'નિક્ષેપ' કહે છે તેની સંક્ષિપ્ત વિવેચના કરીએ છીએ:

## નિક્ષેપ

નિક્ષેપનો અર્થ છે રાખવું. અહીં રાખવું શબ્દ ગુણો, લક્ષણો આદિના આરોપણના અર્થમાં છે. જે વસ્તુ વર્તમાનમાં નથી તેને અનુભૂત કરવા માટે તેને વર્તમાનમાં કોઇ પ્રતીક રૂપમાં આરોપણ કરીને તદ્સંબંધી જ્ઞાન પ્રાપ્ત કરવું તેને નિક્ષેપવિધિ કહેવાય છે. ભૂત-ભાવિ પદાર્થોને અતીન્દ્રિયજ્ઞાન વિના સુગમતાથી જાણવાની સર્વોતમ કળા નિક્ષેપવિધિ છે. જોકે નિક્ષેપજ્ઞાન પ્રત્યક્ષ તો નથી પરંતુ પ્રતીકોના માધ્યમથી અપ્રત્યક્ષને પ્રત્યક્ષ સદશ કરીને જાણવાનો આ અતિ ઉત્તમ ઉપાય છે. મુખ્યરૂપથી ચાર પ્રકારના નિક્ષેપ આગમમાં નિરૂપિત કર્યા છે, જેમનો સંક્ષિપ્ત પરિચય આ પ્રકારે છે :-

**[૧] નામનિક્ષેપ :** દ્રવ્ય, ગુણ, ક્રિયા, લક્ષણ આદિની અપેક્ષા ન કરીને લોકવ્યવહાર માટે પોતાની ઇચ્છા અનુસાર જે નામકરણ કરવામાં આવે છે તેને નામનિક્ષેપ કહે છે. જેમ કે, કોઇનું નામ રાજા રાખવું. આમાં તેનામાં રાજા જેવા ગુણોની અપેક્ષા નથી.

**[૨] સ્થાપના નિક્ષેપ :** કોઇ વસ્તુમાં અન્ય વસ્તુની સ્થાપના કે આરોપણ કરવું સ્થાપના નિક્ષેપ છે. તેના બે ભેદ છે :-

**[અ] તદાકાર :** પાષાણ કે ધાતુના બનેલ તદાકાર પ્રતિબિમ્બમાં ઋષભદેવ કે પાર્શ્વનાથની સ્થાપના કરવી તદાકાર સ્થાપના નિક્ષેપ કહેવાય છે. જે વ્યક્તિ વર્તમાનમાં ઋષભદેવ કે પાર્શ્વનાથના દર્શન કરવા ઇચ્છે તે તેમની પ્રતિમાને જોવાથી તેમાં તેમની બુદ્ધિ થાય છે, કારણ કે બંનેમાં કથંચિત્ સમાનતા જોવા મળે છે.

**[બ] અતદાકાર :** મૂળ વસ્તુના આકારથી શૂન્ય અન્ય વસ્તુમાં તે વસ્તુનું આરોપણ કરવું અતદાકાર સ્થાપના નિક્ષેપ કહેવાય છે. જેમ કે શતરંજની રમતમાં રાજા, મંત્રી, હાથી, ઘોડા ઇત્યાદિની સંકલ્પના કરવી. શતરંજની મોહરો વાસ્તવમાં રાજા, મંત્રી આદિના આકારરૂપ હોતી નથી, માત્ર ઇચ્છાનુસાર વસ્તુમાત્રમાં તેમની સ્થાપના કરી છે. તેને જ અતદાકાર સ્થાપના નિક્ષેપ કહે છે.

**★ નામનિક્ષેપ અને સ્થાપનાનિક્ષેપમાં અંતર :**

સ્થાપનાનિક્ષેપમાં તો વ્યક્તિ આદરભાવ અને અનુગ્રહની અપેક્ષા કરે છે પણ નામનિક્ષેપમાં આદરભાવ અને અનુગ્રહની અપેક્ષા હોતી નથી. ઋષભદેવની પ્રતિમામાં વ્યક્તિ તીર્થંકર ઋષભદેવ જેવો આદરભાવ કરે છે, તેની પૂજા કરે છે અને દર્શન તથા પૂજન દ્વારા આત્મવિશુદ્ધિ પણ પ્રાપ્ત કરે છે. પરંતુ ઋષભદેવ નામની વ્યક્તિમાં ન તો એવો આદરભાવ હોય છે અને ન તો એ વ્યક્તિથી આત્મવિશુદ્ધિની પ્રેરણા પ્રાપ્ત થાય છે. સંક્ષેપમાં નામનિક્ષેપ તો લોકવ્યવહાર ચલાવવા માટે છે, પરંતુ **સ્થાપનાનિક્ષેપ આત્મપ્રેરણા અને આત્મવિશુદ્ધિ માટે છે.**

**[૩] દ્રવ્યનિક્ષેપ :** વસ્તુની વર્તમાન પર્યાયમાં ભાવિ પર્યાયનું આરોપણ કરવું દ્રવ્યનિક્ષેપ કહેવાય છે. જેમ કે ભવિષ્યમાં જે રાજા થવાનો હોય તે રાજકુમારને વર્તમાનમાં રાજા કહેવો અથવા વર્તમાનમાં સત્તારૂપ કે દ્રવ્ય સંસ્કારરૂપ છે તથા ભાવિમાં ઉદય આવવાના છે એવા કર્મોને દ્રવ્યકર્મ કહેવા ઇત્યાદિ.

**[૪] ભાવનિક્ષેપ :** વસ્તુની વર્તમાન પર્યાયને ભાવનિક્ષેપ કહે છે. અર્થાત્ વસ્તુ જે ભાવરૂપ પર્યાયમાં પરિણત થઇ રહી છે તે જ ભાવોનું આરોપણ કરવું ભાવનિક્ષેપ કહેવાય છે. જેમ કે સ્વર્ગના અધિપતિ સાક્ષાત્ ઇન્દ્રને જ ઇન્દ્ર કહેવો ભાવનિક્ષેપ છે.

નિક્ષેપોથી બોધ્ય અર્થનો સમ્યક્ બોધ થાય છે. પહેલા ત્રણ નિક્ષેપ દ્રવ્યાર્થિકનયના નિક્ષેપ છે અને ભાવનિક્ષેપ પર્યાયાર્થિકનયનો નિક્ષેપ છે.

અહીં પ્રમાણ, નય અને નિક્ષેપનું કથન પૂર્ણ થયું. પ્રમાણ, નય અને નિક્ષેપ ત્રણેય જ્ઞાન સાધન છે. આ ત્રણેય દ્વારા દ્રવ્ય - પર્યાયાત્મક વસ્તુની પૂર્ણ જાણકારી પ્રાપ્ત થાય છે. **(ક્રમશઃ)**

● ● ●

# સદ્‌ગુરુનો પરમ ઉપકાર

સુધાબેન પી. લાખાણી

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત.

આપણા પોતાના સાચા સ્વરૂપનું જ્ઞાન/ભાન નહીં હોવાથી આપણે અનાદિકાળથી જન્મ-મરણના દુઃખ ભોગવી સંસારમાં પરિભ્રમણ કરી રહ્યા છીએ.

- બિના નયન પાવે નહિ, બિના નયન કી બાત;
  સેવે સદ્‌ગુરુ કે ચરણ, સો પાવે સાક્ષાત.

પરમકૃપાળુદેવે સદ્‌ગુરુનું માહાત્મ્ય ગાયું છે. શ્રી સદ્‌ગુરુ વગર સંસારના અનંત દુઃખોનો અંત લાવવાનો મૂળ મારગ સમજાતો નથી. શાસ્ત્રમાં તો માર્ગ કહ્યો છે, પણ મર્મ તો માત્ર પ્રત્યક્ષ સદ્‌ગુરુ જ સમજાવી શકે છે. શ્રી સદ્‌ગુરુદેવ આપણા પર અકારણ કરુણા આણી આપણા આત્માના કલ્યાણ અર્થે શું હિતકર છે, શું અહિતકર છે, આપણી વર્તમાન દશામાં કેવી રીતે આગળ વધવું તે સમજાવે છે. આપણા દોષ બતાવી - કઢાવી શકે છે અને સાચા માર્ગે - મોક્ષમાર્ગે - શાશ્વત સુખ - શાંતિ - આનંદના માર્ગે કેમ ચઢવું તે બતાવે છે. માટે આપણને આત્મજ્ઞાની પ્રત્યક્ષ સદ્‌ગુરુની આવશ્યકતા નહીં, પણ અનિવાર્યતા છે.

- પમાડવા અવિનાશી પદ, સદ્‌ગુરુ વિણ કોઈ સમર્થ નથી;
  ભવના લવ જો અંત ચહો તો, સેવો સદ્‌ગુરુ તન મનથી.

તો અવિનાશીપદ પામવા આપણને પૂર્વના કોઈ મહાપુણ્યોદયે ત્રણ કાળમાં દુર્લભ એવા પ્રત્યક્ષ આત્મજ્ઞાની શ્રી સદ્‌ગુરુદેવ મળ્યા તેમનું અચિંત્ય માહાત્મ્ય છે.

હવે આપણે 'સાચા મુમુક્ષુ', 'સાચા આત્માર્થી' બનીએ અને 'સ્વદયા' આણી પોતાના આત્માને અનંત દુઃખમાંથી મુક્ત કરવાની સાચી ગરજ-સાચી દાઝ રાખી શ્રી સદ્‌ગુરુદેવની સાચી ઓળખાણ કરીએ કારણકે સદ્‌ગુરુની સાચી ઓળખાણ એ જ સમકિત છે. દુર્લભ એવા મનુષ્યદેહને સાર્થક કરવા જ્ઞાનીપુરુષને ઓળખી, તેમનો આશ્રય ગ્રહણ કરી, અનંત પ્રકારના મિથ્યાગ્રહની મંદતા કરી સ્વસ્વરૂપમાં સ્થિતિ કરીએ. જ્ઞાનીપુરુષને ઓળખવા તેમના પ્રત્યે પ્રેમ-શ્રદ્ધા, બહુમાન, સમર્પણતા હોવાં જોઈએ અને વધારતાં જવું જોઈએ. મુખ્ય તો વિવેકપૂર્વક પરવસ્તુ / પરવ્યક્તિ / પરભાવનો મોહ-માહાત્મ્ય-પ્રેમ ઓછા કરતાં જવું જોઈએ અને વિનયપૂર્વક તેમના ચરણનો આશ્રય, સેવા-ઉપાસનામાં વધુ ને વધુ સમય-શક્તિ - રુચિ અને પ્રામાણિક પુરુષાર્થ દ્વારા સત્પાત્રતા પ્રગટાવવી જોઈએ.

- પ્રત્યક્ષ સદ્‌ગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;
  ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર.

— શ્રી આત્મસિદ્ધિ

આપણા આત્માના પરમ ઉપકારી એવા શ્રી સદ્‌ગુરુદેવની આજ્ઞા મન, વચન, કાયા - ત્રણે યોગથી સર્વપ્રકારે આરાધવી જોઈએ. આજ્ઞાનું અચિંત્ય માહાત્મ્ય છે.

**आणाए धम्मो, आणाए तवो ।**

દરેક કામ કરતા યાદ રાખવું કે આમાં સદ્‌ગુરુદેવની આજ્ઞા છે કે નહીં ? આજ્ઞાને એટલી બધી અચળ કરી મૂકવી કે ખાતાં - પીતાં - હાલતાં - ચાલતાં - સાધના કરતાં કે દુનિયાના કાર્યો કરતાં

દરેક વખતે સ્વચ્છંદ-મતાગ્રહ અને પ્રમાદનો નિરોધ કરી આજ્ઞાને અપૂર્વ રુચિથી આરાધવી જોઈએ.

**એક આજ્ઞાઆરાધનનું માહાત્મ્ય**
**કેટલું છે તે જોઈએ.**

- ભીલના ભવમાં કાગડાનું માંસ ત્યાગ્યું તો શ્રેણિકના ભવમાં તે સમ્યગ્દર્શનને પામ્યા.
- શિવભૂતિ મુનિ ''મા રુષ મા તુષ'' મંત્ર ગોખવાની આજ્ઞા પાળતા કેવળજ્ઞાન પામ્યા.
- ધનહીન કંજૂસ માણસ ધનવાન અને ઉદારદિલ થયા.
- શ્રી નેમિનાથ ભગવાનની એક આજ્ઞા પાળતા શ્રી ગજસુકુમાર તે જ ભવે મોક્ષે ગયા.
- બહારવટિયાએ ગુરુની એક આજ્ઞાનું દૃઢતાથી પાલન કર્યું કે જ્યારે ગુરુ દેખાશે, ત્યારે હું ચોરી, લૂંટફાટ, દારુ કે પરસ્ત્રીસેવન નહીં કરું. આજ્ઞાપાલનની અડગતા અને સચ્ચાઈથી તે મુનિમહારાજ બન્યા.

આ રીતે આજ્ઞાપાલનનું ફળ અલૌકિક છે, અદ્ભુત છે, અનુપમ છે.

શ્રી પરમકૃપાળુદેવે પત્રાંક ૨૦૦માં જણાવ્યા મુજબ આપણે પણ તન, મન, ધનની આસક્તિનો ત્યાગ કરી એકનિષ્ઠાથી સદ્ગુરુની આજ્ઞા પાળવી જોઈએ. અમૂલ્ય એવી આજ્ઞા મળતા How and why નહીં - If and but નહીં, કેવી રીતે થશે તેમ શંકા નહિ, છૂટ માંગવાની નહિ, Reasons આપવા નહિ. પોતાના સંજોગો - પરિસ્થિતિ આમ છે એવા કોઈ બહાના નહિ અને મુખ્યમાં મુખ્ય આપણા રાજા દુર્ગુણો - સ્વચ્છંદ, પ્રમાદ, અભિમાન અને મતાગ્રહ તજવાં જોઈએ.

''મૈં કુછ નહિ'' એમ દાસત્વભાવ અંગીકાર કરીને આજ્ઞાને ''અચળ કરી ઉરમાંય'' એમ ધારણ કરી આરાધવી જોઈએ.

- ગુરુ બિન જ્ઞાન ન ઊપજે, ગુરુ બિન મિટે ન ભેદ;
  ગુરુ બિન સંશય ના મિટે, જય જય જય ગુરુદેવ.

ગુરુ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પૂજ્યશ્રી આત્માનંદજી જણાવે છે તેમ આપણો સૌથી મોટો શત્રુ અહંકાર તેને કાઢવો પડે અને તે કાઢવા માટે નાક કાપવું પડે. વિનય કેળવવો પડે. આઠ પ્રકારનાં અભિમાનનો ત્યાગ કરી અતિ નમ્રભાવે શ્રી ગુરુદેવના શરણે જવું જોઈએ અને વિનયગુણની આરાધના કરવી જોઈએ. વિનય = વંદન કરવું/ નમન કરવું / શીશ નમાવવું એટલા માત્રથી મર્યાદિત નથી. વિનય એ આત્માનો મૂળભૂત ગુણ છે. તે સહજ અંતરમાંથી ઉત્પન્ન ગુણ છે. આપણા પોતાનો સ્વભાવ જ વિનય છે.

વિનયગુણની ખીલવણી માટે પોતાના નાનામાં નાના દોષને પ્રામાણિકતાથી, અપક્ષપાતપણે, સૂક્ષ્મતાથી નિહાળી તેને મોટું સ્વરૂપ આપી શ્રી ગુરુ જે ટકોર કરે તેને કર્તવ્યરૂપ અને કલ્યાણકારી જાણી-માની, દોષોને કાઢી વિનયગુણ પ્રગટ કરવો જોઈએ. વિનયગુણ પ્રગટતા પૂજ્ય વ્યક્તિ, પૂજ્ય વસ્તુઓ પ્રત્યે નમ્રતાનો ભાવ / પ્રેમભાવ / અંતરનો આદરભાવ /ઉપકારનો ભાવ / અહોભાવ આવતા તેમને ભાવપૂર્વક સહજ નમન થઈ જાય છે કારણ કે તે આત્માનો જ ઉત્કૃષ્ટ સહજ સ્વાભાવિક ભાવ છે. વિનય એટલે આત્મા. વિનય એ ધર્મનું મૂળ છે. વિનય એ વશીકરણ મંત્ર છે, તેના વડે જ તત્ત્વની શુદ્ધાત્માની - મોક્ષની સિદ્ધિ થાય છે.

આવા વિનયગુણનું અલૌકિક માહાત્મ્ય છે તેથી જ ભગવાન મહાવીરસ્વામીએ પણ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬ અધ્યયનમાં વિનય અધ્યયનને સર્વપ્રથમ મૂકેલ છે.

આવો વિનયગુણ આપણામાં આવ્યો છે કે નહિ તે ચકાસવા - પરના દોષ દેખાય છે ત્યારે શું થાય છે ? પોતાને મોટો માને છે ? ઇચ્છા વિરુદ્ધ થાય ત્યારે શું થાય છે ? કોઈ અપમાન કરે ત્યારે શું થાય છે ? જો પોતાને અપમાન થતું લાગે તો સમજવું કે અંદરમાં માન કષાય પડ્યો છે અને હજુ વિનય ગુણ પ્રગટ્યો નથી. માન કષાયથી જ અપમાનનું Feeling આવે છે.

શ્રી મહાત્મા કબીરજી પણ જણાવે છે કે,

દાસ કહાવન કઠિન હૈ, મૈં દાસન કો દાસ;
અબ તો ઐસા હો રહું, જ્યું પાંવ તલેકી ઘાસ.

શ્રી પરમકૃપાળુદેવ પત્રાંક-૨૧૦માં જણાવે છે કે અમે તો સર્વ જીવના દાસ છીએ અને ધર્મીજીવના દાસનુદાસ છીએ.

પૂજ્યશ્રી પણ સૂત્ર દ્વારા આપણને પાકું કરાવે છે કે, ''હું આપનો સેવક છું.''

આ પ્રમાણે વિનયપૂર્વક સત્પુરુષના નિરંતર અથવા વારંવાર સમાગમમાં રહી તેમની નિઃસ્વાર્થ સેવા, ભક્તિ, ઉપાસના, આરાધના, આજ્ઞાપાલન અપૂર્વ રુચિથી કરવાં જોઈએ અને તેમણે પ્રગટાવેલ બાહ્ય અને આંતરિક દિવ્યગુણો જેવા કે કરુણા, સમતા, મૌન, ઉદાસીનતા, વૈરાગ્ય, ભાવપૂર્વક અને ઉપયોગના જોડાણપૂર્વકની ભક્તિ, પ્રેમભાવ, નિઃસ્વાર્થભાવ, અલિપ્તતા, અસંગતા, ભોજનાદિમાં અનાસક્તિ, તેમનું વિશિષ્ટ શાસ્ત્રજ્ઞાન, અલૌકિક શ્રદ્ધા, અંતર્મુખતા, એકાગ્રતા, સ્થિરતા, આત્મજાગૃતિ, આત્મલક્ષ, આત્મદૃષ્ટિ, સતત સ્મરણ, ભાવભાસન અને સ્વસંવેદનજ્ઞાન આદિ અનેક ગુણોને યાદ કરવાં. તેમની સૌમ્યમુદ્રાને યાદ કરવી. તેમણે કરેલા અપ્રમત્ત પ્રામાણિક પુરુષાર્થને યાદ કરી આપણે પણ સમ્યક્ પુરુષાર્થ કરી તેમના જેવા બનવાનો પ્રયત્ન કરવો જોઈએ.

શ્રી પરમકૃપાળુદેવે પત્રાંક-૨૫૪માં જણાવ્યું છે કે શ્રી સદ્‌ગુરુમાં પરમેશ્વરબુદ્ધિ રાખી તેમની આજ્ઞાએ પ્રવર્તવું તો મોક્ષમાર્ગની 'જોગ્યતા' પ્રાપ્ત થાય છે. આમ, આઠે પ્રકારનાં અભિમાનને છોડી, પરમ વિનયને ધારણ કરવાથી માર્ગપ્રાપ્તિને રોકનાર એવા પરમવિનયની ઓછાઈનું કારણ દૂર થાય છે.

શ્રી સદ્‌ગુરુની સાચી ભક્તિ પ્રગટવાથી એટલે કે શ્રી વિવેકાનંદ, નરસિંહ મહેતા, મીરાંબાઈ, પ્રભુશ્રી જેવી સાચી ભક્તિ પ્રગટવાથી નિજછંદે ચાલવાની વૃત્તિ રહેતી નથી અને દિન-પ્રતિદિન આત્માની ઉન્નતિ થતી જાય છે. માટે તેમના જેવા અદ્‌ભુત ગુણો પોતાના જીવનમાં પ્રગટાવવાનો દૃઢ સંકલ્પ કરી, સર્વશક્તિથી, સર્વ પ્રયત્ન કરી, સદ્‌ગુણસંપન્ન બની સાચા સુખની પ્રાપ્તિ માટે - આત્મા - અનાત્મા, સ્વ અને પરની વિવેકદૃષ્ટિ કેળવી, ભેદજ્ઞાનનો અભ્યાસ કરી, મોહાદિનો નાશ કરી, પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માનો નિઃશંક નિર્ણય કરવો જોઈએ.

● હવે નિશ્ચયગુરુનું સ્વરૂપ જોઈએ -

અંતરજામી ગુરુ આતમા, સબ ઘટ કરે પ્રકાશ;
કહે પ્રીતમ ચર-અચરમાં, ગુરુ નિરંતર વાસ.

નિશ્ચયગુરુ ખરેખર તો પોતાનો આત્મા જ છે, જે સ્વ અને પર બધાને જોનાર-જાણનાર છે એમ નિશ્ચય થતાં ચર-અચર બધામાં પોતાને આત્મા જ દેખાય છે.

'મોં મેં રામ તો મેં રામ, જ્યોં દેખું ત્યાં રામ હી રામ.'

જે દેખાય છે તેમાં આત્મા જ જોવો અને વિષય પણ એક આત્માનો જ કરવો. આત્માના જ્ઞાનગુણ વડે જ બધું જણાય છે. પૂજ્યશ્રી જણાવે છે

**(અનુસંધાન પાના નં. ૩૬ પર...)**

# ગુરુપૂર્ણિમા

**પૂર્ણિમાબેન શાહ**

પૂનમ એ પર્વતિથિ ગણાય છે. વર્ષમાં આવતી ૧૨ પૂનમમાં ત્રણ પૂનમનું કોઈક આગવું અને અનેરું મહત્ત્વ (સમાયેલું) છે. જૈનદર્શન પ્રમાણે તિથિનો વિચાર કરીએ તો એક મહિનામાં દસ તિથિ આવે છે : શુક્લપક્ષની બીજ, પાંચમ, આઠમ, અગિયારસ અને ચૌદસ તથા કૃષ્ણપક્ષની પણ બીજ, પાંચમ, આઠમ, અગિયારસ અને ચૌદસ. શુક્લપક્ષની પાંચ તિથિઓમાં પ્રથમ તિથિ છે - બીજ. બીજનો ચંદ્ર વૃદ્ધિ પામતો પામતો પૂનમને દિવસે પૂર્ણતાને પામે છે. તે પૂર્ણિમાનો ચંદ્ર કહેવાય છે. પૂર્ણતાની નિશાની - એનો આકાર શૂન્ય (૦) જેવો છે. એટલે કે પૂર્ણતાની નિશાની અને શૂન્યની નિશાની એક જ છે.

વર્ષમાં સૌથી પહેલી પૂનમ આવે છે કારતક સુદ પૂનમ. આ પૂનમ, કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી અને પરમ તત્ત્વજ્ઞ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીનો આ અવનિ ઉપરનો અવતરણ દિવસ છે અને કાર્તિકી જાત્રાનો પવિત્ર દિવસ પણ છે.

બીજી છે, ચૈત્ર સુદ પૂનમ. તે શ્રી નવપદજીની આયંબિલની ઓળીનો સમાપ્તિનો દિવસ છે.

ત્રીજી છે અષાઢ સુદ પૂનમ. તે ગુરુપૂર્ણિમાના નામથી ઓળખાય છે. સર્વધર્મના શ્રદ્ધાળુ આત્માઓ એને ભાવપૂર્વક ઉજવે છે. આપણને કદાચ વિચાર આવે કે ગુરુપૂર્ણિમાનું આટલું બધું મહત્ત્વ કયા કારણે હશે ?

આપણે જાણીએ છીએ કે જીવે અનંતકાળ અવ્યવહાર રાશિમાં વ્યતીત કર્યો છે. એક શ્વાસોચ્છ્વાસ જેટલા સમયમાં તે લગભગ ૧૭ વખત જન્મમરણ કરે છે. એ ને એ જ સ્થિતિમાં (શરીરમાં) જન્મમરણ કરે છે. તેને સ્વકાય સ્થિતિ કહે છે. એક જીવ જ્યારે સિદ્ધ થાય ત્યારે અવ્યવહાર રાશિમાંથી એક જીવ વ્યવહાર રાશિમાં આવે છે અને એની પ્રગતિ શરૂ થાય છે. તે એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી પહોંચે છે અને સંસારમાં દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી - આ ચારે ગતિમાં પરિભ્રમણ કરે છે. આ સમય દરમ્યાન તે અનંતાનંત દુઃખો ભોગવે છે. મોહનીય કર્મનો મોટામાં મોટો કર્મબંધ સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમનો છે. એમાંથી જીવ જ્યારે ૬૯ ક્રોડાક્રોડી સાગરોપમ અકામનિર્જરા કરીને પૂરા કરે છે અને ૧ ક્રોડાક્રોડી સાગરોપમ બાકી રહે છે, ત્યારે તે ચરમાવર્તકાળમાં આવે છે એમ કહેવાય છે. શ્રી આનંદઘનજીએ કહ્યું છે —

“ચરમાવર્ત હો ચરમકરણ તથા ભવપરિણતી પરિપાક;
દોષ ટળે વળી દૃષ્ટિ ખૂલે ભલી, પ્રાપ્તિ પ્રવચન પાક.”

આવી રીતે જીવ ઘણીવાર ગ્રંથિભેદ સુધી આવ્યો પરંતુ અપૂર્વકરણ કરી, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન કરી શક્યો. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે સુદેવ, સુગુરુ અને સુધર્મનું શરણ તથા તેમના પ્રત્યે સમર્પણતા અને અત્યંત ભાવપૂર્વકની ભક્તિ તેમજ અવિચળ શ્રદ્ધા એ ખૂબ જ આવશ્યક છે. અને આ સ્થાને પહોંચેલો આત્મા સદ્ગુરુના ચરણ અને શરણની પ્રાપ્તિ કરીને - તેમની આજ્ઞાનું આરાધન કરીને શાશ્વત સુખની પ્રાપ્તિ કરે છે. એટલે વિચાર આવે છે કે ગુરુનો ઉપકાર કેટલો ?

ગુરુના ચરણ સુધી પહોંચવા માટે અહમ્નું વિસર્જન કરવું પડે. અહમ્ અને મિથ્યાત્વ હોય ત્યાં સુધી ગુરુના ચરણ સુધી પહોંચી શકાતું નથી. ઘણા જીવો ચરણ સુધી તો પહોંચે છે, પરંતુ શરણ સુધી

પહોંચી શકતા નથી. શરણ સુધી પહોંચવા માટે પોતાની ઈચ્છાઓને છોડવી પડે છે અને ગુરુની ઈચ્છાને, ગુરુની આજ્ઞાને જ અનુસરવું પડે છે. પરમકૃપાળુદેવ કહે છે કે જીવના શ્વાસોચ્છવાસ સિવાય બધું જ ગુરુની આજ્ઞા પ્રમાણે થવું જોઈએ.

ગુરુના ચરણમાં જ્યારે હૃદય સમર્પિત થાય છે ત્યારે શબ્દો નથી હોતા, માત્ર શિષ્યનું સંવેદન હોય છે. અક્ષર નથી હોતા, વાણી નથી હોતી, માત્ર અનુભૂતિ હોય છે. ગુરુના ચરણ મેળવવા માટે મહત્પુણ્યની જરૂર છે, અને શરણ સુધી પહોંચવા માટે પુરુષાર્થની જરૂર છે. પૂર્ણ બનવાના લક્ષ સાથે શૂન્ય બનીએ એ જ ગુરુપૂર્ણિમાની સાર્થકતા છે. **પરથી પર થવું તે જ પરમની પ્રાપ્તિનો શ્રેષ્ઠ ઉપાય છે.**

ઋષભદેવ ભગવાને પોતાના અઠ્ઠાણું પુત્રોને આ જ ઉપદેશ આપ્યો હતો કે "(ગુરુની) આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ જ તપ."

સુધર્માસ્વામી જંબુસ્વામીને ઉપદેશે છે કે "જગત આખાનું જેણે દર્શન કર્યું છે એવા મહાવીર ભગવાન તેમણે અમને આમ કહ્યું છે, – "ગુરુને આધીન થઈ વર્તતા એવા, અનંત પુરુષો માર્ગ પામીને મોક્ષ પ્રાપ્ત થયા."

એક આ સ્થળે નહીં પણ સર્વ સ્થળે શાસ્ત્રમાં એ જ વાત કહેવાનો લક્ષ છે. પરિક્ષીત રાજાને શુકદેવજીએ એ જ ઉપદેશ કર્યો છે.

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ આંક ૨૦૦માં લખ્યું છે –

અનંતકાળ સુધી જીવ નિજ છંદે ચાલીને પરિશ્રમ કરે, તો પણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે.

આ જ્ઞાનમાર્ગની શ્રેણી કહી. એ પામ્યા વિના બીજા માર્ગથી મોક્ષ નથી.

એ ગુપ્ત તત્ત્વને જે આરાધે છે, તે પ્રત્યક્ષ અમૃતને પામી અભય થાય છે."

વળી, તેઓએ કહ્યું છે કે સત્પુરુષમાં સત્સંગ, સદ્જ્ઞાન અને સત્સંગ રહ્યા છે. આ ત્રણે મોક્ષપ્રાપ્તિના સાધનો છે. તેથી સત્પુરુષની આજ્ઞાનું આરાધન એ જ મોક્ષપ્રાપ્તિનો શ્રેષ્ઠ ઉપાય છે.

"સદ્ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિન સ્વરૂપ."

આખા વચનામૃતજી ગ્રંથના કાવ્યો, પત્રો-દોહરા વિગેરે સત્પુરુષ, સદ્ગુરુ અને સત્સંગની પ્રશસ્તિ યશગાથાથી જ ભરિત છે.

એમ કહેવાય છે કે, સંતો અનેક હોય પણ ગુરુ તો એક જ હોય. તેથી સંત કબીર કહે છે –

"તીરથ ગયે ફલ એક મિલે, સંત મિલે ફલ ચાર,
સદ્ગુરુ મિલે ફલ બીસ, કહે કબીર તૂ કર વિચાર."

જે ન થવા દે બૂરું, તેનું નામ છે ગુરુ,
ભવસાગરથી જે તારે, તે છે સાચા ગુરુ.

તેથી જ પરમતત્ત્વજ્ઞ પરમકૃપાળુદેવે અટલ વિશ્વાસથી પત્રાંક ૭૬માં કહ્યું છે, "બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે."

વળી, પત્રાંક-૩૨૨માં કહ્યું છે, "સમ્યક્પ્રકારે જ્ઞાનીને વિશે અખંડ વિશ્વાસ રાખવાનું ફળ નિશ્ચયે મુક્તપણું છે."

વળી કહે છે, "માર્ગ પામેલો માર્ગ પમાડશે."

"બે અક્ષરમાં માર્ગ રહ્યો છે અને અનાદિકાળથી આટલું બધું કર્યા છતાં તે કેમ મળ્યો નથી તે તમે વિચારો" તે બે અક્ષર છે - ગુરુ.

ગુરુ બન્યા વિના અનંત આત્માઓ સિદ્ધ થયા

છે પણ ગુરુ, બનાવ્યા વિના એક પણ આત્મા સિદ્ધ થયો નથી.

અરિહંત ભગવંત કરતાં સિદ્ધ ભગવંત ગુણમાં ચડિયાતા હોવા છતાં, નમસ્કારમંત્રમાં સિદ્ધ ભગવંત કરતાં પ્રથમ નમસ્કાર અરિહંતને કરવામાં આવે છે.

સંત કબીર પણ કહે છે –

"ગુરુ ગોવિંદ દોનોં ખડે, કાકે લાગું પાય ?
બલિહારી ગુરુદેવકી, જિસને ગોવિંદ દીયો બતાય."

આગળના કેટલાયે ભવોનો ગુરુ સાથેનો સંબંધ હોય છે ત્યારે જીવને ગુરુની પ્રાપ્તિ થાય છે. "ગુરુ મેળવવા પૂર્વિત ભાગ્ય,"

"ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુ વિણ ઘોર અંધાર,
જે ગુરુવાણી વેગળા, રડવડિયા સંસાર."

આજ્ઞાભક્તિમાં તો ગુરુની ગુરુતાનું ઠેકઠેકાણે વર્ણન છે. આનંદઘનજી તો કહે છે –

"ગગનમંડલમેં અધબિચ કુઆં, જહાં અમીકા વાસા,
સગુરા હો તો ભરભર પીએ, નગુરા જાવે પ્યાસા."

આ અને આવા બીજા કેટલાયે લખાણો લખીએ તો પણ ગુરુનો ગુણગરિમા પૂર્ણપણે વર્ણવી ન શકીએ ! માતા-પિતા કરતાં પણ ગુરુનો ઉપકાર વધુ ગણાયો છે.

જોકે માતા, શિક્ષક અને માર્ગદર્શક ગુરુ એ ત્રણ જીવના ગુરુ કહેવાય છે. માતાના સંસ્કાર તો જન્મતા પહેલાં જ બાળકને મળવાની શરૂઆત થઈ જાય છે. શ્રી ઝવેરચંદ મેઘાણીએ લખ્યું છે - "પેટમાં પોઢીને સાંભળેલી બાળે, રામ-લખનની વાત." વળી, એમ પણ કહેવત છે કે, "એક માતા સો શિક્ષકની ગરજ સારે છે." અભ્યાસકાળમાં શિક્ષક-ગુરુ છે, અને અધ્યાત્મમાર્ગમાં માર્ગદર્શક ગુરુ ગણાય છે. આ પ્રત્યક્ષ સદ્ગુરુદેવ શ્રેષ્ઠ ગુરુ છે.

જે ગુરુ જીવને પ્રભુત્વની પ્રાપ્તિ કરાવે, શિષ્યને પોતાના જેવો બનાવે તે ગુરુનો પરમ ઉપકાર છે.

ભક્તના દિલમાં ગુરુ પ્રત્યે જે દૈવી પ્રેમ, ભક્તિ, સમર્પણતા તથા અહોભાવ હોય છે તેને વ્યક્ત કરવા માટેનો જે વિશેષ મંગલ દિવસ છે - અવસર છે તે ગુરુપૂર્ણિમા. આ બધા ભાવો, શ્રદ્ધા અને સંકલ્પ - એ જ સાચું ગુરુપૂજન છે.

ચંદ્ર જ્યારે પૂનમને દિવસે સોળેકળાએ ખીલે છે ત્યારે જેમ સાગરમાં ભરતી આવે છે, તેમ શિષ્યના દિલમાં પણ ભરતી આવે છે, એનું હૈયું હેલે ચઢે છે. ગુરુપૂર્ણિમા એટલે પૂર્ણ બનવાની શરૂઆત. ગુરુના ચરણમાં શૂન્ય બની સમાઈ જવાની અદમ્ય ઝંખના. જેને કંઈ નથી જોઈતું તેને બધું જ મળી જાય છે. તેને દૃઢ વિશ્વાસ થાય છે –

"બીજનો ચંદ્ર હવે પૂનમ થશે જરૂર જરૂર,
ગુરુદેવની કૃપાથી, હવે મુક્તિ મળશે જરૂર-જરૂર."

ટૂંકમાં, જ્યાં ભાવવિભોરતા હોય, ઉપકારભાવ હોય, સમર્પણભાવ હોય, પરમ પૂજનીયભાવ હોય, અનન્ય શ્રદ્ધા અને ભક્તિ હોય, અનુભૂતિનો અદ્ભુત અહેસાસ હોય પણ અભિવ્યક્તિ માટે શબ્દો ન હોય એવી મહાન વ્યક્તિનું અભિવાદન કરવાનો જે અનોખો દિવસ તે ગુરુપૂર્ણિમા.

વધારે શું કહીએ ? અને શું કરીએ ?

ગુરુપૂર્ણિમાએ ગુરુની જ્ઞાનજ્યોતમાંથી સ્વયંની જ્ઞાનજ્યોત પ્રગટ કરીએ, ગુરુની પ્રજ્ઞાજ્યોતમાંથી સ્વયંની પ્રજ્ઞાજ્યોતને પ્રગટાવીએ, ગુરુની દૃષ્ટિ દ્વારા સ્વયંની દિશા શોધીએ, ગુરુના પગલે પગલે અનુસરીએ (પગલા પાડીએ), ગુરુનું મહત્ત્વ અને ગુરુનું મૂલ્ય જાણીએ.

● ● ●

# वर्तमान परिपेक्ष्य में - गुरूपूर्णिमा

**पू. गणाचार्य १०८ श्री विरागसागरजी महाराज**

बंधुओ ! श्रावण पूर्णिमा का पावन दिन था जब गौतम गणधर भगवान महावीर स्वामी के चरणों में पहुँचे थे । यद्यपि हम हर वर्ष गुरूपूर्णिमा मनाते हैं, पर खास महत्व नहीं समझ पाते इसलिये जहाँ साधु-संत नहीं होते वहाँ पता ही नहीं चल पाता कि गुरूपूर्णिमा है और मालूम भी पड़ जाए तो क्यों, कैसे मनाना चाहिए यह नहीं मालूम होने के कारण सही प्रभाव नहीं पड़ पाता ।

आचार्य कुंदकुंद स्वामी ने अपने मूलाचार ग्रंथ में कहा है :

'आइरिय पसाएण विज्जा मंते य सिज्झति' आचार्य अर्थात् गुरु के प्रसाद से विद्या - मंत्र की सिद्धि करने की आवश्यकता नहीं पडती । ऐसा लगता है - गौतम गणधर ने इसे अपने जीवन में साकार करके दिखाया था । उन्होने मंत्र साधना आराधना विधि अनुष्ठान नहीं किया, फिर भी वे ऋद्धि-सिद्धियों के अधिपति हुऐ । गौतम गणधर को भगवान महावीर स्वामी जैसे गुरू मिले और हमें गौतम गणधर जैसे गुरू मिले । यहीं कारण है कि आज के दिन यह परंपरा प्रारंभ हुई थी और वर्षो - वर्ष के उपरांत भी चली आ रही है ।

आज बच्चों को याद भी रहता है, तो 'टीचर्स डे' । जो स्कूलों में अपने हिसाब से मनाया जाता है । सत्य है - जिंदगी की हर उम्र में गुरू का स्थान सर्वोपरि है और होना भी चाहिए । जिन्हें गुरू से सही मार्गदर्शन मिलता है, उनका जीवन बिगड नहीं पाता । एक बार संतो के चरणों में आने से इतने तो संस्कार मिल ही जाते है, कि मांस - मदिरा, चोरी, डकैती आदि दुर्व्यसनों से रक्षा हो जाती है, लेकिन यह तभी संभव है जब हृदय से पहुँच पायें । यूँ तो जीवन में माता का बहुत बडा महत्व है । माँ प्रथम पाठशाला है, प्रथम गुरू 'माँ' को कहा गया है । जो शिक्षा सैकडों टीचर्स मिलकर नहीं दे पाते, वह एक अच्छी व सच्ची माँ दे देती है । इसलिये मैं हमेशा एक संदेश देता हूँ कि माँ बालक को जन्म दे, पर गुरू-चरणों तक पहुँचाने का भी प्रयास करें । पिता अंगुली थामकर गुरू तक जाना सिखा दे । यदि बालक गुरू तक जाना सीख गया है, तो निश्चिंत हो जाइए, वह सुधरेगा ही नहीं अपितु उन्नति-उत्थान भी करेगा । क्योंकि गुरुशरणमें आये हुए व्यक्ति को साँचे में ढाल देते है और साँचे में बाल्यावस्था जितनी जल्दी ढल जाती है । उतनी जल्दी अन्य अवस्था नहीं ढल पाती । तथा आगे यदि दुर्व्यसनों के संस्कार पड़ जाए तो माता-पिता को भी अपार वेदना होती है ।

अतः -

'गुरुभक्ति संजमेण य तरंति संसार सायरं घोरं'

जो व्यक्ति गुरूभक्ति से युक्त होता है, वह संसारसागर से पार हो जाता है ।

जब हृदय से नमोऽस्तु किया जाता है, तो गुरू का आशीर्वाद मिलता है - दीर्घायु भव, पुण्यभागी भव ! और अंतरंग से निःसृत ये शब्द शिष्य को अभिभूत कर देते हैं । नमस्कार का साइंटिफिक तरीका है - सम्मुख से नमस्कार किया जाता है । लेकिन यह भी ध्यान रखा जाता है कि हम किसी के लिए व्यवधान न बनें । ध्यान दीजिए - योगशास्त्र में, आज्ञाचक्र और विशुद्धिचक्र का वर्णन मिलता है, जो भक्त - भगवान, गुरू-शिष्य के संबंध को बनाते

हैं । अत: परमात्मा के सम्मुख पहुँचे, आजू-बाजू नहीं, क्योंकि उस वक्त विशुद्धि चक्र निर्मल होता है । प्रसन्न रहें क्योंकि प्रसन्नता से केचिंग पावर बढ़ जाता है, यानी गुरू द्वारा दी गयी शक्ति ग्रहण करने की ताकत बढ़ जाती है । गुरूदृष्टि पड़ने पर आज्ञा चक्र प्रभावित हो जाता है । शिष्य को देखकर गुरू का हाथ उठे या ना उठे पर उनकी विशुद्धि ही शिष्य के उत्थान का कारण बन जाती है । हाथ जोड़ना प्राचीन संस्कृति ही नहीं, आज का विज्ञान भी है । हाथ की हथेली ऊर्जा - शक्ति को निष्कासित करती है । हम गुरू के लिए हाथ जोड़ लेते है और गुरू हमारी तरफ हाथ करके शक्ति देते है । जिन्हें हमारी अँगुलियाँ संग्रहीत कर लेती है । हाँ, डिस्क एंटीना की तरह आपके हाथ सही दिशा में और सही अर्थात् पूज्य पुरुषों के सम्मुख जुड़े होना चाहिए । माथे पर तिलक या बिंदी मात्र परंपरा नहीं, अपितु विज्ञान है । गुरू जब शीश पर हाथ रखते हैं तो वह ऊर्जा शक्ति हमारे जीवन में अमिट प्रभाव डालती हैं । साथ ही यह भी ध्यान रखें कि सदैव बैठकर और भूस्पर्शनात्मक नमस्कार करें ताकि गुरू हमारे मस्तक से उपर और उनके चरणों से निकली तरंगे डायरेक्ट प्रभाव डालें । इसीलिये तीर्थंकर की वेदी सदैव नाभि से उपर बनायी जाती है ।

बंधुओं ! इन सबके पीछे छिपा है - ऊर्जा शक्ति का संग्रह का सिद्धांत । एंटीना हो और चित्र साफ ना आये, चार्जर हो और बैटरी चार्ज न हो, कोई लाभ नहीं । यह श्रद्धा-भक्ति का कनेक्शन है, जिसके द्वारा आचार्य श्री कुंदकुंददेव ने विदेह क्षेत्रस्थ तीर्थंकर सीमंधर भगवान को नमस्कार कर आशीर्वाद प्राप्त किया था ।

गुरू पूर्णिमा का अर्थ है - गुरू बनने से पहले शिष्य बनो । शिष्य बनने में जो उपलब्धि है, वह गुरू बनने में नहीं है । पूज्य आचार्य श्री सन्मति सागरजी महाराज कहते थे - सब भूल जाओ पर गुरू को नहीं भूलना ।

● ● ●

## સદ્‌ગુરુનો પરમ ઉપકાર

(પાના નં. ૩૧ પરથી ચાલુ...)

તેમ આપણા સ્મૃતિપટ પર ભગવાન / ગુરુ / શાસ્ત્ર બધું જણાય છે. તે જેમાં દેખાય છે તે ચૈતન્યસત્તા માત્રને જોવાનો અભ્યાસ કરવો.

જેમ અરીસામાં બધું દેખાય છે - તેમાં જે દેખાય છે તે જોવા ઊંડી દૃષ્ટિ કરવી પડે, પણ માત્ર જ્ઞાયક અરીસો જોવો હોય તો સહજ અરીસો દેખાય છે. તેમાં કોઈ મહેનત કરવી પડતી નથી, તેમ જે દેખાય છે તેને નહિ જોતાં પણ 'જેમાં દેખાય છે' તેના પર દૃષ્ટિ-લક્ષ-એકાગ્રતા-સ્થિરતા કરવાથી ભાવભાસન-સ્વસંવેદનજ્ઞાન-અનુભવજ્ઞાન પ્રગટે છે અને આનંદનો અનુભવ થાય છે. આમ, ક્રમે કરીને આપણે પણ શ્રી ગુરુ જેવા બની જઈએ એ જ પ્રભુપ્રાર્થના છે.

આવું અનુભવગમ્ય, સાચું જ્ઞાનદાન આપનારા, સાચો મર્મ સમજાવનારા શ્રી ગુરુદેવની કૃપા - કરુણા - ઉપકાર આપણા પર અનંતા છે. તે ઉપકારનો પ્રતિઉપકાર વાળવા આપણે અપૂર્વ રુચિથી આજ્ઞાપાલન કરીએ. જગતની વિસ્મૃતિ કરી સત્‌ના ચરણમાં રહીએ અને દેહની વિસ્મૃતિ કરી આત્મામાં રહીએ.

પત્રાંક - ૪૭માં જણાવ્યું છે તેમ અંતર્મુખ થઈ, અપૂર્વ અંતરસંશોધન કરી, શ્રી સદ્‌ગુરુ અનુગ્રહે સત્‌સ્વરૂપને પામીએ. આત્મશુદ્ધિ - ભાવશુદ્ધિ - દ્રવ્યશુદ્ધિ - પર્યાયશુદ્ધિ કરી તેમના જેવા બનીએ એ તેઓએ કરેલા ઉપકારનો પ્રતિઉપકાર છે. ॥ ૐ ॥

● ● ●

# જીવનકળા : દિવાળી પુસ્તિકા

## વિ. સં. ૨૦૭૩

### સુવિચારોની નવીન પ્રચાર-પ્રસાર પદ્ધતિ

(૧) કવર સાથે **'જીવનકળા'** ગુજરાતી પુસ્તિકાની પડતર કિંમત એક નંગના રૂા. ૬/- (છ રૂપિયા પૂરા) રાખેલ છે.

(૨) પુસ્તિકાનું ટાઇટલ ચાર કલર પ્રિન્ટિંગમાં નયનરમ્ય તૈયાર કરેલ છે. ટાઈટલ તથા કવર ઉપર નામ-સરનામું છાપવાની ૧ ઈંચ X ૩ ઈંચની સુંદર જગ્યા રાખવામાં આવેલ છે.

(૩) પુસ્તિકાને વિદ્વાનોના લેખો, પ્રેરક પ્રસંગો, ટૂંકા લેખો, રત્નકણિકાઓ, સુવિચારો, સદ્‌ગુણપ્રેરક અવનવી માહિતીથી સજાવવામાં આવી છે.

(૪) નામ-સરનામું છાપવા માટે ઓછામાં ઓછી ૫૦૦ પુસ્તિકાઓનો ઓર્ડર હોવો જરૂરી છે.

| | | |
|---|---|---|
| નામ-સરનામું છાપવાનો ખર્ચ : | ૫૦૦ પુસ્તિકાઓ | - રૂા. ૨૪૦/- |
| | ૧૦૦૦ પુસ્તિકાઓ | - રૂા. ૪૮૦/- |

(૬) ઓર્ડરફોર્મ મુજબ પુસ્તિકાની કિંમત તથા પ્રિન્ટિંગ ચાર્જ તેમજ પોસ્ટેજ ખર્ચની રકમ રૂબરૂ અથવા ડ્રાફટ કે મનીઓર્ડર દ્વારા **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા**ના સરનામે મોકલવાની રહેશે.

(૭) તા. ૨૫-૧૦-૨૦૧૬ સુધીમાં ઑર્ડરફોર્મ મોકલી આપવા વિનંતી છે. ત્યારબાદ પ્રિન્ટિંગવાળા ઑર્ડર લેવામાં આવશે નહિ અને સાદી પુસ્તિકાઓ સ્ટોકમાં હશે તો જ મોકલવામાં આવશે. નામ અને સરનામું અંગ્રેજી કે ગુજરાતીમાં જે રીતે છાપવાનું હોય તે પ્રમાણે જ ફોર્મ ભરવું.

(૮) ઑર્ડર નોંધવા બાબતે કે પુસ્તિકાને લગતી માહિતી મેળવવા સંસ્થાના કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી છે.

**નીચેના સેવાભાવી મહાનુભાવો પાસેથી દિવાળી પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ શકશે.**

## સંપર્કસૂત્રો :

### AHMEDABAD

(૧) **શ્રી મુકેશભાઈ આર. શેઠ**
શેઠ સન્સ : ફોન : (ઓ) ૨૫૩૫૬૬૪૬
(ઘર) ૨૬૪૦૧૨૫૧
મો. ૯૮૨૫૫ ૧૮૮૦૦

(૨) **ડૉ. રાજેશભાઈ સોનેજી,** સોનેજી હૉસ્પિટલ
ફોન : ૨૫૩૨૩૪૫૪, ૯૮૨૪૦ ૪૭૬૨૧

(૩) **શ્રી જયેશભાઈ શાહ,** શાલિભદ્ર સ્ટેશનર્સ
ફોન : ૨૫૬૨૧૪૯૭, ૨૫૬૨૧૭૪૮
મો. ૯૯૦૯૦ ૦૬૦૪૮

(૪) **શ્રી સદ્‌ગુરુપ્રાસાદ** -પુષ્પવીલા, મીઠાખળી.
ફોન : ૨૬૫૬૮૪૨૩
ભૂપતભાઈ : મો. ૯૯૨૪૬૩૫૨૬૧

### MUMBAI

(૧) **શ્રી કાંતિભાઈ કારાણી** (રૂપમ ડ્રાયફ્રૂટ્સ)
મોબાઈલ : ૯૦૦૪૦ ૪૪૪૦૫
ફોન : (૦૨૨)૨૮૮૨૯૨૪૯ / ૨૮૮૯૭૩૮૦

(૨) **શ્રી દીનાબેન નગીનભાઈ પંચમિયા**
વિનોદ ટી સેન્ટર, મો.૦-૯૨૨૨૦૭૭૬૩૯
ફોન : (૦૨૨) ૨૫૦૧૧૮૯૭
મો. ૦-૯૨૨૪૪૧૨૪૧૨

(૩) **શ્રી પુનિતભાઈ એસ. મહેતા**
C/o. મહેતા બ્રધર્સ એન્ડ કંપની
ફોન : (૦૨૨) ૨૨૬૭૪૯૪૦
મો. ૦-૯૮૨૦૪ ૦૦૨૬૭

(૪) **શ્રી નીતિનભાઈ પારેખ**
ફોન : (૦૨૨) ૨૪૦૭૬૨૦૦
મો. ૦-૯૮૨૦૩ ૨૯૨૭૭

**BANGLORE**

**શ્રી જયેશભાઈ જૈન** (સુજય એન્ટરપ્રાઈઝ)
ફોન : (૦૮૦) ૨૨૮૭૨૯૮૯,
મો. ૦-૯૩૪૧૦૪૧૮૪૭
૦-૯૯૪૫૮ ૨૨૮૫૬, ૦-૯૯૮૦૭ ૨૪૬૧૯

**CHENNAI**

**શ્રી નવનીતભાઈ પી. શાહ**
ફોન : (૦૪૪) ૨૮૩૪૦૭૩૦
મો. ૦-૯૮૪૦૯ ૮૫૦૯૮

**HIMATNAGAR**

**શ્રી જયંતીભાઈ કે. શાહ**
ફોન : (૦૨૭૭૨) ૨૩૪૬૪૮, મો. ૯૩૭૭૪ ૬૭૯૫૬

**KOLKATA**

**શ્રી અશ્વિનભાઈ ભાનુભાઈ દેસાઈ**
૩૫-૧, જવાહરલાલ નહેરુ રોડ,
કૈલાસ બિલ્ડીંગ, ફ્લેટ નં. ૧૧એ, કોલકાતા.
મો. ૦-૯૩૩૧૦ ૮૫૮૪૯/૪૭

**LAXMIPURA**

**શ્રી લાલજીભાઈ પટેલ** - ફોન : (૦૨૭૭૫) ૨૪૧૩૭૪
મો. ૯૯૨૪૭૪૨૨૭૫, ૭૬૯૮૨૮૪૭૪૫

**LIMBDI**

**શ્રી ડૉ. હેમંતભાઈ ડગલી**
ફોન : (૦૨૭૫૩) ૨૬૦૨૯૮૦
મો. ૯૩૭૬૬૫૫૭૦૧, ૯૩૭૬૬૫૫૫૦૨

**PUNE**

**શ્રી શૈલેષભાઈ પ્રતાપભાઈ મહેતા**
ફોન : (૦૨૦) ૨૪૪૫૪૪૬૪, ૦-૯૭૬૩૭૨૮૨૮૯

**RAJKOT**

**શ્રી નરેન્દ્રભાઈ વી. શાહ**
૬૩, અમૃતપાર્ક, ગલી નં. ૪, 'અમીદૃષ્ટિ'
પંચવટી મેઈન રોડ, અતિથિ એપાર્ટમેન્ટ પાછળ,
રાજકોટ. ફોન : (૦૨૮૧) ૨૪૫૦૧૯૦
મો. ૯૪૨૭૨ ૫૪૫૫૯,૯૯૨૫૪ ૦૯૨૧૦

**RAKHIYAL**

**શ્રી રામજીભાઈ પટેલ** (લોકનાદ શિક્ષણ સંકુલ)
ફોન : (૦૨૭૧૬) ૨૬૭૬૩૩, ૯૮૨૫૪૮૪૭૯૫

**SURENDRANAGAR**

**શ્રી અપૂર્વભાઈ સુરેશભાઈ શેઠ**
વર્ધમાન મૂળજી એન્ડ સન્સ
ફોન : (૦૨૭૫૨) ૨૩૨૩૦૬, ૨૮૫૧૭૮
મો. ૯૮૨૫૩ ૫૫૯૨૧,૯૪૨૬૭ ૫૫૧૬૬

**VADODARA**

**શ્રીમતી શિલ્પાબેન પુલકિતભાઈ મહેતા**
C/o. ભારત ઉદ્યોગ હાટ
ફોન : (૦૨૬૫) ૨૫૫૯૫૩૬,
(ઘર) ૨૪૮૧૭૩૮, મો. ૯૩૭૬૨ ૧૬૨૬૬

## OVERSEAS

**U. K. (0044)**

1. Mrs. Shrutiben Malde - Ph. 208-668-3057
2. Mr. Vinaybhai K. Shah
   Ph. 208-951-5424, 740-711-9456
3. Mr. Harshadbhai Sanghrajka
   Ph. 208-954-9632, 192-324-9898
   M. 0044-796-972-2109

**U.S.A. (001)**

4. Mr. Prafulbhai Lakhani
   Ph. 631-423-9647, (O) 516-679-1200
   M. 516-901-9368
5. Mr. Mahedrabhai Khandhar
   Ph. 714-894-2930, 714-376-5112
6. Mr. Birenbhai Pravinbhai Mehta
   Ph. 714-389-3672

**KENYA**

7. Mr. Manubhai S. Shah, Ph. 254-2375-1679

**CANADA (Toronto)**

8. Mr. Jyotindrabhai Soneji, Ph. 905-669-5318

# સમાજ-સંસ્થા દર્શન

## પ્રતિમાજીના સ્થાપના મહોત્સવની તારીખમાં ફેરફાર

ગુરુપૂર્ણિમા શિબિર અંતર્ગત સંસ્થાના જિનમંદિર તથા સ્વાધ્યાયહૉલમાં રાખવામાં આવેલ પ્રતિમાજીનો સ્થાપના મહોત્સવ તા. ૨૦-૭-૨૦૧૬ને બદલે તા. ૧૯-૭-૨૦૧૬ના રોજ યોજાશે, જેની નોંધ લેવા વિનંતી.

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૩૦-૮-૧૬ થી ૬-૯-૧૬ | શ્રાવણ વદ તેરસથી ભાદરવા સુદ પાંચમ | મંગળવારથી મંગળવાર | શ્રી પર્યુષણ મહાપર્વ |
| ૬-૯-૧૬ થી ૧૫-૯-૧૬ | ભાદરવા સુદ પાંચમથી ભાદરવા સુદ ચૌદસ | મંગળવારથી ગુરુવાર | શ્રી દશલક્ષણ પર્વ |
| ૧૭-૧૦-૧૬ | આસો વદ એકમ | સોમવાર | શ્રી આત્મસિદ્ધિ રચના દિન તથા પૂ. લઘુરાજસ્વામીની જન્મતિથિ |
| ૨૮-૧૦-૧૬ થી ૩૧-૧૦-૧૬ | આસો વદ તેરસથી કાર્તિક સુદ એકમ | શુક્રવારથી સોમવાર | દીપાવલી આરાધના શિબિર |
| ૫-૧૧-૧૬ | કાર્તિક સુદ પાંચમ | શનિવાર | શ્રી જ્ઞાનપંચમી |
| ૧૪-૧૧-૧૬ | કાર્તિક સુદ પૂનમ | સોમવાર | પરમકૃપાળુદેવની જન્મજયંતિ |
| ૧-૧૨-૧૬ થી ૩-૧૨-૧૬ | | ગુરુવારથી શનિવાર | આધ્યાત્મિક શિબિર |
| ૨૪-૧૨-૧૬ થી ૨૬-૧૨-૧૬ | | શનિવારથી સોમવાર | યુવાશિબિર |

## સંસ્થામાં શ્રી પર્યુષણ મહાપર્વની આરાધનાનું આયોજન

સંસ્થામાં તા. ૩૦-૮-૨૦૧૬ થી તા. ૬-૯-૨૦૧૬ દરમિયાન પૂજ્યશ્રી આત્માનંદજીના પાવન સાન્નિધ્યમાં શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના થશે. પર્વ દરમિયાન આદ.બા.બ્ર. પંડિતશ્રી સુમતપ્રકાશજીની સ્વાધ્યાયશ્રેણીનો લાભ મળશે. આ ઉપરાંત પૂજ્યશ્રી આત્માનંદજી, બા.બ્ર. સુરેશજીના સ્વાધ્યાય, ભક્તિસંગીત, પૂજા-વિધાન, સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. આત્મકલ્યાણ અર્થે આરાધનામાં સહભાગી થવા સૌને નિમંત્રણ છે.

## સંસ્થામાં 'મુન્યાચાર' (મુનિઓનું ચારિત્ર) વિષયક લેખિત કસોટીનું આયોજન

મુમુક્ષુ ભાઈ-બહેનોને જ્ઞાનાભ્યાસ થાય તે હેતુથી સંસ્થામાં તા. ૨૯-૮-૨૦૧૬ના બપોરે ૩-૧૫ થી ૫-૧૫ દરમિયાન ઉપરોક્ત વિષય આધારિત લેખિત કસોટીનું આયોજન કરવામાં આવ્યું છે. કસોટીનો

અભ્યાસક્રમ સંસ્થાની વેબસાઈટ પર મૂકવામાં આવ્યો છે અથવા બા.બ્ર. શ્રી સુરેશજીનો સંપર્ક કરવા વિનંતી. બા.બ્ર.આદ.શ્રી સુરેશજીએ ખૂબ પ્રેમપરિશ્રમ લઈને ઉપયોગી અભ્યાસક્રમ બનાવ્યો છે. લેખિત કસોટીમાં ભાગ લઈ જ્ઞાનાર્જનનો લાભ લેવા સૌને નમ્ર નિવેદન છે.

## સંસ્થા સંચાલિત ગુરુકુળમાં ત્રિદિવસીય 'વિદ્યાર્થી યોગ શિબિર' સંપન્ન

જનતા જનાર્દનને યોગાસન અને પ્રાણાયામનું મહત્ત્વ સમજાય અને તેઓ નીરોગી જીવન જીવી શકે તે અર્થે આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સ્તુત્ય પ્રયાસોથી ૨૧મી જૂનને 'યોગ દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળના વિદ્યાર્થીઓ માટે તા. ૨૪-૬-૨૦૧૬ થી તા. ૨૬-૬-૨૦૧૬ દરમિયાન ત્રિદિવસીય યોગશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરાથી યોગાચાર્ય શ્રી વસંતભાઈ બ્રહ્મભટ્ટે શિબિર દરમિયાન વિદ્યાર્થીઓને યાદશક્તિ વધારવા માટેના યોગિક પ્રયોગો કરાવ્યા હતા. આ ઉપરાંત તેઓશ્રીએ પ્રાણાયામ, હળવી કસરતો, સૂર્યનમસ્કાર તથા વિદ્યાર્થીઓનું ઘડતર કરે તેવી સંસ્કારપ્રેરક વાતો દ્વારા બાળકોમાં સુસંસ્કારોનું સિંચન કર્યું હતું. યોગાચાર્યશ્રી વસંતભાઈને સંસ્થા તરફથી સાભાર ધન્યવાદ.

## સંસ્થાના જિનમંદિરમાં નૂતન ધ્વજારોહણનો કાર્યક્રમ સાનંદ સંપન્ન

અષાઢ સુદ બીજના શુભ દિને સંસ્થાના જિનમંદિરમાં નૂતન ધ્વજારોહણનો મંગલ પ્રસંગ સંપન્ન થયો. સવારે જિનાભિષેક, શાંતિધારા, પૂજા, શાંતિપાઠ અને આરતી બાદ ભક્તિભાવપૂર્વક જિનમંદિરમાં ધ્વજારોહણ કરવામાં આવ્યું. આદ.શ્રી શાંતિલાલ સી. મહેતા પરિવાર (મુંબઈ), આદ.શ્રી પ્રકાશભાઈ હેમેન્દ્રભાઈ શાહ પરિવાર (અમદાવાદ) તથા આદ.શ્રી ચંદ્રકાન્તભાઈ ગુલાબચંદ શાહે ધ્વજારોહણનો કાયમી લાભ લીધેલો છે. આદ.શ્રી સમીરભાઈ શાંતિલાલ મહેતા તથા આદ.શ્રી પ્રકાશભાઈ હેમેન્દ્રભાઈ શાહ પરિવારે ધ્વજારોહણ કર્યું હતું. આદ.શ્રી સુધીરભાઈ મહેતા (રાજકોટ) એ વચનામૃતજી 'ઉપદેશછાયા-૪'ના આધારે મનનીય સ્વાધ્યાય આપ્યો હતો. આદ. શ્રી શાંતિલાલ સી. મહેતા પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું અને સંસ્થાને રૂા. ૨૫,૦૦૦/-નું દાન અર્પણ કરવામાં આવ્યું.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

● **મેડિકલ સેન્ટર :** (આંખના મોતીયાના ઑપરેશન માટે)

| | | |
|---|---|---|
| (૧) | આદ. શ્રી દિનેશભાઈ એસ. બાવીસી, રાજકોટ | રૂ. ૧,૪૦,૦૦૦/- |
| (૨) | શ્રી ઓમ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, જામનગર<br>હસ્તે : આદ. શ્રી પારસભાઈ પી. મોદી | રૂ. ૧,૪૦,૦૦૦/- |

● **ગુરુકુળ :**

| | | |
|---|---|---|
| (૧) | Madhavi and Azim Saifee, N. J. (USA) | ૫૦૦ ડોલર |
| (૨) | Kevin R. Jones, Amy I. Scheinberg Jones, N. J. (USA) | ૧૮૦ ડોલર |

(૩) Ann B Heusner Van Baalen, N. J. (USA) ૧૮૦ ડોલર

● **પુસ્તક પ્રકાશન :**

(૧) આદ.શ્રી પારૂલબેન શરદભાઈ જશવાણી, મલાડ (વે.), મુંબઈ રૂ. ૧૦,૦૦૦/-

## નિઃસ્વાર્થ સેવાઓની અનુમોદના

આપણી સંસ્થા સંચાલિત ગુરુકુળના વિદ્યાર્થીઓને ન્યૂજર્સી, યુ.એસ.એ.થી પધારેલ નીચેની વિદ્યાર્થિનીઓએ નિઃસ્વાર્થભાવે સાત દિવસ સુધી કમ્પ્યૂટર શીખવવાની સેવાઓ આપેલ છે :

(૧) શૈલા સૈફી, (૨) ક્લેર જોન્સ, (૩) કેઈટીલીન વાન બેલન, (૪) મેડી ઓલીવર

ઉપરોક્ત વિદ્યાર્થિનીઓ ધો. ૧૧ તથા ધો. ૧૨માં અભ્યાસ કરે છે. આ વિદ્યાર્થિનીઓએ સાત દિવસ સુધી દરરોજ ગુરુકુળના વિદ્યાર્થીઓને કમ્પ્યૂટર શીખવ્યા હતા. આ ઉપરાંત તેઓએ કોબા હાઈસ્કૂલમાં પણ બપોરે બે કલાક વિદ્યાર્થીઓને કમ્પ્યૂટરનો અભ્યાસ કરાવ્યો હતો. ભાષાના પ્રશ્ન હોવા છતાં પણ તેઓ વિદ્યાર્થીઓ સાથે હળીમળી ગયા હતા. તેઓના મિલનસાર, વિવેકી અને પ્રેમાળ સ્વભાવની વિદ્યાર્થીઓ પર સારી અસર થઈ હતી. તેઓ વિદ્યાર્થીઓ માટે વિવિધ ભેટ લાવ્યા હતા. તેઓએ ગુરુકુળને ૮૬૦ ડોલરનો ચેક અર્પણ કર્યો હતો.

નિઃસ્વાર્થભાવે ગુરુકુળના બાળકોને સેવાઓ આપવા બદલ ઉપરોક્ત વિદ્યાર્થિનીઓ તથા તેઓના માતાપિતાને સંસ્થા તરફથી સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ.

## વ્યાખ્યાન, ચિંતન અને ગ્રંથપ્રકાશનથી આગવું બનેલું અમરેલી જૈનસાહિત્ય જ્ઞાનસત્ર

જૈન સાહિત્ય જ્ઞાનસત્રનું આયોજન કરીને વિદ્વાન વક્તાઓના વક્તવ્યો, વર્તમાન વિષય પરના ગ્રંથો અને નવી નવી પ્રતિભાઓના પ્રાગટ્ય માટે સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન સેન્ટરના નેજા હેઠળ જ્ઞાનસત્રોનું આયોજન થાય છે. આ જ્ઞાનસત્રમાં જૈન-જૈનેતર વિદ્વાનોની ઉપસ્થિતિ હોય છે.

તાજેતરમાં અમરેલીની ખેતાણી જૈન બોર્ડિંગ સંચાલિત એસ.એસ. અજમેરા વિદ્યાવિહારમાં યોજાયેલા જ્ઞાનસત્રથી વિદ્યાનું એક નવું જ વાતાવરણ સર્જાયું હતું.

સંસ્થાના ટ્રસ્ટી શ્રી રાજુભાઈ કામદારે સ્વાગત પ્રવચન કર્યું. સંયોજક અને સેન્ટરના ટ્રસ્ટી શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ જ્ઞાનસત્રની પૂર્વભૂમિકા વિષય-પરિચય સાથે રજૂ કરી હતી.

પ્રમુખસ્થાનેથી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ 'આદર્શ કેળવણીનું ઉપનિષદ' વિષય અંતર્ગત શિક્ષણનાં વિવિધ પાસાંની વિશદ છણાવટ કરી હતી. આદ. શ્રી ગુણવંત બરવાળિયા સંપાદિત જ્ઞાનસત્રના ગ્રંથનું વિમોચન શ્રી ચંદ્રકાન્ત દફતરીએ કર્યું હતું. વિદ્વાનોએ શિક્ષક, શિક્ષણ અને કેળવણી વિશે તથા જૈનદર્શન કેળવણી વિચાર વિષયક શોધપત્રો રજૂ કર્યાં હતાં.

પ્રત્યેક જ્ઞાનસત્રમાં જે વિષયોની ચર્ચા યોજાઈ હોય છે તે વિશેનું એક પુસ્તક આગોતરું પ્રકાશિત થાય છે તે એની આગવી વિશેષતા છે. આ વખતે યોજાયેલા કેળવણી વિષયક પરિસંવાદને અનુલક્ષીને 'આદર્શ કેળવણીનું ઉપનિષદ' એ પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું. આ ઉપરાંત 'જૈનદર્શન અને ગાંધીવિચારધારા', 'ઉપસર્ગ અને પરિષહ પ્રધાન જૈન કથાનકો' તેમજ શ્રી જગજીવનજી મહારાજ અને પરમ દાર્શનિક જયંતમુનિજી મહારાજ વિષયક 'શ્રુતસેવાદર્શન' ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું.

## શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, અમદાવાદની ૧૯મી સાલગિરિની ઉજવણી

ઉપરોક્ત સંસ્થાની ૧૯મી સાલગિરિ નિમિત્તે તા. ૧૭-૬-૨૦૧૬ના શુભ દિને પ્રક્ષાલપૂજા, સ્નાત્ર પૂજા, ધ્વજારોહણ, શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની પૂજા, સ્વાધ્યાય વગેરે કાર્યક્રમો સંપન્ન થયા. આ પ્રસંગે પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ઠાબેને વચનામૃત પત્રાંક - ૧૦૫ 'મહાવીરના બોધને કોણ પાત્ર'ના આધારે મનનીય સ્વાધ્યાય આપ્યો હતો. આપણી સંસ્થામાંથી કેટલાંક મુમુક્ષુઓ ઉપરોક્ત કાર્યક્રમોમાં સહભાગી થયા હતા.

## વૈરાગ્ય સમાચાર



(૧) **અમદાવાદ :** આપણા આશ્રમના ઉત્તમ મુમુક્ષુ શ્રી મહેન્દ્રભાઈ ખંધારના મોટાભાઈ તથા સંજયભાઈ ખંધારના પિતાજી **શ્રી વસંતલાલ કાંતિલાલ ખંધાર** (ઉ.વ. ૮૧)નો અમદાવાદ તા. ૭-૬-૨૦૧૬ના રોજ શાંતિપૂર્વક નવકાર અને પ્રભુ-ગુરુના સ્મરણપૂર્વક દેહવિલય થયેલ છે.

મૂળ લીંબડીના વતની શ્રી વસંતભાઈ ખંધાર નાયબ એક્ઝિક્યુટિવ એન્જિનીયર તરીકે નિવૃત્ત થયા અને છેલ્લા ૨૩ વર્ષ અધ્યાત્મ સાધના કરી. પિતાશ્રીના દેહવિલય પછી જયેષ્ઠ પુત્રના નાતે તેમણે કુટુંબના મોભી તરીકે ૪૦ વર્ષ સુધી ધુરા સંભાળેલ. તેમનો સ્વભાવ સરળ, આનંદી અને વિધેયાત્મક હતો. કલાપીનું ''માણ્યું તેનું સ્મરણ કરવું એ ય છે એક લહાણું'' પ્રમાણે જીવનના પ્રસંગોને આનંદથી વાગોળતા. તેઓ દરેકની સાથે વાત્સલ્ય અને સૌમ્યતાથી વાત કરતા, તેથી સહુનો પ્રેમ અને આદર પામેલ. તેઓ દર વર્ષે અમદાવાદ - લીંબડીમાં પાંજરાપોળ, અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ, વિદ્યાર્થીઓ, સાધર્મિકો તેમજ ગરીબોને મદદ કરતા.

વસંતભાઈને પૂ. શ્રી આત્માનંદજી પ્રત્યે અત્યંત અહોભાવ હતો. વસંતભાઈ અને કોકિલાબેન કોબાની દરેક શિબિરો તથા પર્યુષણનો લાભ લેતા. તેઓ ભૂતકાળમાં આપણા આશ્રમની કમિટિમાં હતા. 'અર્વાચીન જૈન જ્યોતિર્ધરો'ના મુંબઈમાં વિમોચન વખતે તેઓ પૂ. સાહેબજીની સેવામાં અને સાથે જ હતા. વસંતભાઈ તથા કોકિલાબેન નિયમિત રીતે કોબામાં પૂ. સાહેબજીના, પાલડી જ્ઞાનમંદિરમાં પૂ. ગોકુળભાઈના, પૂ. કાનજીસ્વામીના (CD) તથા પૂ. સુનંદાબેનના ઘરે તેમના સ્વાધ્યાયનો લાભ લેતા. નવરંગપુરા દિગંબર મંદિરમાં તેઓ દરરોજ દર્શન-પૂજા-સ્વાધ્યાય માટે જતા. વસંતભાઈ 'દિવ્યધ્વનિ'માં લેખો લખતા. તેઓ દરરોજ સામાયિક, દેવવંદન, આત્મસિદ્ધિ પારાયણ કરતા.

પૂ. સાહેબજીનું સૂત્ર 'ચાલશે, ફાવશે, ભાવશે, ગમશે' વસંતભાઈએ જીવનમાં સારી રીતે વણી લીધું હતું. તેથી તેમના જીવનમાં કોઈ ફરિયાદ વિના શાંતિ-સંતોષ હતા. તેમની પ્રાર્થનાસભામાં પૂ. ગોકુળભાઈ, આદ. પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ, પૂ. બહેનશ્રી ડૉ. શર્મિષ્ઠાબેન, શ્રી કિશોરભાઈ ખંધાર, શ્રી મોનાબેન ખંધાર (IAS) અને અન્ય લોકોએ તેમનો ગુણાનુવાદ કર્યો હતો. તેઓ આદર્શ જીવન જીવ્યા અને અંત સમયે કોઈ વેદના વિના સમતાપૂર્વક ગણતરીના કલાકોમાં જ દેહત્યાગ કર્યો. તેમનું લાંબુ - સંતોષી જીવન અને શાંત અંત જોતાં, તેમનું મૃત્યુ મહોત્સવ સમાન હતું. આવા હળુકર્મી જીવો પરભવમાં શાંતિ-સદ્ગતિમાં હોય. કોબા પરિવારની પ્રાર્થના છે કે તેઓ શીઘ્ર શાશ્વત પદને પામે. વસંતભાઈના નિધનથી કોબા આશ્રમ, અમદાવાદ-લીંબડીના જૈન સમાજ અને ખંધાર પરિવારને મોટી ખોટ પડેલ છે.

## સંસ્થાના જિનમંદિરમાં નૂતન ધ્વજારોહણ વેળાની તસવીરો
(તા. ૬-૭-૨૦૧૬)










## સંસ્થા સંચાલિત ગુરુકુળમાં ત્રિદિવસીય 'વિદ્યાર્થી યોગશિબિર' વેળાએ (તા. ૨૪ થી ૨૬ જૂન)





## સંસ્થામાં ન્યૂજર્સી, USAથી પધારેલ વિદ્યાર્થિનીઓ દ્વારા થયેલ નિઃસ્વાર્થ સેવાઓની તસવીરો







**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal**
**Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017**
**Publication Date 15th of every month**

# શ્રી ગુરુપૂર્ણિમા

ગુરુપૂર્ણિમા એટલે ગુરુપૂજનનો દિવસ. ગુરુએ આપણા પર કરેલા ઉપકારોને યાદ કરીને તેનું સ્મરણ કરવાનું મંગળ પર્વ. ગુરુપૂજન એટલે સત્યનું, જ્ઞાનનું અને આચરણનું પૂજન.

જેમની પાસે બેસતાં દેહ ભુલાઈ જાય, જેમના નેત્રોમાં મોક્ષના દર્શન થાય, જ્યાં વંદન કરવાનો આપમેળે જ ઉલ્લાસ જાગે અને જેમના ચરણ પ્રાપ્ત કરતાં જાણે શેત્રુંજય, ગિરનાર વગેરે સર્વ તીર્થની પ્રાપ્તિ થતી હોય તેવું લાગે ત્યારે અંતરથી એમ બોલાઈ જાય કે આ જ મારા ગુરુ...

જ્યાં અંતર આનંદ અનુભવે, હૈયું ઠરવા લાગે, મન શાંત પડે, મૂંઝવણનું વગર માંગે સમાધાન થાય, કહ્યા વગર બધું જ સમજાઈ જાય, જેમના શબ્દો કાન નહિ, પણ હૈયું સાંભળે, જેમની આજ્ઞા પાળતાં અંતરઅનુભૂતિ થાય. આવા ગુરુને ધારવા ના પડે. બસ, આપણા આત્મામાંથી એક જ શબ્દ નીકળે – આ જ મારા ગુરુ...

હે ગુરુદેવ ! આપની પરમ કરુણા, આંખોમાં કરુણા, વાણીમાં કરુણા, વ્યવહારમાં કરુણા ! આપશ્રીએ અમારું બધેથી ધ્યાન ખસેડીને અમારા પોતાના ઘરમાં લઈ ગયા એટલે કે અમને અમારા આત્મામાં મૂકી દીધાં ! આપની મુખ પરની પવિત્રતા, આપની આંખોમાં રહેલી પ્રસન્નતા, આપના શબ્દોમાં રહેલી સૌમ્યતા, આપના ભાવોમાં રહેલી નિખાલસતા ! આપશ્રી તો પ્રેમના સાગર છો.

આપના કલ્યાણમય ઉપદેશથી નિજપદની પ્રાપ્તિ કરાવનાર હે ગુરુદેવ ! પ્રેમથી આપનું પૂજન કરું, ભક્તિથી આરતી કરું, સેવાથી નૈવેદ્ય કરું, સમર્પણના સાથિયા કરું તો પણ હું આપના ઋણથી ક્યારેય મુક્ત ના થઈ શકું !

## આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' જુલાઈ - ૨૦૧૬ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૧ સ્વ. શ્રી પ્રભુલાલ મુલજી શાહના આત્મશ્રેયાર્થે**

હસ્તે : આદ. શ્રીમતી જયાબેન પ્રભુલાલ શાહ પરિવાર, લંડન (યુ.કે.)

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

'દિવ્યધ્વનિ' જુલાઈ - ૨૦૧૬ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૨ આદ. શ્રી ઊર્મિલાબેન સુરેન્દ્રરાય ધોળકિયા, (યુ.એસ.એ.)**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007, Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah